‘પરમ તત્વ’ની ખોજમાં વૈચારિક યાત્રા

હું વિચારું છું, માટે મારું અસ્તિત્વ છે.

COGITO ERGO SUM

I think, therefore I am - Rene Descartes



MENTAL PILGRIMAGE IN QUEST OF 'REALITY'

– ડો. જયેન્દ્ર સોની

‘પરમ તત્ત્વ’ની ખોજમાં વૈચારિક યાત્રા

હું વિચારું છું, માટે મારું અસ્તિત્વ છે.

COGITO ERGO SUM

I think, therefore I am - Rene Descartes



MENTAL PILGRIMAGE IN QUEST OF 'REALITY'

આલેખક

ડો. જયેન્દ્ર સોની

એમ.એ., એડ.ડીપ્લોમા–વલ્લભ વેદાંત, એમ.એ. (ફીલોસોફી) પીએચ.ડી.

પ્રકાશક

શ્રીવલ્લભ પ્રકાશન

વલ્લભાશ્રય, ૧૦ બાલાસિનોર સોસાયટી, ફાયર સ્ટેશન સામે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૬૭. ફોન : ૦૨૨–૨૮૦૧૪૫૧૮, મો. ૯૧–૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com, Website : www.pushtichetna.com

COGITO ERGO SUM ★ Rene Descartes

I Think, therefore I am ★ હું વિચારું છું, માટે મારું અસ્તિત્વ છે.

‘પરમ તત્ત્વ’ની ખોજમાં વૈચારિક યાત્રા * Mantle pilgrimage in quest of REALITY

આલેખક : **ડૉ. જયેન્દ્ર સોની**
(એમ.એ., એડ. ડીપ્લોમા-વ.વેદાંત, પીએચ.ડી.) મો. : +૯૧-૯૮૬૯૨૬૪૬૬૮

પ્રકાશક : **શ્રીવલ્લભ પ્રકાશન**
(શ્રીમતિ કલાવતી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુંબઈ)

પ્રકાશન સહયોગ : ૭૦/-

પ્રાપ્તિસ્થાન : **‘વલ્લભાશ્રય’**
૧૦, બાલાસિનોર સોસાયટી, ફાયર સ્ટેશન સામે,
એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૦૧૪૫૧૮, મો. : +૯૧-૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com

મુદ્રક : **ખુશી મલ્ટી પ્રિન્ટ્સ,**
એ/૬૦૮, જોયોસ હબટાઉન, એસ.ટી. બસ ટર્મિનલ પાસે,
ગીતા મંદિર ચાર રસ્તા, અમદાવાદ. મો. : ૦૯૨૨૭૫૦૪૫૫૫

પ્રાક-કથન

ઔપનિષદિક પ્રમાણો તથા વાલ્લભવિચારધારાના આધારે સરલ ભાષામાં આલેખિત વૈચારિક-યાત્રા દ્વારા ‘પરમ તત્ત્વ’ને જાણવાનો અનોખો પ્રયાસ.

અંગ્રેજી ભાષાથી વિશેષ પરિચિત વર્તમાનની યુવાપેઢીને અનુલક્ષીને ગુજરાતી-અંગ્રેજી દ્વિભાષામાં આલેખાયેલ છે.

* * *

An unique attempt to comprehand the REALITY through a mental pilgrimage, based on upanishads and school of thought of shri Vallabhacharyaji.

Aiming at the young generation more conversant with english language, if is written in dual language-Gujarati and English.

- Dr. JAYENDRA SONI

INTRODUCTION

Friends, This is a mental spiritual journey in the quest to know and comprehend REALITY, The ABSOLUTE, vis-a-vis my own BEING and the UNIVERSE around me.

'Rene Descartes', a french philosopher in sixteenth century gave a new vision to appreciate THE REALITY by the 'Method of 'Thinking', adopting mental operation by way of Intuition, means conception without doubt AND deduction, i.e. inference from other facts. He said in french - "COGITO ERGO SUM", meaning - "I THINK, THEREFORE I AM".

Herein, to reach to the destination of my inquisitive mind, I too, utilized my rational faculty gifted to me by ALMIGHTY, The Creator,

The process worked, where both the Scriptures and Great Guru Achary SHRI VALLABH guided my path of Spiritual Journey leading eventually to the ultimate goal of realizing KRUSHNA, The REALITY in true sense of the word.

I am sure, those who will accompany me in my pilgrimage, spread over 84 days, as if traverseing through 84 lacs 'yonis', shall enjoy it and shall comprehend the beautiful philosophical explanation given by unparraral Guru ShriVallabhacharyaji at every step of my doubts.

JAYSHRIKRUSHNA.

- Dr. JAYENDRA SONI

ભૂમિકા

મિત્રો, મનુષ્યને મુંઝવતાં દાર્શનિક પ્રશ્નો – ‘પરમતત્ત્વ’ અને તેના સંદર્ભમાં પોતાના તથા તેની ચોપાસ અસ્તિત્વ ધરાવતાં વિશ્વના સ્વરૂપ અને તેના સાતત્યને જાણવા, સમજવા તથા આત્મસાત્ કરવા માટેની આ મારી વૈચારિક–આધ્યાત્મિક યાત્રા છે.

સોલમી શતાબ્દિમાં ફ્રેંચ તત્ત્વવેત્તા ‘રેને ડકાર્ટે’ ‘પરમ સત્ય’ (Ultimate Reality)ની શોધમાં તથ્યો પરથી અનુમાનના આધારે, શંકારહિત વૈચારિક તારણ કરી આંતરસ્ફૂરણાથી સત્ય સમજવાનો વિશિષ્ટ દૃષ્ટિકોણ પ્રસ્તુત કર્યો હતો અને તેણે સૂત્ર આપેલું – ‘COGITO ERGO SUM’ (I think, therefore I am) ‘હું વિચારું છું, માટે મારું અસ્તિત્વ છે.’

સર્જનહાર દ્વારા મનુષ્યને પ્રાપ્ત થયેલ વિચારશક્તિના આધારે મેં મારી ‘પરમ સત્ય’ની ખોજમાં વૈચારિક યાત્રા પ્રસ્તુત કરી છે.

શાસ્ત્રો તેમજ અદ્વિતિય ગુરુ શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથોના માર્ગદર્શનથી મનમાં ઉઠતા સવાલોના ખુલાસા પ્રાપ્ત કરી, અંતમાં ‘પરમતત્ત્વ’ને ‘કૃષ્ણ’ રૂપે જાણવા અને તેને પામવાના ઉપાય સમજવામાં સહાયતા મળી છે.

મને આશા છે કે જેઓ ૮૪ લાખ યોનિવત્ ૮૪ પાના પર આલેખાયેલી આ વૈચારિક યાત્રામાં સહપ્રવાસી બનશે, તેઓ પરમ વંદનિય શ્રી વલ્લભાચાર્યજીના દૃષ્ટિકોમથી આ યાત્રાને માણી શકશે.

(ડૉ.જયેન્દ્ર સોની)

જય શ્રી કૃષ્ણ

(1)

It is said - **"Man is a rational animal".** He has faculty to think. This is a previlage given to human beings by the Creator. It has contributed to, not only the development of philosophical thoughts and scientific advancement, but an awareness of his existence and of the the universe around him. Being conscious of their sufferings and miseries, and the bondage that he has, formulated social order and religion both, for the sublimation of his life.

This makes man different from the 'other' animals, and hence it is said - "**Ahar nindra bhay maithunam ch, saamanyametad pashubirnaraanam ; dharmohi tesham adhiko vishesho, dharmena hinaa pashubhihi samaana**" meaning, man is identical to animal in respect of food, sleep, fear and sex. It is 'dharm' (Rational faculty) which differentiate him from animal.

It is mental faculty, which makes emancipation possible for man.

(૧)

કહેવાય છે **‘માનવ એક વિચારશીલ પ્રાણી છે.’** ઈશ્વરે પોતાનું **‘શ્રેય’** શેમાં છે, તે વિચારવાની શક્તિ પ્રાદન કરી છે. તેથી તે અન્ય યોનિઓમાં શ્રેષ્ઠ યોની છે. તેની આ વિશેષતાના કારણે, મનુષ્યે માત્ર દાર્શનિક ચિંતન કે વૈજ્ઞાનિક વિકાસ જ નથી કર્યો, પરંતુ પોતાના અસ્તિત્વનું વજુદ તેમજ પોતાની આસપાસના વિશાળ વિશ્વ વિશેનું રહસ્ય જાણવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ કરી છે.

પોતાની તકલીફો અને વિપદાઓથી સભાન હોવાના કારણે મનુષ્યે પોતાના બંધનોમાંથી મુક્ત થવા અને જીવનને ખુશહાલ બનાવવા માટે સામાજિક સુવ્યવસ્થા અને ધાર્મિક પ્રક્રિયાઓ પણ ઘડી કાઢી છે, જે તેને અંતિમ મુક્તિ અપાવી શકે.

શાસ્ત્ર કહે છે – **‘આહાર નિંદ્રા ભય મૈથુનમ્, સામાન્યમેતદ્ પશુભિનરાણામ્, ધર્માદિ તેષામ્ અધિકો વિશેષો, ધર્મેણ હિને પશુભિ સમાના.’** અર્થાત્ માત્ર ધર્મ (વિવેક) મનુષ્યને પશુયોનિથી ભિન્ન બનાવે છે.

‘વિચારશીલતા’ જ મનુષ્યને મોક્ષને રસ્તે લઈ જઈ શકે છે !

(2)

Being rational 'animal', it made me to think as to what is my origin ?, what made me to exist ? How all these around me called world came into being ! Of course I have heard / read many theories. But, what is the 'Truth'? How should I know that?. Everybody claims to be 'The Real' ! How can that be, when each one has different perception ! It is quite puzzling ! I keep on thinking.

My memory came to my rescue. I recollected my school days when I had studied geometry. I remembered, there was an aspect called **'Svayam siddh vidhaan',** meaning **'Self proved statement'.** Such statements are not to be proved, or questioned ! They, rather form the very basis for other theories. I exclaimed UREKA ! ! But how to find such statements ?

(૨)

વિચારશીલ પ્રાણી હોવાના કારણે હું ઘણીવાર વિચારે ચઢી જાઉં છું. મારા અસ્તિત્વનું વજૂદ શું છે ?, હકિકતમાં હું છું કોણ ? મારી ચોતરફ આ સમગ્ર પદાર્થો, ભૂમિ, આકાશ, સૂર્ય–ચંદ્ર, આખું વિશ્વ અસ્તિત્વમાં કેવી રીતે આવ્યું ? કોણે બનાવ્યું ? શા માટે બનાવ્યું ? જો કોઈ બનાવનાર હોય તો કોણ હશે ? ક્યાં હશે ? હું વિચારતો રહું છું !

હા, તેના વિશે મેં ઘણી વાતો સાંભળી છે, વાંચી છે. સૌ પોતપોતાની કહાની કહેતા હોય છે. પ્રત્યેકની વિચારધારા જુદી જુદી, પરંતુ બધા પોતાનો જ કક્કો ખરો કહેતા હોય છે. કોઈ કહે ઈશ્વરે બનાવ્યું તો બીજા કહે ખુદાએ નિર્માણ કર્યું છે. ત્રીજાની વાત તો વળી તેથી એ વિચિત્ર ! વિશ્વ પોતાની મેળે પ્રકટ થઈ ગયું. એક તો સમજાવે કે આવું જગત–બગત છે જ નહીં. માત્ર આપણો ભ્રમ છે. કહે – ‘જાદુગર કેમ ઈન્દ્રજાળ ઉભી કરે છે ?’ અરે, પણ તે ‘જાદુગર કોણ ? હું મુઝાઉ છું.’

કેવી રીતે નક્કી કરવું કે આમાં સાચું શું ?

મને યાદ આવ્યું કે ભૂમિતિમાં **‘સ્વયં–સિદ્ધ વિધાન’** હોય છે. તેને આધાર રૂપ સ્વીકારી ગણિતના ‘પ્રમેયો’ સિદ્ધ કરવામાં આવે છે. મનમાં આનંદ યુક્ત ઝબકારો થયો, પરંતુ તેવા પ્રમાણિત વિધાન કેવી રીતે શોધવા !

(3)

Yes, it clicked to me that there exists a KEY, but where does it lay?, Not yet known. It struck to me that let me find out an **'Aapt jan'** who speak nothing but Truth. I screened some books of different religions. There were statements of the persons of highest integrity. Yet, I found that they were evolved with some pre-conceived purpose. There were some specific ends at the back of their mind. It made me to inquire, if their thoughts be taken as **'Aapt vakyas'** ! An impartial Truth ! . I could'nt decide. And my search went on.

Suddenly, while turning the pages of **'Upanishads',** which is an integral part of 'VEDAs',our ancient scriptures, a valuable treasure of knowledge, my eyes caught a quote : **"EKAMEVAADVITIUM"**. I pondered over it again and again !

(૩)

મેં વાંચેલું કે પ્રમાણશાસ્ત્રમાં એક **'શબ્દ પ્રમાણ'** છે. જે વ્યક્તિના વચન પર સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકાય, જે સાચું જ કહે તેની પૂરી ખાત્રી હોય, તેને **'આપ્તજન'** કહે છે, અને તેના વચન **'આપ્તવાક્ય'** કહેવાય. એવા વચનોને 'શબ્દ પ્રમાણ' રૂપે સ્વીકારવામાં આવે છે. મેં કેટલાક મહાપુરુષોના ગ્રંથો તપાસ્યા, જેમના વ્યક્તિત્વ વિશે સંદેહ કરી ન શકાય. તેથી તેમના વચન વિશ્વનીય તો ગણાય, પરંતુ તે ગ્રંથો કોઈ ચોક્કસ ધ્યેયને અનુલક્ષીને લખાયા હોય તેમ લાગે. જાણે તેનો હેતુ એક ખાસ વિચારધારાને પ્રવર્તિત કરવાનો ન હોય !

મેં વિચાર્યું કે જે ગ્રંથોમાં એકબીજાથી વિરોધાભાસી વચનો પ્રાપ્ત થતાં હોય તો તેનાથી શું **'સનાતન/નિર્પેક્ષ સત્ય'** સાંપડી શકે ખરું ! મારી શોધ ચાલુ રહી.

'વેદ' પ્રાચીનતમ ગ્રંથ છે, તેમ વાંચેલું મને યાદ આવ્યું. મેં **'ઉપનિષદ'**, જે વેદનો જ અંતિમ વિભાગ છે, તેના પાના ફેરવવા માંડ્યા. ઉપનિષદો જ્ઞાનનો ભંડાર છે.વેદ કોઈ વ્યક્તિ વિશેષ લખેલા નથી. તેથી તે **'અપૌરુષેય'** એટલે કે ઈશ્વરની વાણી છે તેમ કહેવાય છે. અચાનક મારી નજર એક વાક્ય પર અટકી – **'એકમેવાદ્વિતિયમ્'**

હૃદયમાં જાણે પ્રકાશ થયો ! પણ કાંઈ સમજાયું નહીં. **'એકમ્ એવ અદ્વિતિયમ્.'** શું તાત્પર્ય હશે ? કોને માટે આ શબ્દો કહેવાયા હશે ? મન આ વાક્યને વાગોળતું રહ્યું !

(4)

Yes, **'Thinking'** has become my pursuit. I was still confused. Could this aupanishadic statement be taken as an **'Aapt vaaky'** !. If that is the TRUTH, can it be verified?, I asked myself. And suddenly, I recollected to have read that, yet another scripture "BHAGVAT" is believed to be **"Sarva sandeh vaarak"**, i.e., 'it clears all the doubts'.

My research continued. I started turning page by page of **'Bhagvat'**, since I wanted to screen it microscopically. As I was finishing last pages of its 2nd canto, suddenly my eyes caught- **'Bhagvan Uvaach'** - **"In the beginning, only 'Myself' existed, when there was neither 'Sat', nor 'Asat'. Afterwards, whatever remained, is 'Me'. On dissolution too, 'I' alone shall be".** And there was lustre in my eyes. I screamed second time "UREKA" !

(૪)

'એકમેવાદ્વિતિયમ્'ના તાત્પર્યને સમજવાની મારી વૈચારિક ગડમથલ શરૂ થઈ ગઈ. ઉપનિષદથી એટલું જાણી શક્યો કે તે કોઈ **'મૂલ તત્વ'** વિશે નિર્દેશ કરે છે, જેને તે **'બ્રહ્મ'** નામથી ઓળખાવે છે. શું 'બ્રહ્મ' **'પરમ સત્ય'** છે, જે એક અને અદ્વિતીય છે ? શું આ વચનને **'શબ્દ પ્રમાણ'** તરીકે સ્વીકારી શકાય ? મારા મને સવાલ કર્યો, તેના ખરાપણાની ચકાસણી કેમ કરવી ?

મને અચાનક યાદ આવ્યું કે બીજું પણ વિશ્વસ્વનિય શાસ્ત્ર છે – **'ભાગવત'**. તેને **'સર્વ સંદેહ વારક'** કહ્યું છે. બધી શંકાઓનું સમાધાન તેમાંથી મળી રહે છે. મેં શોધ ચાલુ રાખી. હું ભાગવતના પાના ધ્યાનપૂર્વક ફેરવતો હતો ત્યાં તેના બીજા સ્કંધના અંતિમ પૃષ્ટો પર મારી નજર પડી – **'ભગવાન ઉવાચ'**. ભગવાન કહે છે : 'હું જ પહેલા હતો. **સત્–અસત્ અથવા પર કાંઈ ન હતું. પછીથી જે કાંઈ છે તે હું જ છું. પ્રલય પછી જે કાંઈ બાકી રહે છે તે હું જ છું.'**

વાંચીને મારી આંખોમાં ચમક આવી ગઈ. શું જે વાત ઉપનિષદ કહે છે, તેવો જ સૂર અહીં ભગવાનનો નથી નીકળતો. હાં, ઉપનિષદમાં 'બ્રહ્મ' વિશે કહેવાયું છે, ભાગવતમાં **'ભગવાન'** બોલી રહ્યા છે !

ફરી પ્રશ્ન થયો કે શું **'બ્રહ્મ'** અને **'ભગવાન'** એક જ કે બે જુદા ? પરંતુ ખુલાસો ભાગવતના પ્રારંભમાં જ મળી ગયો કે **'પરમ સત્ય રૂપ બ્રહ્મ'**ને જ અહીં **'ભગવાન'** કહ્યા છે.

(5)

I ca'nt show the 'Delight' within me. I found it. 2nd revelation corroborates with the 1st statement "EKAMEVAADVITIUM", meaning, **'One without second'.** Yes the 2nd statement too, asserted - **'I was alone, when nothing existed'**. Is this not the verification of former TRUTH ? Should I accept these as **'Aapt vaakyas'** ?

The question arises - 'Who has written these sentences ?', My suspicious consciousness inquired. Yes that is most important ! I recollected that 'VEDAs' are called 'APAURESHEY', i.e. not written by any human being. That is the **'Revealed Knowledge'.** Hence called 'SHRUTI'. Something heard by ancient seers. So no motives can be attached to it, and hence should be acceptable.

But, what about 'BHAGVAT' ?. It is said to have been written by one **'Ved Vyasji'** !

(૫)

મારા આનંદને હું છુપાવી ન શક્યો ! મને ખાત્રી થઈ કે ભાગવતમાં ભગવાનનું વચન **‘પહેલા એક માત્ર હું જ હતો અને પછી પણ કેવલ હું જ હોઈશ’**, તે ઉપનિષદના **‘એકમેવાદ્વિતિયમ્’**ની જ બીજા શબ્દોમાં રજૂઆત છે. બંને શાસ્ત્રો કોઈ એક મૂલભૂત **‘પરમ તત્ત્વ’** વિશે ખુલાસો કરે છે ! બે જુદા જુદા શાસ્ત્રો એક જ તથ્ય વિશે કોઈ રહસ્યમય ‘સત્ય’ વિશે કહી રહ્યા છે ! શું આ વચનો વિશ્વસનીય ન ગણાય ? શું તેને **‘આપ્તવાક્યો’** ન કહેવાય ? તેને પ્રમાણ માની શકાય કે કેમ ! મન સંકલ્પ–વિકલ્પ કરતું રહ્યું.

‘વેદ’ વિશે તો જાણ્યું હતું કે તે પ્રાચીનતમ ગ્રંથ છે, જે કોઈ મનુષ્ય દ્વારા આલેખિત નથી, તે રૂષિ–મુનિઓએ સમાધિમાં શ્રવણ કરેલી વાણી છે. તેથી તેને **‘શ્રુતિ’** પણ કહે છે. અર્થાત્ તે સ્વયં ઈશ્વરની વાણી છે. તે કારણે તેની રચનાને કોઈ ચોક્કસ હેતુ ન હોઈ શકે. તેમાં વાસ્તવિકતાની/સત્ય હકિકતની જ રજુઆત હોય. તેથી તેને **‘શબ્દ પ્રમાણ’** રૂપ સ્વીકારી શકાય.

તેના વચન **‘એકમેવાદ્વિતિયમ્’**થી સમજાય છે કે સૃષ્ટિમાં જે **‘પરમ સત્ય’** છે, તે એક માત્ર અને અદ્વિતિય છે. અર્થાત્ તેના સિવાય અન્ય કશાનું અસ્તિત્વ નથી.

(6)

I enquired with a learned **'Guru'** regarding creation of BHAGVAT. He explained that, It is also a **'Revealed knowledge'.** Ved-Vyasji put it down in words. what he had seen in his 'Samaadhi', i.e. meditative state. He had not written Bhagvat by his imagination. As such, **'Bhagvat'** is considered to be the 5th VED. Surely then it can be said to be "AAPT-VAAKYA", and hence reliable.

Thus, both those sentences, that of upanishad - **"One without second,"** and that of Bhagvat, **"I was, am and will remain always"**, convey that there is a single REALITY only, whose existence is permanent, perpetual, and beyond time.

That is the **"Fact of the matter"**. Yet, the question remains - **"What is its identity "**. How to connect us with 'IT' ?. Mysterious phenomenon ! Quite puzzling !

(૬)

'વેદ'ને પ્રમાણ માનવા વિશે શંકા રહી નહીં. પરંતુ **ભાગવત** ? શું તેને પણ **'આપ્ત વાક્ય'** કહી શકાય ? તે તો 'વેદ વ્યાસજી'એ રચેલું કહેવાય છે. બુદ્ધિએ દલીલ કરી. એક મહાનુભાવે ખુલાસો કર્યો. કે આચાર્ય શ્રી વલ્લભે 'ભાગવત'ને ચતુર્થ પ્રમાણ રૂપ સ્વીકાર્યું છે, કેમ કે ઉપનિષદ પુરાણને **'પંચમ વેદ'** કહે છે. તેનું કારણ સમજાવ્યું કે તેની રચના વેદ વ્યાસજીએ કલ્પનાથી મનઘડંત રીતે કરી નથી. પરંતુ તેમણે સમાધિ અવસ્થામાં જે દર્શન કર્યા, તેનું યથાવત્ આલેખન તે ભાગવતના નામથી પ્રસિદ્ધ છે. અર્થાત્ તે પણ **'શ્રુતિ'** રૂપ જ છે. બુદ્ધિએ સ્વીકાર્યું.

હવે સ્પષ્ટ થયું કે વેદ અને ભાગવત બન્ને **'આપ્ત વાક્ય'** છે. તદર્થ સ્વાભાવિક રીતે તેમને **'શબ્દ પ્રમાણ'** રૂપે સ્વીકારવામાં વાંધો ન જ હોઈ શકે !

વાત હવે સાફ થઈ ગઈ. બન્ને પ્રમાણો એક જ હકીકત જણાવે છે કે જે કાંઈ **'પરમ સત્ય'** છે. તે જ માત્ર આ સમગ્ર સૃષ્ટિમાં અસ્તિત્વ ધરાવે છે. તેના સિવાય કોઈ અન્ય કશાનું અસ્તિત્વ જ નથી.

એ જ વાસ્તવિકતા છે. સાતત્ય છે. પરંતુ હવે મોટો પ્રશ્ન એ કે તે રહસ્યમય **'પરમ તત્ત્વ'**ને સમજવું કેવી રીતે ? તેની સાથે આપણે સંબંધ સ્થાપિત કેવી રીતે થઈ શકે ? આ એક જટિલ સમસ્યા જણાઈ !

(7)

We find that various 'Faiths' denote that Divine 'Mysterious phenomenon' or 'Entity' by different name, viz., **God, Ishvar, Brahman, Parmatma, Bhagwan, Allah, Khuda, Spirit,** etc., or simply some call it **'Nature'.**

And again my mind was puzzled, as to which one of these names really designate that REALITY - **"Ekamevadvitiyam"** ?

And I recollected to have read in 'RugVeda' - "EKAM SAT VIPRAHA BAHUDHA VADANTI". meaning -'There is only One Reality, but, various scholars describe differently'. This cleared my confusion. Everything was crystal clear now. Differences lies only in our understanding, and verbalising. The 'REALITY' is 'Only One' and Absolute.

Now, my mind asked me - **"How to identify, know that REALITY ?**

(૭)

તે રહસ્યમય **'પરમ તત્ત્વ'**ને વિભિન્ન ધાર્મિક આસ્થાઓ ધરાવનારા જુદા જુદા નામથી સંબોધન કરતા હોય છે. કોઈ તેને **'ગોડ'** કહે છે તો કોઈ **'ઈશ્વર'**. કેટલાક **બ્રહ્મ, પરમાત્મા, ભગવાન અલ્લાહ** કે **ખુદા** વગેરે ન જાણે કયા કયા નામથી તેને જાણે છે ! કોઈ તેને **'કુદરત'** પણ કહે છે. મારું મન ગુંચવાયું. આમાં ઉપનિષદ જેને **'એક માત્ર અને અદ્વિતિય'** બતાવે છે, તે 'પરમ તત્ત્વ' (Reality) કયું ?

અચાનક મને ક્યાંક વાંચેલું ઋગ્વેદનું વાક્ય **'એકમ્ સત્ વિપ્રાઃ બહુધા વદંતિ'** યાદ આવ્યું. તેનો અર્થ થાય–તે 'સત્' અર્થાત્ 'પરમ તત્ત્વ' એક જ છે, પરંતુ જુદા જુદા વિદ્વાનો તેને અલગ અલગ નામથી સંબોધે છે.

મારા ચહેરા પર ખુશી છવાઈ ગઈ. 'ભેદ ઉકલી ગયો' મારું હૃદય બોલી ઉઠ્યું : 'હવે વાત પૂરી રીતે સમજાઈ ગઈ.'

ભલે જુદી જુદી ધાર્મિક આસ્થાઓ કે દાર્શનિક વિચારધારાઓ તે **'એકમેવાદ્વિતિયમ્'** પરમ તત્ત્વને માટે ભિન્ન ભિન્ન શબ્દ પ્રયોગ કરતા હોય, તે સાતત્ય તો માત્ર એક જ છે. તે નિરપેક્ષ છે.

પરંતુ, હવે પ્રશ્ન એ ઉદ્ભવ્યો કે **'તત્ત્વ'**ની ઓળખ કેમ થાય, તેને જાણી કેમ શકાય ? યાદ આવ્યું કે ઉપનિષદમાં **'ઉદાલકે'** પોતાના પુત્ર **'શ્વેતકેતુ'**ને આવો જ પ્રશ્ન કરેલો.

(8)

Having traversed through this much mental journey with self efforts, I thought that I should now surrender to some able **'Guru'**, who should be **'Divine'** himself and make me to comprehand that **Divine REALITY**, since, to unfold intricacies of such a mysterious 'Entity' by self efforts, is beyond the scope of human intelligence.

Who else can there be a better Guru than **'Srimad Vallabhacharyaji'**, who is one of the foremost Indian philosophers taking the rank amongst the first class thinkers who have unearthed the vast knowledge lying deep in the ancient scriptures like Ved-Vedant. He is said to be the incarnation of that 'Divinity' which illuminates the entire universe.

The embodiment of the DELIGHT or BLISS is designated as KRUSHN, and SriVallabhacharyaji is none other than His incarnation !

(૮)

ગુરુકુલમાં અભ્યાસ કરીને આવેલા શ્વેતકેતુને તેના પિતાએ પૂછેલું કે **‘હે પુત્ર, એવું કયું તત્ત્વ છે, જેના ઉપદેશથી ન સાંભળેલું પણ સાંભળેલું બને, ન વિચારેલું પણ વિચારેલું બને, અને ન જાણેલું પણ જાણેલું થાય ?’** શ્વેતકેતુ નિરુત્તર હતો.

આટલે સુધીની માનસિક શોધ યાત્રા મુશ્કેલીથી પુરી કરતાં સમજાયું કે કોઈ એવા સમર્થ ગુરુને શરણે જવું જોઈએ, જે સ્વયં દિવ્ય હોય અને જે તે દિવ્ય **‘પરમ તત્ત્વ’**ની ઓળખ કરાવી શકે. કેમ કે મનુષ્યની બુદ્ધિની સીમાને કારણે તે રહસ્યમય ગૂઢ તત્ત્વને જાણવું લગભગ અશક્ય જ છે. સ્વયં વેદની રુચાઓ પણ **‘નેતિ નેતિ’** કહી **‘પરમ તત્ત્વ’**નું વર્ણન કરતાં અટકી જાય છે.

અનેક આચાર્યો વિશે અભ્યાસ કર્યા પછી લાગ્યું કે પ્રથમ હરોળના ભારતીય તત્ત્વ ચિંતકોમાંના દાર્શનિક વિચારકોમાં સર્વોચ્ચ સ્થાન ધરાવનાર **શ્રીમદ્ વલ્લભાચાર્યજી** સિવાય **‘ગુરુ’** કરવા યોગ્ય અન્ય કોણ હોઈ શકે. જેઓ સ્વયં ભગવદાવતાર ગણાય છે અને જેમણે વેદ-વેદાંત ગીતા જેવા શાસ્ત્રોના ગહનત્તમ જ્ઞાનને જગત સમક્ષ ઉજાગર કર્યું છે.

કહેવાય છે કે દિવ્ય આનંદનું ધનીભૂત સ્વરૂપ એટલે **‘ભગવાન શ્રીકૃષ્ણ’** અને તેમના મુખાર્વિંદનો અવતાર તે જ **શ્રી વલ્લભાચાર્યજી !**

(9)

One may wonder that SriVallabhacharyaji who lived around 500 years ago, what could be his relevance today ! But such divine souls only manifest and disappear. They never vanish. And SriVallabhacharyaji is very much present, even today, in his literary works and will continue to guide the inquisitive minds for any no. of years.

What is needed is to surrender and meditate upon him and try to understand the implications of his principles elaborated in various granths viz., **Shodash granths, sabobhini, Tattvarth-deep-nibandh, Anubhashy** etc.

In these, he has vividly and explicitly explained his 'philosophical viewpoints i.e., **'Tattvadarshan"**, and elaborated the **'Saadhana Pranali'** i.e. his **'Dharmdarshan".**

(૯)

કોઈક વળી વિચારે કે પાંચસોથી વધુ વર્ષો પૂર્વે જેમનો પ્રાદુર્ભાવ થયેલ તે શ્રી વલ્લભાચાર્યજી વર્તમાન યુગમાં માર્ગદર્શક કેવી રીતે બની શકે ? પરંતુ આવી શંકા અસ્થાને ગણાય. તેમના જેવી વિભૂતિઓ સદાકાળ અસ્તિત્વ ધરાવે છે. આવશ્યકતાનુસાર તેઓ પ્રકટ થાય છે અને તિરોહિત થઈ જાય છે. નષ્ટ ક્યારેય થતા નથી !

ભગવદાવતાર શ્રી વલ્લભાચાર્યજી આજે પણ પોતાના વિવિધ ગ્રંથ સાહિત્યમાં, તેમના બેઠકજીઓ વગેરેમાં પરોક્ષ રૂપે બિરાજે છે અને પ્રત્યેક ચિંતનશીલ માનવી જેઓ તેમને **‘ગુરુ’**રૂપે સ્વીકારી શ્રદ્ધા પૂર્વક પોતાની મુંઝવણ રજૂ કરે છે, તેમને ગ્રંથો દ્વારા યોગ્ય માર્ગદર્શન આપે છે.

આવશ્યકતા છે – તેમની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી, તેમના વિવિધ ગ્રંથો–**ષોડશ ગ્રંથ, સુબોધિનીજી તત્વાર્થદીપનિબંધ, અણુભાષ્ય** ઈત્યાદિનું મનન અને ચિંતનપૂર્વક અધ્યયન/સ્વાધ્યાય દ્વારા તેને સમજવાની.

વિભિન્ન ભગવદ્ શાસ્ત્રોના આધારે શ્રી વલ્લભાચાર્યજીએ આ ગ્રંથોમાં પોતાની દાર્શનિક વિચારધારા, તેમનું **‘તત્ત્વદર્શન’** વિસ્તારપૂર્વક સમજાવ્યું છે અને તદંતર્ગત્ તેમણે પોતાનું **‘ધર્મદર્શન’**–વિશિષ્ટ સાધનાપ્રણાલી પ્રસ્તુત કરી છે.

(10)

Yes, my mission is to identify and understand the REALITY. I wanted to know as to how Srivallabhacharyaji explains this 'Entity', and on what basis ?

I was told that **'Tattvarth-deep-nibandh'** is the unique literary work, written independently by him, explaining all the aspects of the REALITY which is said to be **"Ekamevadvitiyam"**. But, then, what is the significance of the visible phenomena, surrounding us, which we call the "Universe", what is its relevance ?

That is yet another puzzle ! Is that not a paradox ? If Vedas assert that nothing exist except REALITY, which, in fact, neither do we see, nor experience !

Is'nt that a big mystery ? What exists doesn't seem to exist, instead, we experience some mysterious phenomenon having innumerable animated and inanimated objects ! I meditated on Guru ShriVallabhacharyaji.

(૧૦)

મારું ધ્યેય છે – તે **'પરમ તત્ત્વ'**ને જાણવાનું, તેને ઓળખવાનું. શ્રી વલ્લભાચાર્યજી તેને કઈ રીતે અને શેના આધારે સમજાવે છે તે હું વિચારવા લાગ્યો !

જાણવા મળ્યું કે **'તત્ત્વાર્થ દીપ નિબંધ'** શ્રી વલ્લભાચાર્યજીનો પ્રમુખ સ્વતંત્ર ગ્રંથ છે, જેમાં તેમણે 'પરમ તત્ત્વ' વિશેના સમગ્ર પાસાઓની વિસ્તારપૂર્વક વિવેચના કરી છે. મને શ્રદ્ધા થઈ કે આ ગ્રંથ મને 'પરમ તત્ત્વ'ને સમજવા માટે સહાયભૂત થશે, કારણ કે તેમાં સર્વ શાસ્ત્રોનો નિચોડ છે.

પરંતુ વારંવાર મારા મનમાં પ્રશ્ન ઉઠતો કે જો તે **'પરમ તત્ત્વ'** જ માત્ર એક અને અદ્વિતિય છે, તો પછી મારી ચોપાસ આ બધું દેખાય છે, જેને આપણે **'જગત'** કહીએ છીએ, તે હકિકતમાં શું છે ? તેમાં તો અસંખ્ય જડ–જીવાત્મક પદાર્થો છે. કેવો વિરોધાભાસ !

વેદ સ્પષ્ટતાપૂર્વક કહે છે કે 'પરમ તત્ત્વ' સિવાય અન્ય કશું છે જ નહીં, પરંતુ આપણે તેને જોઈ કે અનુભવી શકતા નથી, આ એક સાચે જ રહસ્યમય છે. જેનું હકિકતમાં અસ્તિત્વ છે તે દૃશ્યમાન નથી અને આ જડ–જીવાત્મક પદાર્થો યુક્ત વિશ્વ દેખાય છે, તે સમજાતું નથી. સમસ્યા સુલઝવાને બદલે ઉલઝન વધી.

આશા છે –ગુરુ વલ્લભાચાર્યજી જ આ સમજાવી શકશે ! મેં તેમનું ધ્યાન ધર્યું.

(11)

In my quest to find out REALITY, when I was turning the pages of the first chapter of **'Nibandh'** granth called **'Shastrarth Prakaran'**, my eyes drew my attention to a statement - **"Vedaha SriKrushn vakyani, vyas sutrani chaiv hi; samadhi bhaasha vyasasya, pramanam tatchatushtayam"**. I could understand that SriVallabhacharyaji, was quoting some 'Authorities'.

Yes, he was clarifying that, 'Whatever I am going to explain herein, are based on four scriptures, viz., 1. **'Vedas'**, definitely a valid source of knowledge. 2. **'Geeta'**, direct words of Lord SriKrushn, 3. **'Brahm-Sutras'**, which are aphorism of Upanishad, and 4. **Bhagavat,** compiled revelations by Vyasji.

All these four scriptures can be said to be **'Aapt vaakyas'**, and hence can well be accepted as **'Verble Testimony'** ('shabd pramaan' -source of knowledge).

(૧૧)

‘પરમ તત્ત્વ’ વિશે જાણવાના આશયથી જ્યારે મેં **‘તત્ત્વાર્થ દીપ નિબંધ’**ના પ્રથમ પ્રકરણ–**‘શાસ્ત્રાર્થ પ્રકરણ’**ના પાના ફેરવવા માંડ્યા ત્યારે મારી દૃષ્ટિ એક કારિકા પર પડી – **‘વેદાઃ શ્રીકૃષ્ણ વાક્યાનિ, વ્યાસ સૂત્રાણિ ચૈવ હી, સમાધિ ભાષા વ્યાસસ્ય, પ્રમાણં તચ્ચતુષ્ટયમ્’** હું એટલું સમજી શક્યો કે શ્રી વલ્લભાચાર્યજી **‘પ્રમાણ’** વિશે કશોક ઉલ્લેખ કરી રહ્યા છે.

આ શ્લોક વિશે ખુલાસો કરતાં તેઓ સમજાવી રહ્યા છે કે તેઓ ચાર ભગવદ્ શાસ્ત્રોના પ્રમાણોના આધારે પોતાના સિદ્ધાંત પ્રતિપાદિત કરી રહ્યાં છે. તે શાસ્ત્રો છે – ૧. **વેદ,** જે ઋષિઓએ સાંભળેલી ભગવાનની વાણી છે. ૨. **ગીતા** તે તો ભગવાન કૃષ્ણે સ્વમુખે અર્જુનને આપેલો ઉપદેશ છે. તેથી તેના પ્રામાણ્ય માટે સંદેહ થવાનો પ્રશ્ન જ ન હોઈ શકે. ૩. **બ્રહ્મસૂત્રો** જે ભગવાનના અવતાર વ્યસાજીએ રજૂ કરેલું ઉપનિષદનું સૂત્ર રૂપે જ્ઞાન છે અને ૪. **ભાગવત** તે પણ તેમણે સમાધિમાં દર્શન કરેલી ભગવાનની લીલાઓનું આલેખન છે.

આમ આ ચારેય શાસ્ત્રો ભગવદ્ વાણી હોવાથી નિઃશંકપણે તેમને **‘આપ્ત વાક્ય’** કહી જ શકાય. તદર્થ તે શાસ્ત્રોને **‘શબ્દ પ્રમાણ’** રૂપ સ્વીકારવામાં કોઈ વાંધો હોઈ શકે નહીં. કારણ કે વિદ્વાનો તેને **‘યથાર્થ જ્ઞાન પ્રાપ્તિ’**નું સાધન માને છે.

(12)

My mind assured me now that whatever averments are made in 'Nibandh' by SriVallabhacharyaji are not arbitrary, but based on the scriptures, statements whereof, are **"Self proved"**, and hence can be taken at their **'face value'**.

I shall now be able to identify and understand what that **"Ekamevadvitiyam"** REALITY does really mean and what is Its significance?

When I casually turned a page back, there was a fundamental clarification ! The REALITY is designated differently in various scriptures, viz., 'BRAHMAN' in Vedas, 'PARMATMAN' in Geeta, and 'BHAGWAN' in Bhagvat. SriVallabhacharyaji said that all these words signify the same 'Ultimate Reality', though they are used in different contexts. Hence, one need not confuse.

(૧૨)

આ વાંચ્યા પછી મને ખાત્રી થઈ ગઈ કે ‘નિબંધ ગ્રંથ’માં શ્રી વલ્લભાચાર્યજી દ્વારા જે કાંઈ કહેવામાં આવ્યું છે તે મનઘડંત નથી પરંતુ શાસ્ત્રોના **‘સ્વયં સિદ્ધ’** વિધાનોના આધારે પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. તેથી તેમના વચનોને તેના **‘પ્રત્યક્ષ મૂલ્ય’** (Facevalue) પર સ્વીકારી શકાય.

આ ગ્રંથની પ્રમાણભૂતતા પર વિશ્વાસ બેઠા પછી મને સમજાયું કે આચાર્યશ્રીના ગ્રંથો દ્વારા **‘અકમેવાદ્વિતિમ્’** પરમ સત્યનું રહસ્ય ઉકેલી શકાશે, તેનું તાત્પર્ય સમજાશે !

આ ગ્રંથનું આગળનું પાનું ખૂલી જતાં તેની એક કારિકામાં એક મહત્વપૂર્ણ ખુલાસો દૃષ્ટિગોચર થયો. શ્રી વલ્લભાચાર્યજી કહી રહ્યા છે કે જુદા જુદા શાસ્ત્રો – **શ્રુતિ** (વેદ), **સ્મૃતિ** (ગીતા આદિ) અને **પુરાણ** (ભાગવત વગેરે)માં અનુક્રમે **‘બ્રહ્મ’**, **‘પરમાત્મા’** તથા **‘ભગવાન’** શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેમણે સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે આ બધા નામો તે **‘પરમ તત્વ’** બ્રહ્મને અનુલક્ષીને જ છે. પ્રત્યેક નામ જુદા જુદા સંદર્ભમાં વપરાય છે. જે બધા નામ ‘મૂળ તત્ત્વ’ના જ છે. તેને **‘બ્રહ્મ’**ની સંજ્ઞા આપવામાં આવી છે, પરંતુ જ્યારે તેને અંશરૂપ ‘આત્મા’ના સંદર્ભમાં સંબોધવો હોય ત્યારે તે **‘પરમાત્મા’** કહેવાય અને તેને કોઈ ભજનાર ભક્તના સંદર્ભમાં તે **‘ભગવાન’** કહેવાય છે.

(13)

Before explaining the reality of the REALITY, Srivallabhacharyaji has clarified the major issue of the different names of God which appear in various scriptures viz., BRAHMAN, PARMATMA, BHAGWAN. Even in many granths of SriVallabhacharyaji, he himself, has suggested SRIKRUSHN as the **'Supreme Being'** who has to be worshipped.

As such, we need to know explicitly the relationship between these different names. Whether all these names stand for the REALITY or they are different degrees or aspects of the 'Supreme Being' ?

We find these three names appearing in different scriptures, viz., **Upanishads, Geeta** and **Bhagvat** which we accept as **'Verble Testimony'** to elucidate many unknown entities.

(૧૩)

'પરમ તત્ત્વ' વિશે વિસ્તૃત ખુલાસો કરતાં પહેલાં શ્રી વલ્લભાચાર્યજીએ નિબંધ ગ્રંથના શાસ્ત્રાર્થ પ્રકરણની શરૂઆતમાં જ જુદા જુદા શાસ્ત્રોમાં 'પરમ તત્ત્વ' માટે વપરાયેલા ભિન્ન ભિન્ન નામો – **'બ્રહ્મ'**, **'પરમાત્મા'** અને **'ભગવાન'**નું રહસ્ય સમજાયું છે. પરંતુ તેમણે પોતાના અનેક ગ્રંથોમાં આ શબ્દોનો પ્રયોગ **'કૃષ્ણ'** નામના તત્ત્વના વિશેષણ તરીકે કર્યો છે અને ભગવાન કૃષ્ણને જ 'પરમ તત્ત્વ' તરીકે ઓળખાવ્યા છે, અને **'કૃષ્ણ'**ને ભજવાનો જ ઉપદેશ આપ્યો છે.

તેથી, સૌ પ્રથમ એ સમજવું જરૂરી ગણાય કે એ વિભિન્ન નામો વચ્ચેનો ભેદ શું છે ? શું તે સર્વે નામો તે 'પરમ તત્ત્વ'ના જ છે, કે તેમાં મુખ્ય–ગૌણ એવો ભેદ છે ?

એ ત્રણ નામો જુદા જુદા શાસ્ત્રોમાં અલગ અલગ શબ્દો દ્વારા સૂચવવામાં આવ્યા છે. વેદ–ઉપનિષદમાં **'બ્રહ્મ'** કહ્યા છે, ત્યાં પરમાત્મા કે ભગવાન શબ્દ નથી. ગીતા વગેરે સ્મૃતિ ગ્રંથોમાં **'પરમાત્મા'** શબ્દ વપરાયો છે. પરંતુ ભાગવત આદિ પુરાણ તે તત્ત્વને **'ભગવાન'** કહે છે. વળી શ્રી વલ્લભાચાર્યજી **'કૃષ્ણ'** નામને જ મહત્વ આપે છે.

આ વિવિધ નામોનું તાત્પર્ય જ્યાં સુધી ન સમજાય અને શા માટે આવા વિભિન્ન નામો અલગ અલગ શાસ્ત્રોમાં વપરાયા છે તેનો ખુલાસો ન થાય ત્યાં સુધી તે **'પરમ તત્ત્વ'** કોણ તે જાણી શકાશે નહીં.

(14)

SriVallabhacharyaji explains that 'These different names in various scriptures do note denote different degrees, but are different aspects of REALITY'. In fact all the three words namely - **Brahman, Parmatma** and **Bhagwan** represent same REALITY called **'Brahman'.**

However, the word **'Brahman'** in Sruti (Vedopanishads) is described as an entity which is Omnipresent (sarva-vyapt), Omnipotent (sarva-samarth) and Omniscient. That is the REALITY for which Sruti says - "Ekamevadvitiyam" . But when we identify Him, on His manifestation as Universe, vis-a-vis "Jivatma", He is identified as **"Parmatma"**. Similarly, an individual devotee cannot worship Omnipresent Brahman. He requires a personal God with whom one can interact. As such, when he incarnate in the world, He, vis-a-vis **'Bhakt'**, is denoted as **"Bhagwan".**

Oh ! quite interesting !. Mystery is getting unfolded !

(૧૪)

શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે **બ્રહ્મ–પરમાત્મા–ભગવાન** એ નામો કોઈ મુખ્ય–ગૌણ નથી. પરંતુ તે **‘પરમ તત્ત્વ’**ના જ જુદા જુદા પાસા (aspects) છે. તે જ્યારે જગતનું **‘કારણ’** બને, **નિયામક** બને અથવા **આધાર બને,** તે પાસાથી તે **‘બ્રહ્મ’** કહેવાય છે. તે સર્વ વ્યાપક છે. નિર્પેક્ષ, અમૂર્ત, અગોચર, અવ્યક્ત છે. તેનો સંબંધ સમગ્ર **‘બ્રહ્માંડ’**થી છે.

પરંતુ જ્યારે ‘પરમ તત્ત્વ’નો સંબંધ **‘જગત’**થી થાય છે ત્યારે આત્માના સંબંધથી તેને **‘પરમાત્મા’** કહેવાય છે. આપણે સત્કર્મ કરીએ ત્યારે પરમાત્માની પ્રસન્નતા માટે કરીએ છીએ. કોઈ પાપ કરતાં ડરીએ કે પરમાત્મા આપણને દેખે છે, કારણ કે તે ‘સાક્ષી’ છે. ઉચ્ચ કોટિના જીવના સત્કર્મ, સદાચાર, સદ્વિચારમાં પરમાત્માની અનુભૂતિ થાય છે. તે વ્યાપક અનુભૂતિ નહીં પરંતુ વ્યક્તિગત અનુભૂતિ હોય છે.

‘પરમ તત્ત્વ’ના ત્રીજા પાસા **‘ભગવાન’**નો સંબંધ ભક્તરૂપે જીવ સાથે છે, તે જ્યારે ભૂતલ પર પોતાના રૂપ અથવા લીલા ધારણ કરે છે ત્યારે તેને ‘ભગવાન’ શબ્દથી સંબોધવામાં આવે છે. આ નામની સાર્થકતા તેના **‘અવતાર’** ધારણ કરવામાં છે.

એ રીતે ‘પરમ તત્ત્વ’ના આ ત્રણે નામોના જુદા જુદા સંદર્ભમાં ઉપયોગ કરવામાં આવે છે.

(15)

Quite logical !. A man can be addressed as **'Uncle',** if he has a **'nephew'.** Likewise, Brahman is called "Bhagwan', if there is a **'Bhakt'** a devotee worshiping Him. True, different words are used in different contexts, obviously.

But, I couldn't understand as to why SriVallabhacharyaji is partial for 'SRIKRUSHNA' ?. There are many **'Bhagwan'**s (deities) described in our 'Purans' ! Why should he single out 'KRUSHN?. What is its ignificance or justification ?. My inquisitive mind questioned !

I thought, let me search in **'Bhagvat'** itself, since it is called **'Maha-Puran'**, and also accepted as a **'Verble Testimony'**. While I was turning its pages, I read a remarkable verse, which said - **"Ete ch amsh kalaa puns, Krushnstu bhagvan svayam"**. Yes I got the answer. Here there was a clarification that all other deities are parts, or phases of "Bhagwan", whereas KRUSHN is Bhagwan Himself. Wonderful !

(૧૫)

‘પરમ તત્ત્વ’ના વિભિન્ન નામો વિશિષ્ટ સંદર્ભમાં છે, તે તર્ક સંગત જણાય છે કેમ કે કોઈ વ્યક્તિને ‘કાકા’ તેના ભત્રીજાના સંબંધથી કહી શકાય. બહેનના સંદર્ભમાં તે ‘ભાઈ’ છે !

તેવી જ રીતે ‘પરમ તત્ત્વ’ને **આત્માના** સંદર્ભમાં તેને **‘પરમાત્મા’** સંબોધન થાય, તેને **‘ભગવાન’** ત્યારે કહેવાય, જ્યારે કોઈ ભક્ત તેનું ભજન કરે. આમ જુદા જુદા સંદર્ભમાં આ નામ વપરાય છે. વાત હવે સ્પષ્ટ થઈગઈ. પ્રત્યેક નામ તે પરમ તત્ત્વને જ સૂચવે છે.

પરંતુ, એ નથી સમજાયું કે શ્રી વલ્લભચાર્યજીને **‘કૃષ્ણ’** પ્રત્યે પક્ષપાત કેમ છે ? પુરાણોમાં તો અનેક ભગવાનની કથા વર્ણવેલી છે. તેમાંથી માત્ર ‘કૃષ્ણ’ જ ‘પરમ તત્ત્વ’ શા માટે ? કેમ સમજાય !

થયું કે **‘ભાગવત’**માં જ આ વાત શોધવી જોઈએ. કારણ કે તેને **‘મહાપુરાણ’** કહ્યું છે, વળી શ્રી વલ્લભાચાર્યજી તેને **‘શબ્દ પ્રમાણ’** રૂપે સ્વીકારે છે ! મેં તેના પાના ફેરવવા માંડ્યા. અચાનક એક શ્લોક પર નજર અટકી – **‘એતે ચાંશ કલા પુંસ, કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં’**. મને લાગ્યું કે મારો જવાબ મળી ગયો. બધા દેવો ભગવાનના અંશ–કલા રૂપ અવતારો છે. માત્ર **‘કૃષ્ણ’** જ સ્વયં ભગવાન છે. અર્થાત્ બધા અવતારો કૃષ્ણના જ છે ! તે સ્વયં જ **‘અવતારી’** છે, **‘ભગવાન’** છે. અદ્ભુત !

(16)

Oh ! There are many quotes identifing SRIKRUSHN as "Bhagwan" in several scriptures. Both **Srimad Bhagvat** and **Bhagvad Gita**, have plenty statements where KRUSHN tells in 'First Person', as if, **"HE" is that Omnipresent, Omnipotent, Omniscient "REALITY"**

Entire tenth canto of Bhagvat speaks about SriKrushn as **'Supreme Being'**, incarnated for granting utter BLISS to 'Gopijans', and the deliverance of innumerable souls.

In Gita, KRISHNA advises 'Arjun saying - **"Worship ME", "Keep faith** in **ME**", **"I reciprocate the sentiments of various devotees according to their devotion", "It is ME who bestow the fruits, which are desired by the devotion of various deities"**.etc. Even at the end, Krushn ordained 'Arjun to surrender to HIM "alone". What does these ultimately prove ? KRUSHN HIMSELF IS PARBRAHM PARMATMA !

(૧૬)

અરે **‘શ્રીમદ્ ભાગવત’** અને **‘શ્રીમદ્ ભગવદ્ ગીતા’**ના પાના ઉથલાવતાં તો જણાયું કે **‘શ્રીકૃષ્ણ’**ને ‘ભગવાન’ તરીકે ઓળખાવતાં તો અનેક વચન મળી આવ્યા. શ્રીકૃષ્ણ અનેક સ્થાને પ્રથમ પુરુષ એક વચનમાં કહે છે **‘હું સર્વજ્ઞ છું, સર્વ સમર્થ છું. સર્વ વ્યાપ્ત છું, હું જ પરમોચ્ચ તત્ત્વ છું’** વગેરે વગેરે.

ભાગવતના દશમ્ સ્કંધના નિરુપણમાં તો **‘કૃષ્ણ’** જ કેન્દ્ર સ્થાને છે. તેમાં આલેખાયેલી અનેકાનેક મનુષ્યેતર ‘લીલા’નો નાયક જ **‘કૃષ્ણ’** છે. તેણે જ વિવિધ અવતારો ધારણ કરી અનેક જીવોનો ઉદ્ધાર કરેલ હોવાના પ્રમાણો તેમાં મોજુદ છે. વ્રજના ગોપીજનોને તો તેમણે પરમોચ્ચ ફલ-પ્રાપ્તિ કરાવી કૃતકૃત્ય કરી દીધા છે.

ગીતાનો ઉપદેશક જ **‘કૃષ્ણ’** છે, જે અર્જુનને કહે છે – **‘તું મારું જ ભજન કર. મારામાં વિશ્વાસ રાખ. જે ભક્ત મને જે ભાવથી ભજે છે, તદનુસાર હું તેને પ્રતિસાદ આપું છું, જે વિભિન્ન દેવોને ભજે છે તેમને ફલ તો હું જ આપું છું**. અંતમાં તો કહે છે કે **‘તું માત્ર મારે શરણે આવ. હું તને મોક્ષ આપીશ.’** આવા વચનો સ્વયં ભગવાન સિવાય કોણ કહેવાની હિંમત ધરાવી શકે !

હું વિચારવા લાગ્યો કે શું આ હકિકતો **‘શ્રીકૃષ્ણ’** પરબ્રહ્મ પરમાત્મા હોવાના પૂરતા પ્રમાણ નથી ?

(17)

I, yet wanted the **'litmus test'**, to accept KRUSHN as **"The Reality"**. I found etymology of the word 'Krushn'. It consists of two words, **"Krush"**, which denotes **'Existance'**, (Sat) ; and another word **"Na"**, meaning **'Bliss'**,(Anand). This implies that "Krushn" is not a 'proper nown', nor any individual deity's name. But it indicates an 'Entity', a 'Reality' who is "SADANAND". Now it is confirmed beyond doubt as to why SriVallabhacharyaji has favoured KRUSHNA !.Simply because HE is nothing but the REALITY.

Thus our equation for Reality is now extended. We can say - REALITY = BRAHMAN = PARMATMA = BHAGWAN = KRUSHNA.

I found a quote in shruti which said - " RASO VAI SAH". HE (Brahman) is **'Ras', an Emotion.** "Vow" !.

(૧૭)

‘કૃષ્ણ’ને પરબ્રહ્મ સ્વરૂપે સ્વીકારતાં પૂર્વે **‘લીટમસ ટેસ્ટ’** કરવા શાસ્ત્રમાં શોધ ચલાવતાં **‘કૃષ્ણ’** શબ્દની વ્યુત્પત્તિ મળી. તેમાં બે અક્ષર છે – **‘કૃષ્’** અને ‘ણ’. કૃષનો અર્થ થાય ‘સત્તા’ અને ‘ણ’ એટલે **‘આનંદ’** અર્થાત્ ‘કૃષ્ણ’ એવું તત્ત્વ છે જે **‘સદાનંદ’** છે. હવે સમજાયો, શ્રી વલ્લભાચાર્યજીનો મર્મ ! કૃષ્ણ માત્ર કોઈ વ્યક્તિ વિશેષ/દેવતાનું નામ નથી. પરંતુ તે ‘સદાનંદ’ રૂપ ‘પરમ તત્ત્વ’ને શાસ્ત્રે **‘કૃષ્ણ’**ની સંજ્ઞા આપી છે. ‘કૃષ્ણ’ નામનો પક્ષપાત યોગ્ય છે.

હવે ‘પરમોચ્ચ તત્ત્વ’ (Ultimate Reality) જેના વિભિન્ન નામોની અલગ અલગ સંદર્ભમાં આગળ ચર્ચા કરી તેના સમીકરણમાં એક નામ જોડાઈ ગયું. REALITY – **બ્રહ્મ = પરમાત્મા = ભગવાન = કૃષ્ણ.** હવે મગજમાં બરાબર બેસી ગયું કે આ બધા જુદા જુદા નામો એક જ **‘પરમ તત્ત્વ’** માટે કહેવાયા છે.

તૈત્તરિય ઉપનિષદમાં વાંચેલું કે **‘આનંદો બ્રહ્મેતિ વ્યજનાત્’** અર્થાત્ **‘આનંદ ને જ બ્રહ્મ જાણો’** વળી એમ પણ કહે છે – **‘રસૌ વૈ સઃ’** તે રસરૂપ છે, અને તે રસને પ્રાપ્ત કરીને જ માણસ આનંદિત થાય છે. આનો સીધો અર્થ એ સમજાય છે કે વાસ્તવમાં કૃષ્ણ આનંદનું રસરૂપ સ્વરૂપ છે. અર્થાત્ **‘કૃષ્ણ’** અને (શાશ્વત) **‘આનંદ’** બંને એક જ તત્ત્વના નામ છે. તેથી જ શ્રી વલ્લભાચાર્યજી કદાચ કહે છે **‘આનંદ માત્ર કરપાદ મુખોદરાદિ’** અદ્ભુતકર્મા !

(18)

Not only shruti says - "RASO VAI SAH'" it continues - -"RASAM HYEVAYAM LABDHVANANDI BHAVATI", meaning, 'man is delighted on obtaining that Ras'. This clearly implies that Brahman is 'Ras rup', and that 'Ras' is BLISS i.e. ANAND, acquiring which, man himself becomes 'Blissful', - 'Anandit', i.e. Delighted.

Yet there is another shruti sentence saying - **"Anand is another word for Brahman".** Wonderful ! This means words 'Brahman' and 'Anand' are synonymous. Now we can well appreciate why Brahman is called "SACHCHIDANAND". Because, "Anand" is the core of Brahman. In other words glimpses of our **'Delightfulness'** must be drown from Brahman as, we know now, **'He only exists, to exclusion of any other entity.'** Naturally HE is all around us. Such awareness itself is 'Delightful' ! Is'nt it ?

(૧૮)

ધન્ય છે–ભારતીય દાર્શનિક વિચારધારા ! મનોમન મેં પ્રાચીન મનિષિઓને વંદન કર્યા. તૈત્તિરીય ઉપનિષદના ઉપરોક્ત વચનો જીવનના સાતત્યને સમજાવે છે. પ્રાણી માત્રની સ્વાભાવિક વાંછના સુખ મેળવવાની હોય છે. આનંદની અનુભૂતિને આપણે સુખ કહીએ છીએ. શ્રુતિ આનંદને જ **‘પરમ તત્ત્વ’** કહે છે – **‘આનંદ ને જ બ્રહ્મ જાણ’**, કેવો અદ્‌ભુત વિચાર. વળી બ્રહ્મ **‘રસરૂપ’** છે ! ‘રસ’ એટલે ‘વૃત્તિ’, હવે સમજાય છે કે આપણામાં રહેલી આનંદની વૃત્તિનું મૂળ **‘બ્રહ્મ’**માં રહેલું છે. તેથી જ ઉપનિષદ વધુ ખુલાસો કરતાં કહે છે – એ રસ (બ્રહ્મ)ને મેળવીને મનુષ્ય આનંદિત થાય છે. **‘રસં હ્યેવાયં લબ્ધ્વા નન્દી ભવતિ’** સાશ્ચર્ય હું આનંદ પામી રહ્યો !

આથી સમજી શકાય કે બ્રહ્મને **‘સચ્ચિદાનંદ’** કેમ કહેવાય છે ? કારણ કે આનંદ બ્રહ્મનું મૂલભુત તત્ત્વ છે. તેથી જ કદાચ આપણે જે આનંદની અનુભૂતિ કરતાં હોઈશું, તે તે સચ્ચિદાનંદ બ્રહ્મના કારણે જ, કેમ કે આપણે અગાઉ જોયું તેમ સૃષ્ટિમાં બ્રહ્મ સિવાય અન્ય કશાનું અસ્તિત્વ જ નથી. તે એક માત્ર અને અદ્વિતીય હોવાથી !

પ્રિયત્વ અથવા **પ્રીતિ** એ આનંદનો ધર્મ છે. આનંદની પ્રાપ્તિના કારણે વસ્તુ કે વ્યક્તિ પ્રિય લાગે છે. ભગવાન પ્રત્યેના પ્રેમની પાછળ પણ તેમનામાં રહેલું આનંદ તત્ત્વ જ કામ કરતું હશે.

(19)

Now we knew that REALITY is nothing but what we call 'ANAND'. It is an amazing revelation. Truly, therefore, KRUSHN is the embodiment of ANAND, Delightfulness only. This endorses the fact that various life-stories conneced with **'SriKrushn'**, narrated in **'Bhagvat'** are amazing, pleasant and fills one's heart with joy and happiness. One is always influenced by the closeness of somebody, in whatever manner it may be. And if KRUSHN is Reality, God - Bhagwan Himself, nothing surprising !

ShriVallabhacharyaji therefore, states in his most important literary work -**'Subodhini'**, for the character of SriKrushn - "ANAND MAATR KAR PAAD MUKHODARAADI". His entire 'persona', hands, legs, month, belly - every thing is nothing but 'ANAND'.

(૧૯)

હવે સમજાય છે કે જેને આપણે (સાચો–શાશ્વત) આનંદ કહીએ છીએ તે જ વાસ્તવમાં **‘પરમ તત્ત્વ’ ‘સત્ય’** Reality છે. આ એક આશ્ચર્યશક્તિ ઘટસ્ફોટ છે. સાચે જ તેથી **‘કૃષ્ણ’** આનંદનું બીજું નામ/સ્વરૂપ છે. ‘કૃષ્ણ’ જ એક એવું તત્ત્વ છે જેમાં માત્ર આનંદ નિહિત છે. માટે જ ભાગવતમાં આલેખાયેલી **‘કૃષ્ણ કથા’**ના શ્રવણથી આનંદ મળે છે. તે સાંભળવાથી મન પ્રફુલ્લિત થાય છે. તે સાંભળનારને મજા આવતી હોય છે !

સૌ કોઈને કૃષ્ણની લીલાઓના શ્રવણમાં રસ પડતો હોય છે. કૃષ્ણનું વ્યક્તિત્વ જ એવું છે જે બધાને પ્રભાવિત કરે છે. તેવી બહુમુખી પ્રતિભા ભાગ્યે જ અન્યત્ર જોવા મળે. જો કૃષ્ણ જ તે ‘પરમ તત્ત્વ’નું નામ છે, તો તમને **પરબ્રહ્મ, પરમાત્મા ભગવાન** ઈત્યાદિ શબ્દોથી સંબોધવામાં આતિશયોક્તિ ન કહેવાય.

તે કારણથી જ શ્રી વલ્લભાચાર્યજી કૃષ્ણના પક્ષપાતી છે. તેમને પોતાના વિશિષ્ટ ગ્રંથ સુબોધિનીજીમાં કૃષ્ણના સ્વરૂપ માટે તેથી જ કહ્યું હશે – **‘આનંદ માત્ર કરપાદ મુખોદરાદિ’** જેમ સાકરથી બનેલી પુતળીના સર્વે અંગોમાં સાકર હોય, તેમ કૃષ્ણના પ્રત્યેક અંગો આનંદ સભર છે.

તેથી જ કહે છે – **‘કૃષ્ણમ્ વંદે જગત ગુરુમ્’**

(20)

Yes, ultimately we identified the universal REALITY. It is absolute BLISS, **'Anand'**. It is **'Ras'.** It's consolidated form (ghanibhut svarup) is KRUSHN. He is SACHCHIDANAND. He is denoted by different names, viz., BRAHMAN, PARMATMA, and BHAGWAN.

It is this Reality whom various 'Faiths' or Religions denote or express by different names, viz., **God, Holy Father, Allah, Khuda Ahur Mazda** etc., as 'Rugved' proclaims - "EKAM SAT VIPRAHA BAHUDHA VADANTI". There is One Reality, called differently by various scholars.

It was an exciting journey in the quest of search of REALITY. Our inquisitive mind helped us to reach our goal. We found its identity, with mental exeraise Descartes, a genius french philosopher rightly said - "I THINK, THEREFORE I AM".

But, our journey does'nt end here !

(૨૦)

હા, છેવટે આપણે તે **‘પરમ તત્ત્વ’** શું ? તે જાણી લીધું, તેની ઓળખ મેળવી લીધી, તે અન્ય કશું જ નહીં, માત્ર **‘શુદ્ધ આનંદ’** જ છે. તે રસરુપ છે. તેને જ **‘કૃષ્ણ’** કહે છે. તે આનંદ રસનું ઘનીભૂત સ્વરુપ છે. તેજ **‘સચ્ચિદાનંદ’** છે. આપણે તેને જ જુદા જુદા સંદર્ભમાં **બ્રહ્મ, પરમાત્મા, ભગવાન** ઈત્યાદિ નામોથી સંબોધી છીએ.

હકિકતમાં તે ‘પરમ તત્ત્વ’ને જ જુદી જુદી આસ્થા ધરાવનાર ધર્મોમાં ભિન્ન ભિન્ન નામ આપવામાં આવ્યા છે. **‘ઋગવેદ’** સરસ વચન કહે છે – **‘એકં સત્ વિપ્રાઃ બહુધા વદંતિ’** અર્થાત્ એક જ ‘પરમ સત્ય’ને જુદા જુદા વિદ્વાનો વિભિન્ન નામોથી બોલાવે છે. કોઈ તેને **બ્રહ્મ, પરમાત્મા, ભગવાન** કહે છે, બીજા તેને માટે **ગૉડ, અલ્લાહ** કે **ખુદા** શબ્દો વાપરે છે. વિભિન્ન ધર્મોમાં ભગવાનના અલગ અલગ નામ છે. પરંતુ **‘પરમ સત્તા’** તો માત્ર એક જ ‘તત્ત્વ’ની છે.

‘પરમ તત્ત્વ’ ULTIMATE REALITY ની શોધ માટે આ એક સુખદ માનસિક યાત્રા હતી. આપણા ચિંતન યુક્ત મગજે આપણને આપણી મંઝિલે પહોંચાડ્યા. વિચારશીલ મન આપણા અસ્તિત્વની ઓળખ છે. સાચું જ કહે છે ‘રેને ડકાર્ટ’ ‘COGITO ERGO SUM’–ફ્રેન્ચમાં. **પરંતુ આપણી યાત્રા અહીં પુરી થતી નથી.**

(21)

Yes, now we know what does REALITY actually signify?. As Sruti says, **'It has exclusive and absolute existence.'** But, the fact of the matter is that our Consciousness makes us aware that **'We too exist'.** Not only that, but innumerable animated and inanimated objects do exist around us in infinite numbers with different froms and names. All these, we experience, in our day to day life, but not that REALITY, whom Sruti identifies as **"Brahman"**, or His extended form KRUSHN.

Accepting and agreeing to what various 'Pramans'. (Verble Testimony') prescribe, it seems quite difficult to understand what really REALITY is, whether what we see and experience, or what those scriptures describe, which we really don't see or experience ! Real dilemma !. How to solve this ? Wherefrom should we get an answer ?.

(૨૧)

હા, હવે આપણે જાણીએ છીએ કે તે **'પરમ તત્ત્વ'**ની વાસ્તવિકતા શું છે, તે કોણ છે ? શ્રુતિ કહે છે, તેમ તે **'એકમાત્ર'** છે, અન્ય કશું જ નથી !

પરંતુ તો પછી પ્રશ્ન થાય કે **'હું કોણ ?'**, તમે કોણ ? મારા–તમારા સિવાય આપણી આજુબાજુ અસંખ્ય વિવિધ રૂપ અને નામધારી જડ–ચેતન પદાર્થો–પ્રાણી–સૃષ્ટિ પણ અસ્તિત્વ ધરાવે છે ! એ બધાનો તો આપણને અનુભવ થાય છે. તેને જોઈ–અનુભવી શકીએ છીએ. પરંતુ શ્રુતિ જેનું **'એક માત્ર'** અસ્તિત્વ બતાવે છે તે **'પરમ તત્ત્વ'** બ્રહ્મ કે કૃષ્ણનો તો કોઈ જ અનુભવ થતો નથી ! તે હોય તો દેખાય કેમ નહીં ? તેનો અનુભવ કેમ ન થાય ? મગજ પાછું વિચારે ચઢી ગયું !

ભલે આપણે સ્વીકારીએ કે શાસ્ત્રો સાચા છે. તેના વચનોના સાતત્યનો વિવિધ વિદ્યાનો દ્વારા પ્રમાણ પણ મળે છે. પરંતુ વાસ્તવિકતા કઈ ? જે મને મારી આંખો સામે પ્રત્યક્ષ દેખાઈ રહી છે, જેનો હું અનુભવ કરી રહ્યો છું તે, કે **'મહાપુરુષોના વચનોને માત્ર શ્રદ્ધાપૂર્વક સ્વીકારી લેવી તે ?'**

એ શું જાતને છેતરવાની વાત નથી. અનેક બાબતોનો વિચાર મારી બુદ્ધિ કાઢે છે, પરંતુ આમાં કાંઈ સમજાતું નથી. આનો ઉકેલ શું ? કોને પૂછવું ?

(22)

Yet another Achary of great prominence, Sri Shamkaracharyaji do accept the exclusive existence of REALITY. But on that very ground, that nothing else exists except REALITY, he refuses to accept reality of anything like **'Jagat'** (universe), which is, infact, perceptible to us. But he says, what we see as 'Jagat', is merely an illusion çreated by 'Maya', an entily which acts like a magician, showing us, which doesn't exist in reality. He goes a step further saying that, there are no individual 'Jivas' (souls or 'atmas), though we identify each separately, like me, and you, and he and....etc., since nothing exists except **'Brahman'**. That is, in fact, **'Atma'** and **'Parmatma'** are identical, one and same.

Here too, he asserts, that it is juglary of **Maya.** He therefore, proclaims **-"Brahman is Real, Jagat is 'mithya' (unreal), and Jiva is nothing but Brahman".**

(૨૨)

મારી મુંઝવણનો ઉકેલ અન્ય ક્યાંય મળે છે ?, તેમ વિચારી શ્રી શંકરાચાર્યજીનું **‘ભાષ્ય’** ખોલ્યું. તેઓ પણ શ્રુતિ વચન **‘એકમેવાદ્વિતિયમ્’** પ્રમાણે દૃઢતાપૂર્વક **‘પરમ તત્ત્વ’** સત્ય (Reality)ને એક માત્ર અને અદ્વિતિય સ્વીકારે છે. તેથી સ્પષ્ટપણે કહે છે કે સૃષ્ટિમાં ‘બ્રહ્મ’ સિવાય કાંઈ છે જ નહીં. તેથી તેમના મતને **‘કેવલાદ્વૈત’** કહે છે.

તેમના મતે, જેને આપણે **‘જગત’** કહીએ છીએ, તેવું વાસ્તવમાં કશું જ નથી ! આપણે જે જડ–ચેતન પદાર્થો–પ્રાણીઓનો અનુભવ કરીએ છીએ, તે બધું હકિકતમાં **‘બ્રહ્મ’** જ છે. પરંતુ **‘માયા’**ના કારણે આપણને તે **‘જગત રૂપે’** ભાસે છે. તે આપણી ભ્રમણા માત્ર છે, કેમ કે અજ્ઞાનવશ આપણે **‘બ્રહ્મ’**ના સ્વરૂપને જાણતા નથી. **‘માયા’** એક જાદુગર જેવી છે જે ન હોય છતાં દેખાડી શકે છે !

વળી તેઓ તો તેનાથી આગળ જઈ એમ સમજાવે છે કે આપણે મારા–તમારા જેવા જુદા જુદા વ્યક્તિગત જીવો જોઈએ છીએ, તેવું વાસ્તવમાં નથી. બધા **‘આત્મા’** તે **‘પરમાત્મા’** છે, અર્થાત્ આત્મા અને પરમાત્મા જુદા નથી. આવો અનુભવ થવો, તે પણ માયાની જ ‘જાદુગરી’ છે.

તેથી તેમણે સૂત્ર આપ્યું છે – **‘બ્રહ્મ સત્ય, જગત્ મિથ્યા, જીવ બ્રહ્મ સિવાય અન્ય કશું નથી’**. હું તો વધુ ગુંચવાયો ! આમાં સાચું શું ?

(23)

We are now again perplexed !. We have three propositions. 1. Nothing exists except REALITY, 'Brahman'. 2. It is the fact that we perceive and experience this 'Jagat'. We have our individual identity too. 3. Shamkaracharyaji says, 'Jagat' is an illusion, it does not exist as we perceive it. A real dilemma !

We have seen that the great Guru SriVallabhacharyaji has helped us knowing the the nature of REALITY.

On going through the shastrarth prakaran of his **'Nibandh'** granth, We find a bold statement. He says that there are many theories put forward by various philosophical schools of thought. Everybody have their own explanations and justifications. But the fact of the matter is, he declares, that "PRAPANCHO BHAGVAT KAARY", meaning the **'Prapanch' (Jagat) is created from** and by **'Brahman',** who is its **'Cause'**, i.e., Jagat is **'Effect'** of Brahman.

(૨૩)

આપણે ફરી ત્રિભેટે આવીને ઉભા રહ્યા ! ખરી સમસ્યા ! ત્રણ વિકલ્પ દેખાઈ રહ્યા છે ! (૧) એક માત્ર ‘પરમ તત્ત્વ’ (Reality)નું જ અસ્તિત્વ છે. અન્ય કશું જ નથી. (૨) આ જડ–જીવાત્મક દૃશ્યમાન જગતનું વાસ્તવિક અસ્તિત્વ છે. આપણા સૌની હસ્તિ પણ હકિકત છે. (૩) શંકરાચાર્યજી કહે છે તેમ આ દેખાતું જગત ‘મિથ્યા’ છે, તે માત્ર આપણો ભ્રમ છે. આ બધું કાલ્પનિક છે. **મન પાછું ચકરાવે ચઢી ગયું.**

આપણે ‘ગુરુ’ શ્રીવલ્લભાચાર્યજીનું માર્ગદર્શન મેળવી ‘પરમ તત્ત્વ’ શું છે તે સમજી શક્યા છીએ. પુનઃ તેમના ગ્રંથનું અવલોકન કરવું જોઈએ તેમ વિચારી તેમના-અદ્ભુત ગ્રંથ નિબંધના **‘શાસ્ત્રાર્થ પ્રકરણ’**ના પાના ફેરવવા માંડ્યા.

એક કારિકા પર આવીને નજર અટકી ગઈ. **‘પ્રપંચો ભગવત્ કાર્યં’** અહીં **‘પ્રપંચ’** શબ્દ તેમણે **‘જગત’** માટે વાપર્યો છે. શ્રીવલ્લભાચાર્યજી એ અહીં ખુલાસો કર્યો છે કે જગતની ઉત્પત્તિને માટે અનેક પ્રકારની **‘દાર્શનિક વિચારધારાઓ’** પ્રવર્તે છે. વિચારકો જુદા જુદા મત ધરાવે છે. સૌ કોઈ પોત પોતાનું અર્થઘટન કરે છે, પરંતુ શ્રી આચાર્યજીના મતાનુસાર જગત **‘પરમ તત્ત્વ’** બ્રહ્મનું જ **‘કાર્ય’** છે. અર્થાત્ **તે બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થયેલું છે. બ્રહ્મ સ્વયં જ જગતનું ‘કારણ’ છે.**

(24)

SriVallabhacharyaji explains that 'Brahman' is the **'Material cause'** (Upaadan kaaran), as well as **'Efficient cause'** (Nimitt kaaran) of 'Jagat'. He is its **'Creator'** (sarjak) too. This is elaborated by an example of Gold piece and ornaments made out of it. In different ornaments, only **form** and **name** changes, but the **element** and **characteristics** of gold remain unchanged. The gold, very much is present in ornaments. Exactly the same way, when Brahman transforms Himself into **Jagat,** the element of **'Brahman'** does not vanish. It is simply a transformation from one aspect to another.

As such, we can say that if 'Brahman' is REAL 'Jagat' too is as much **'Real'** (Satya). It can not be false or **'mithya'**, i.e. illusion as some schools of thought claim. This explanation sounds quite convincing.

(૨૪)

શાસ્ત્ર સમજાવે છે કે જેમ માટીમાંથી ઘડો બને ત્યારે માટી (જેમાંથી ઘડો બને) ને **'ઉપાદાન કારણ'** કહેવાય અને કુંભાર તથા ચાકડો, દંડ વગેરે ઓજાર (જે ઘડાને બનાવે)ને **'નિમિત્ત કારણ'** કહેવાય છે. તેવી જ રીતે **'બ્રહ્મ'** સ્વયં જ 'ઉપાદન' તેમજ **'નિમિત્ત'** કારણ બની જગતને ઉત્પન્ન કરે છે. તેથી જ બ્રહ્મને જગતનો **'સર્જનહાર'** કહ્યો છે.

શ્રી વલ્લભાચાર્યજી સોનાનું ઉદાહરણ આપી સમજાવે છે કે જેમ સોનાની લગડીમાંથી વિભિન્ન આભૂષણ બનાવવામાં આવે છે ત્યારે તેના **રૂપ** અને **નામ** બદલાઈ જાય છે. તેમ છતાં આભૂષણોમાં સોનાનું અસ્તિત્વ તો જેમનું તેમ રહે છે. જ્યારે તેને ગાળી નાંખીએ ત્યારે તે પુનઃ લગડી બની જાય છે. અર્થાત્ માત્ર રૂપાંતર જ થાય છે. બન્ને સ્થિતિમાં તે સોનુ જ હોય છે. તેવી જ રીતે 'બ્રહ્મ' 'જગત' રૂપ બનવા છતાં તેનું **'બ્રહ્મ'** તત્ત્વ તો યથાવત્ જ રહે છે. આમ જગત એ બ્રહ્મનું માત્ર રૂપાંતર જ છે, તેનું બીજું સ્વરૂપ છે.

જો આમ જ હોય તો **'જગત પણ 'બ્રહ્મ' જેટલું જ સત્ય (Real) હોવું જોઈએ, તે મિથ્યા કે આપણો ભ્રમ હોઈ શકે નહીં'**, કારણ કે હકિકતમાં તો તે બ્રહ્મનું બીજું રૂપાંતરિત થયેલું સ્વરૂપ છે. વાત તો ગળે ઉતરે તેવી છે. બુદ્ધિ એ સ્વીકાર્યું.

(25)

Absolutely True, it appears. When shruti says - "EKAMEVADVITIYAM", i.e. **'Brahman'** only exists, then, **'Jagat'**, which we perceive, must be identical to Brahman, who is not perceptible. There must be non-differance between the two. Yes, that is what is called "ADVAIT". That is the doctrine of **"Non-Dualism"**. However, Vallabhites denote it by the word "SHUDDHADVAIT", because there is nothing instrumental for both - **'Brahman'** and **'Jagat'** being identical or non-dual. Both are Pure and REAL. Hence **'shuddha-advait'**.

But, there is yet another problem !. We knew that Brahman is another name for BLISS, i.e. Delight. That is, its main ingredient is anand, Whereas Jagat is the devoid of ANAND. There are lot of miseries, pains and sufferings. This is quite contrary to the nature of **'Brahman'**. If both are identical, how do we explain this anomaly?, my intelac questioned.

(૨૫)

સાચી વાત હવે સમજાય છે, જ્યારે શ્રુતિ કહે છે કે સૃષ્ટિમાં એક માત્ર **‘એકમેવાદ્વિતિયમ્’** બ્રહ્મનું જ અસ્તિત્વ છે, તેનો સીધો અર્થ થાય કે આપણા અનુભવમાં આવતું જડ–ચેતનાત્મક **‘જગત’ ‘બ્રહ્માત્મક’** હોવું જોઈએ. જેને શ્રુતિ **‘બ્રહ્મ’** કહે છે તે અને આ **‘દૃશ્યમાન જગત** વચ્ચે અભેદ, અદ્વૈતપણું છે. (**‘દ્વૈત’** એટલે ‘બે’ હોવું. જે દ્વૈત નથી તે એક જ, અર્થાત્ **‘અદ્વૈત’** કહેવાય.) તેથી જ શ્રી વલ્લભાચાર્યજીનો મત **‘શુદ્ધાદ્વૈત વાદ’** કહેવાય છે, કેમ કે બ્રહ્મ અને જગત વચ્ચેના ‘અદ્વૈત’ સંબંધ માટે માયા અથવા અન્ય કશું નિમિત્ત નથી. તેથી તે **‘શુદ્ધ અદ્વૈત’** છે. બંનેમાં તાદાત્મ્ય સંબંધ રહેલ છે. બન્ને **‘સત્ય’** છે.

હજી એક બાબતનો ગુંચવાડો ઉભો છે. શ્રુતિ વચન પ્રમાણે બ્રહ્મનું જ નામ **‘આનંદ’** છે, અર્થાત્ **‘આનંદ’** બ્રહ્મનું મુખ્ય તત્ત્વ છે, તેમ કહી શકાય ! પરંતુ જગતમાં તો એવા શાશ્વત આનંદનો અનુભવ થતો નથી. તેમાં તો મનુષ્ય અનેક પ્રકારનાં દુઃખો, મુશ્કેલીઓનો અનુભવ કરે છે. **તે આધિ–વ્યાધિ–ઉપાધિથી** ઘેરાયેલ રહે છે. જેને મનુષ્ય ‘આનંદ’ માને છે. તે તો ક્ષણિક હોય છે. જો જગત **‘બ્રહ્માત્મક’** હોય, બ્રહ્મે જ ધારણ કરેલું તેનું **‘બીજું સ્વરૂપ’** હોય તો આવો વિરોધભાસ શા માટે ? કેમ સમજવું કે **‘બ્રહ્મ’** અને **‘જગત’** વચ્ચે અભેદ છે ? પાછી બુદ્ધિ કુંઠિત થઈ ગઈ !

(26)

We know that 'Jagat' consists of both **animated** and **inanimated** objects. Former have **consciousnesses**, whereas latter are **inert**. One may ask - **'How do they come into existence ? when was Jagat manifested ?'.** This needs to be investigated and understood before we know the nature or constitution of **'Jagat'.**

Upanishad says **'The Reality'** - Brahman was alone in the beginning. HE can't play alone, hence HE desired another. HE wished to be many and HE became MANY. HE acquired many forms with different names.

Brahman is called SACHCHIDANAND, as HE is the embodiment of three constituent elements viz., SAT, **(Existence),** CHIT **(Consciousnesses)** and ANAND (Bliss). These three elements are not in isolation, but they integratly exist as a homogeneous body of Brahman.

(૨૬)

આપણે જાણીએ છીએ કે સૃષ્ટિમાં અસંખ્ય પદાર્થો-પ્રાણીઓ અસ્તિત્વ ધરાવે છે. પદાર્થો **‘જડ’** છે. પ્રાણી સૃષ્ટિમાં **‘ચૈતન્ય’** છે. આપણા મનમાં સ્વાભાવિક કુતુહલ થાય કે આવી જડ-ચેતન સૃષ્ટિ અસ્તિત્વમાં કેવી રીતે આવી હશે ? ઉત્પન્ન થઈ હશે ? કોણે તેનું સર્જન કર્યું હશે ? તેથી, જગત શું છે તે જાણ્યા પહેલા આ હકિકત સમજવી જરૂરી ગણાય.

આ વિશે જ્યારે ઉપનિષદોને ટટોલ્યા ત્યારે કેટલાક વચનો પર મારું ધ્યાન આકર્ષિત થયું. **‘સ એકાકી ન રમતેઃ’ ‘સ દ્વિતિયમ્ ઐચ્છતઃ’ ‘એકોહં બહુ સ્યામ પ્રજાયેય’** ઈત્યાદિ. અગાઉ જોયું તેમ બ્રહ્મ એકલા જ હતા. અન્ય કાંઈ જ ન હતું. સ્વાભાવિક છે કે કોઈ એકલો રમી શકે નહીં. તેથી તેણે બીજાની ઈચ્છા કરી. તેણે વિચાર્યું કે હું અનેક થાઉં અને તેણે (બ્રહ્મે) અનેક રૂપ તેમજ નામ ધારણ કરી લીધા. મને સમજાયું કે સૃષ્ટિની ઉત્પત્તિનું રહસ્ય આ વચનોમાં છે. ‘બ્રહ્મ’ની ઈચ્છા તેમાં કારણભૂત છે.

શ્રુતિ બ્રહ્મ ને **‘સચ્ચિદાનંદ’** બતાવે છે. અર્થાત્ તેમાં **સત્-ચિત્-આનંદ** એ ત્રણ તત્ત્વો સમાહિત છે. શ્રી વલ્લભાચાર્યજીએ સમજાવ્યું છે કે તે ત્રણ તત્ત્વો ભિન્ન ભિન્ન નથી પરંતુ એકબીજામાં ઓતપ્રોત છે. આ ત્રણે તત્ત્વો સહિત બ્રહ્મ **‘એક રૂપ’** (homogeneous) છે અદ્ભુત ! વધુ જાણવાની જિજ્ઞાસા થઈ !

(27)

SriVallabhacharyaji explains in **'Nibandh'**, granth **"Brahman determined - 'Let me acquire many forms', and so HE got divided into innumerable forms with different names and actions, yet HE remained One Homogeneous".**

Upanishad says - **"As sparks come out of burning coal, the parts (amsh) of constituent elements** viz., **Sat, Chit** and **Anand** came out of **Brahman". 'Sadamsh'** (parts of 'Sat') formed inanimated (jad) objects, **'Chidamsh',** (parts of 'Chit) became innumerable animated ('Jiva-Srushti'), and **'Anandamsh'** (parts of Anand) came into being as 'Antaryamins'.

As said earlier, inspite of **'sat-chit-anand'** getting divided into innumerable parts, yet **'Brahman'** remains homogeneous **(Avibhakt).** Since nothing exists beyond Brahman, these parts remained within Brahman only. As such 'Jagat' exists in Brahman only.

(૨૭)

'નિબંધ' ગ્રંથ વાંચતાં વધુ ખુલાસો મળ્યો. શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે **'બ્રહ્મે વિચાર્યું કે હું અનેક થાઉં અને તેણે પોતે અસંખ્ય રૂપોમાં વિભાજિત થઈ વિભિન્ન નામ ધારણ કરી લીધા.'** છતાં પણ ખુબીની વાત એ છે કે, તે **'અખંડ'** જ રહ્યો !

બ્રહ્મની વિભાજિત થવાની પ્રક્રિયાને સમજાવતાં ઉપનિષદ કહે છે – **જેમ સળગતા અગ્નિમાંથી ચિનગારીઓ બહાર નીકળે છે. તેમ બ્રહ્મના ત્રણેય તત્ત્વો–સત્, ચિત્ અને આનંદના અંશો (parts) વ્યુચ્ચરિત થયા** (છુટા પડ્યા). તેના **'સદંશ'**માંથી જડ પદાર્થો બન્યા, **'ચિદંશ'**માંથી અસંખ્ય જીવાત્મા ઉત્પન્ન થયા અને **'આનંદાંશ'**માંથી અનંત અંતર્યામિ પ્રકટ થયા.

પરંતુ મને વિચાર આવ્યો કે જે કાંઈ અસ્તિત્વ ધરાવે છે તે બધું જ માત્ર 'બ્રહ્મ' છે તો પછી આ વિભિન્ન અંશો બ્રહ્મમાંથી બહાર ક્યાં પડ્યા હશે ? શ્રી આચાર્યજી એ ખુલાસો કર્યો છે કે જેમ સમુદ્રમાં લહેરો ઉઠે તો તે સમુદ્રની બહાર હોતી નથી, તેમાં જ હોય છે. તેમ જ આ ત્રણેય અંશો બ્રહ્મની ભીતર જ હોય છે. અર્થાત્ સમગ્ર 'જગત' બ્રહ્મમાં જ સ્થિત છે.

હવે વાત સ્પષ્ટ થઈ કે બ્રહ્મ જગત સ્વરૂપે રૂપાંતરિત થઈ **'જડ પદાર્થો' જીવાત્મા** અને **અંતર્યામી** રૂપો ધારણ કરવા છતાં તે **'અખંડ'** જ રહે છે, તેમ શ્રી વલ્લભાચાર્યજીનું કથન યથાર્થ છે. હવે સમજાય છે કે **'બ્રહ્મ જ જગત રૂપે બન્યો છે'** ! ખરેખર ! અદ્ભુત અર્થઘટન !

(28)

Inspite of all the three constituents **Sat, Chit** and **Anand** getting divided into parts (amsh), Brahman remains **homogeneous** (Avibhakt). As such, SriVallabhacharyaji explains that - in inanimated (jad) objects, **'Sadamsh'** remains manifested while **'Chidamsh'** and **'Anandamsh'** get concealed. Similarly, in animated objects (praani srusht), both **'Sadamsh'** and **'Chidamsh'** are manifested, whereas **'Anandamsh'** is concealed. This clearly explains as to why **'Jagat'**, which is constituted of **'animated'** and **'inanimated'** objects, wherein **'Anandamsh'** of Brahman, remains concealed, is devoid of BLISS, i.e. DELIGHT.

SriVallabhacharyaji says that AVIRBHAV (manifestation) AND TIROBHAV (concealment) are two powers of Brahman, by which HE reveals or suppresses **Sat, Chit, Anand** as per HIS **'Will'**. Execellent !

(૨૮)

સૃષ્ટિના સર્જનની અદ્ભુત પ્રક્રિયા. **‘સચ્ચિદાનંદ’** બ્રહ્મના ત્રણેય તત્ત્વો સત્–ચિત્–આનંદએ અંશો વિભાજિત થવા છતાં તે **‘અખંડ–અવિભક્ત’** જ રહે છે ! શ્રી વલ્લભચાર્યાજી સમજાવે છે કે સૃષ્ટિના જડ–પદાર્થોમાં ભગવાનનો **‘સદંશ’** પ્રકટ રહે છે, જ્યારે તેમના **‘ચિદંશ’** અને **‘આનંદાંશ’** તિરોહિત થઈ જાય છે. (છુપાઈ જાય છે). તેવી જ રીતે ‘પ્રાણી સૃષ્ટિ’માં તેમના **‘સદંશ’** તથા **‘ચિદંશ’** પ્રકટ હોય છે. પરંતુ **‘આનંદદાંશ’** તિરોહિત રહે છે.

આથી આપણે સમજી શકીએ છીએ કે જગતના જડ–જીવાત્મક પદાર્થોમાં આનંદાંશ તિરોહિત હોવાથી આપણને તેમાં ભગવાનના **‘દિવ્ય આનંદ’**ની અનુભૂતિ થતી નથી, કારણ કે જીવ **‘ગુપ્તાનંદ’** અને જડ પદાર્થો **‘નિરાનંદ’** છે.

અગાઉ પ્રશ્ન ઉદ્ભવેલો કે જો જગત **‘બ્રહ્માત્મક’** છે, બ્રહ્મનું જ રૂપાંતરીક બીજું સ્વરૂપ હોય તો તેમાં આનંદમય બ્રહ્મના આનંદનો અનુભવ કેમ નથી થતો ? હવે તે પ્રશ્નનું નિરાકરણ થઈ ગયું !

શ્રીવલ્લભાચાર્યજી સમજાવે છે કે **‘આવિર્ભાવ’** અને **‘તિરોભાવ’** નામની ભગવાનની બે શક્તિઓ છે, જેના દ્વારા ભગવાન પોતાના **સત્–ચિત્–આનંદ** તત્ત્વોમાંથી જેને પ્રકટ કરવા ઈચ્છે તેનો **‘આવિર્ભાવ’** કરે છે, અને છુપાવી દેવા ઈચ્છે તેનો **‘તિરોભાવ’** કરે છે. અદ્ભુત લીલા ભગવાનની.

(29)

Thanks to SriVallabhacharyaji's explanation regarding doctrine of **"Avirbhav & Tirobhav"** i.e. 'Manifestation and Concealment', it is quite clear that though **'Brahman'** and the **'Jagat'** are identical, being two aspects of 'One Reality', why Jagat is devoid of 'ANAND'. Very True !

Yet, there is another confusion ! Brahman is said to be **'Nirgun'** in the sense that HE is devoid of attributes viz., **Satva, Rajas** and **Tamas,** which are very much present in **'Jagat'**. How to explain this fact / paradox, though they are two faces of same coin !. quite puzzaling !

We know that **'Brahman'**, by HIS own Will and Power transformed HIMSELF into **'Jagat'**, without the instrumentality of any other element. What is the process of transformation ? Is there any intermediary stage before the World came into existence ? My mind questioned !

(૨૯)

શ્રી વલ્લભાચાર્યજીના **‘આવિર્ભાવ-તિરોભાવ’**ના સિદ્ધાંતને કારણે હવે એ વાત **સ્પષ્ટપણે** સમજાય છે કે **‘પરમ તત્ત્વ’** બ્રહ્મ અને દૃષ્યમાન જગત વચ્ચે તાદાત્મ્ય સંબંધ હોવા છતાં શા માટે જગતમાં આનંદ તત્ત્વનો અભાવ રહેલો છે ! કેમકે, બ્રહ્મે જગત સ્વરૂપે રૂપાંતરિત થતાં જડ પદાર્થો તેમજ પ્રાણી સૃષ્ટિમાંથી પોતાના **‘આનંદદાંશ’**ને તિરોહિત કરી દીધો છે.

પરંતુ હજી એક વિરોધાભાસી બાબત વિશે સ્પષ્ટતા થવી જરૂરી છે. મારી બુદ્ધિએ ટકોર કરી બ્રહ્મને તો શ્રુતિ **‘નિર્ગુણ’** બતાવે છે, અર્થાત્ તેમાં પ્રકૃતિના **સત્વ-રજસ્-તમસ્** ગુણો પ્રકટ નથી. જ્યારે જગતમાં તો એ ત્રણેય ગુણો વિદ્યમાન છે ! જ્યારે આપણે **‘બ્રહ્મ’** અને **‘જગત’**ને એક જ સિક્કાની બે બાજું કહેતા હોઈએ તો બન્ને વચ્ચે આવો વિરોધાભાસ શાથી ?

મનમાં સહજ જિજ્ઞાસા ઉત્પન્ન થઈ કે બ્રહ્મે જ્યારે પોતાની ઈચ્છા માત્રથી, કોઈ બાહ્ય સાધન વિના (અન્ય સાધન હોઈ પણ કેવી રીતે શકે. જો તે **‘એકમેવાદ્ધિતિયમ્’** છે તો !) જગત રૂપે પોતાનું બીજું સ્વરૂપ ધારણ કરી લીધું હશે ત્યારે કેવી પ્રક્રિયા થઈ હશે ? શું જગતના અસ્તિત્વમાં આવ્યા પૂર્વે કોઈ ઘટના ઘટી હશે ? કેમ કે પ્રત્યેક **‘કાર્ય’**નું **‘કારણ’** હોય છે, તે આપણો અનુભવ છે !

(30)

Now, we know that KRUSHN, the embodiment of element 'Anand', is the REALITY. Bhagvan SriKrushn says in 'Gita', one of the 'Verble testimonies, that - "ATOSMI LOKE VEDE CH PRATHIT PURUSHOTTAM" meaning, 'I am known as PURUSHOTTAM in **lok** and **ved**. As such, REALITY is also known as **'Purushottam'**. Our equation therefore becomes - **Brahman = Parmatma = Bhagwan = Krushn = Purushottam.** All these are different names of REALITY in different contexts.

SriVallabhacharyaji explains that when Brahman wished to be many, i.e. to transform HIMSELF into Jagat, its **"Adhidaivik"** aspect **'Purushottam'** evolves its another aspect called AKSHARBRAHM from its foot. It is HIS **"Aadhyatmik"** aspect. Likewise, Jagat is the **"Adhibhautik"** aspect of Brahman.

(30)

જગતની ઉત્પત્તિના કારણ વિશે વિચાર કરતાં શ્રી વલ્લભાચાર્યજીના વચન યાદ આવ્યા. તેમણે સમજાવેલું કે **બ્રહ્મ, પરમાત્મા, ભગવાન** એ બધા નામો **‘પરમ તત્ત્વ’**નાં જ છે. વળી **‘શબ્દ પ્રમાણ’** રૂપ **‘ભાગવતે’** પણ ખુલાસો કર્યો છે કે **‘કૃષ્ણ’ સ્વયં જ ભગવાન છે.** તેવી જ રીતે **‘ગીતા’** જે પણ ભગવાનની વાણી હોઈ **‘શબ્દ પ્રમાણ’** જ છે. તેમાં ભગવાન કૃષ્ણના વચન વાંચવા મળ્યા. કૃષ્ણ સ્વયં કહે છે – **‘‘અતોસ્મિ લોકે વેદે ચ પ્રથિત પુરુષોત્તમઃ’’** અર્થાત્ ‘હું જ લોક અને વેદમાં ‘‘પુરુષોત્તમ’’ નામે પ્રસિદ્ધ છું.’ **‘પરમ તત્ત્વ’**ના નામોમાં એક ઉમેરો થયો– **‘પુરુષોત્તમ’**

હવે ‘પરમ તત્ત્વ’ (Reality) વિશે સમીકરણ બને – **બ્રહ્મ = પરમાત્મા = ભગવાન = કૃષ્ણ = પુરુષોત્તમ.** અદ્ભુત ! તત્ત્વ એક જ, સંદર્ભ જુદા જુદા !

શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે જ્યારે **‘પરમ તત્ત્વ’** બ્રહ્મે અનેક રૂપ થવાની ઈચ્છા કરી ત્યારે પોતાના **‘આધિદૈવિક’** પુરુષોત્તમ સ્વરુપના ચરણ સ્થાનમાંથી પોતાનું વ્યાપક સ્વરૂપ **‘અક્ષરબ્રહ્મ’** પ્રકટ કર્યું, જે તેમનું **‘આધ્યાત્મિક સ્વરૂપ’** કહેવાય. તે તેમનું અવ્યક્ત **‘સચ્ચિદાનંદ’** સ્વરૂપ જ છે, જે આ દૃશ્યમાન જગતનું **‘કારણ’** છે.

‘અક્ષરબ્રહ્મ’માંથી રૂપાંતરિત થયેલા બ્રહ્મના આધિભૌતિક સ્વરૂપને જ આપણે **‘જગત’** તરીકે ઓળખીએ છીએ.

(31)

'AKSHARBRAHM', an **'aadhyatmik aspect'** of Brahman too, is **'Satchchidanand'.** It is said to be the 'Dhaam (abode), as well as **'Dharm'** (attribute) of **'Purushottam'.** It is **'Vyapak'** (Omnipresent), and **'Avyakta'** (non-manifested), yet acts as substratum of this visible **'Jagat'.**

Aksharbrahm further evolves into 1.**'Kaal'**, 2.**'Karm'**, 3.**'Svabhav'**, 4.**'Prakruti'**, and 5.**'Purush'**. This tentamounts to be the transformation of Brahman HIMSELF into these five forms or we may say that these five are the ingredients for the eventual transformation of Brahman into 'Jagat'.

'Prakruti' and **'Purush'** as evolutes of **"Akshar"** are transformation of **'Sat'** and **'Chit'** elemants of Brahman respectively. 'Prakruti' derives its three attributes viz., **Satva, Rajas** and **Tamas,** respectively from three basic elements of Brahman, i.e. **Sat, Chit** And **Anand.**

(૩૧)

બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ **'અક્ષરબ્રહ્મ'** તે **'સચ્ચિદાનંદ'**, **અવ્યકત** અને **વ્યાપક** છે. **'પુરુષોત્તમ'** અક્ષરબ્રહ્મમાં સ્થિત છે, તેથી તેને તેમનું **'ધામ'** કહેવાય છે. તેવી જ રીતે ગુલાબની સુગંધ તેનો ધર્મ (ગુણ) છે, જે સર્વત્ર વ્યાપ્ત હોય છે. તેમ સર્વ-વ્યાપ્ત અક્ષરબ્રહ્મ **'ધર્મી'** સ્વરૂપ પુરુષોત્તમનો **'ધર્મ'** પણ છે.

આ દશ્યમાન જગતની ઉત્પત્તિ 'અક્ષરબ્રહ્મ'માંથી થયેલ હોઈ તે જગતનું **અધિષ્ઠાન** (આધાર) કહેવાય છે.

જગત રૂપ બનતા પહેલા અક્ષરબ્રહ્મ ચાર સ્વરૂપે રૂપાંતરિત થાય છે - **કાલ, કર્મ, સ્વભાવ** અને **અક્ષર.** અક્ષરમાંથી **'પ્રકૃતિ'** અને **'પુરુષ'** એમ બે રૂપો વિભાજિત થાય છે. અર્થાત્ ૧. **કાલ**, ૨. **કર્મ**, ૩. **સ્વભાવ**, ૪. **પ્રકૃતિ** અને ૫. **પુરુષ** એ પાંચ બ્રહ્મના મૂલભૂત રૂપાંતરિત સ્વરૂપો છે, જે **'જગત'** રૂપે અસ્તિત્વમાં આવે છે.

'સચ્ચિદાનંદ' બ્રહ્મનું **'સત્'** તત્ત્વ **'પ્રકૃતિ'** રૂપે અને **'ચિત્'** તત્ત્વ **'પુરુષ'** રૂપે પ્રકટ થાય છે. તેવી જ રીતે બ્રહ્મના **સત્, ચિત્, આનંદ** તત્ત્વો અનુક્રમે **'સત્વ' 'રજસ્'** અને **'તમસ્'** રૂપે પ્રકટ થાય છે. જેથી પ્રકૃતિ **'ત્રિગુણાત્મક'** છે. તે જડ હોઈ તેમાંથી જગતના જડ પદાર્થો ઉત્પન્ન થાય છે. 'પુરુષ' ચૈતન્ય રૂપ હોઈ, તેમાંથી જગતની પ્રાણી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. આ રીતે અક્ષરબ્રહ્મ જગત રૂપે અસ્તિત્વમાં આવે છે.

(32)

Now it is clear as to why **'Jagat'** contains there attributes vison **Satva, Rajas, Tamas.** It is due to 'Prakruti', which is its integral part.

PRAKRUTI is evolved from **'Sat'** element of Brahman which is the constituent of all inanimated objects.

'Chit' elemant transforms itself into PURUSH which is present as 'Jiva' in all animated objects **(praani srushti).**

KAAL is gesture (cheshta) of Brahman. It contains **'Sadamsh'** partitially. It is instrumental for **'Prakruti'** and **'Purush'** to interact for there evolution into **'Jagat'.**

KARM represents **'Action'**. Brahman transforms HIMSELF as 'Action' of Jivatma, and it remains until one receives reward **(Fal)** thereof.

Brahman transforms HIMSELF into SVABHAV, i. e. the nature of living being or property of inert objects. God's WILL is instrumental for different **'Svabhav'** of objects.

(૩૨)

હવે સમજાય છે કે બ્રહ્મ **'નિર્ગુણ'** હોવા છતાં તેના જ **'આધિભૌતિક સ્વરૂપ'** જગતમાં **સત્વ–રજસ્–તમસ્** ગુણો શાથી વર્તાય છે ? કેમકે, તે ત્રિગુણાત્મક પ્રકૃતિનું **'કાર્ય'** છે. બ્રહ્મનું **'સત્'** તત્ત્વ **'પ્રકૃતિ'**માં રૂપાંતરિત થયું છે, તેમ તેનું **'ચિત્'** તત્ત્વ **'પુરુષ'** તરીકિ રૂપાંરિત થાય છે. જે જગતમાં અનેક જીવાત્મા રૂપે અસ્તિત્વમાં આવે છે.

શ્રી વલ્લભાચાર્યજી તદ્દુપરાંત **'કાલ–કર્મ–સ્વભાવ'**માં રૂપાંતરિક સ્વરૂપોને સમજાવતા પોતાના **'નિબંધ'** ગ્રંથમાં કહે છે –

'કાલ' ભગવાનની ચેષ્ટા છે જેના કારણે **'પ્રકૃતિ'**માં રહેલા ગુણો વિષમ બને છે અને તેનું **'પુરુષ'** સાથે સંયોજન થવાથી તે **'જડ–જીવાત્મક'** જગત રૂપે પ્રકટ થાય છે. કાલમાં 'બ્રહ્મ'નો **'સદંશ'** અંશતઃ રહેલો છે. આમ કાલ ભગવાનનું જ **'સ્વરૂપ'** છે, જે સન્મુખ રહેનાર પર કૃપા કરે છે અને બહિર્મુખને દંડ આપે છે.

'કર્મ'માં પણ અંશતઃ **'સદંશ'** વિદ્યમાન હોય છે. તે જગતમાં રહેલ 'ગતિ'ને પ્રદર્શિત કરે છે. જે **'ક્રિયા'** રૂપે સમજાય છે. ક્રિયા **'કર્મ'** રૂપે પ્રકટ થાય છે. જે 'ફલ રુપે પરિણામ પામે છે. તેનું અસ્તિત્વ ફલ ભોગવાઈ જાય ત્યાં સુધી રહે છે.

'સ્વભાવ'નું કારણ ભગવાનની સ્વયંની **'ઈચ્છા'** છે. જગતના જડ તેમજ ચેતન પ્રત્યેક પદાર્થોમાં ભગવાન પોતે જ વિશિષ્ટ **'સ્વભાવ'** (ગુણ) રૂપથી પ્રકટ થયા છે.

(33)

Quite True. These five ingredients do exist in universe. But, we perceive **'Jagat'** multi-dimentional, with innumerable **forms, names** and functions. But, it is quite difficult to appreciate the inter-relationship of **"Ekamevadvitiyam"** Brahman, and HIS evolutes as **Prakruti, Purush, Kaal, Karm,** and **Svabhav**, as, we in fact, experience heterogeneous characters of Jagat.

I knew that **'Bhagvat'** has all answers, it being capable to dispel all doubts. I started turning its pages. The 3rd canto was titled as **"Sarga Lila"**, meaning **'Creation'**. It was amazing to read the preaching of **"Saamkhya Darshan"** by Lord **'Kapil dev'** to his mother Devhuti. He elaborated the characteristics of PRAKRUTI, having 24 primary elements, which constitute the material form of **'Jagat'** and its interaction with PURUSH.

(૩૩)

ખરેખર ! જગતમાં ભગવાનના આ પાંચ રૂપાંતરિત સ્વરૂપો વર્તાય છે : **પ્રકૃતિ**–જડ પદાર્થો રૂપે, **પુરુષ**–ચૈતન્ય રૂપે, **કાલ** (સમય રૂપે), **કર્મ** (ગતિ રૂપે), **સ્વભાવ** (ગુણ રૂપે). પરંતુ વાસ્તવમાં આપણે જગતમાં વિવિધ રૂપ અને નામનો અનુભવ કરીએ છીએ, તેથી તેમાં રહેલ **‘એકમેવાદ્વિતિયમ્’** બ્રહ્મના અસ્તિત્વને સમજવું મુશ્કેલ જણાય છે. જગતની વિવિધતાને કેમ સમજવી ? બુદ્ધિએ પ્રશ્ન કર્યો !

‘શબ્દ પ્રમાણો’ની શૃંખલામાં એ સમજાયું છે કે **‘ભાગવત’** સર્વ સંદેહવારક છે. તેમાં બધા જ પ્રશ્નોના ખુલાસા પ્રાપ્ત થઈ શકે છે. એટલે તેના પાના ઉથલાવા માંડ્યા. ત્રીજા સ્કંધમાં આવતાં નજર અટકી ગઈ !

આ સ્કંધને **‘સર્ગ લીલા’** કહી છે. સૃષ્ટિના સર્જનની પ્રક્રિયા તેમાં સમજાવવામાં આવી છે. છવ્વીસમા અધ્યાયમાં કપિલ દેવે માતા દેવહુતિને આપેલ **‘સાંખ્ય દર્શન’**નો ઉપદેશ અદ્દ્ભુત છે. તેમણે પ્રકૃતિમાંથી પ્રકટ થતાં સૃષ્ટિના **૨૪ મૂળભૂત ‘તત્ત્વો’**ની ઉત્પત્તિ કેવી રીતે થાય છે, તેની વિસ્તૃત સમજુતી આપી છે. તેમજ **‘પ્રકૃતિ’** સાથે **‘પુરુષ’**ના સંયોજનની પ્રક્રિયાનું નિરુપણ કર્યું છે. જગતની ઉત્પત્તિના મુળને સમજવા માટે ભાગવતનો આ સ્કંધ યથાર્થ માર્ગદર્શન પૂરું પાડે છે.

આપણી **‘વૈચારિક પ્રક્રિયા’** શાસ્ત્રોમાંથી સમાધાન શોધી આપે છે, તે સમજાયું !

(34)

Oh ! What a surprise!. Similar explanation I found, given by SriVallabhacharyaji in his **'Nibandh' (Sarva-nirnay)**. He corroborates Sruti statement **"Ekamevadvitiyam"**, by saying "PRAMEYAM HARIREV EKAH", meaning -**'The object of knowledge'**, REALITY is 'ONE' only. i.e. there is nothing else but **'ShriHari'**, ie **'Krushna'**

He elaborates - HE (SriHari i.e. Krushn) is both **'Sagun'** (with attributes), as well as **'Nirgun'** (attributeless), and also 'Kaaran' **(cause)** and 'Kaarya' **(effect),** meaning, who is responsible for **'Utpatti, Sthiti** and **Lay'** ie. **creation, Sustainance** and **Destruction** of this **'Jagat'** (Universe).

However, it is quite difficult to appreciate or comprehand the complex phenomenon of **'Creation'**. As such, SriVallabhacharyaji clarifies that, it is explained in three categories distinctively, viz, 1.**'The Principal'**, 2.As **'Cause'**, (Karan) and 3. As **Effect** (Kaarya).

(૩૪)

મને અચાનક યાદ આવ્યું કે શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના **'નિબંધ'** ગ્રંથના **'સર્વનિર્ણય પ્રકરણ'**માં પણ કાંઈક આવો જ ખુલાસો કર્યો છે. તેમણે શ્રુતિ વચન **'એકમેવાદ્વિતિયમ્'**નું અનુમોદન કરતાં કહ્યું છે – **'પ્રમેયં હરિરેવ એકઃ'** અર્થાત્ **'પ્રમેય'** એટલે જાણવાલાયક તત્ત્વ એક માત્ર **'શ્રીહરિ'** જ છે **'પરમ તત્ત્વ'** (Reality) કેવલ એક જ છે. તે સિવાય અન્ય કાંઈ જ નથી. **કેટલું સામ્ય !**

વધુ ખુલાસો કરતાં તેઓ કહે છે કે **'પરમ તત્ત્વ' 'શ્રીહરિ'** (કૃષ્ણ) **સગુણ** તેમજ **નિર્ગુણ** બન્ને છે. તેઓ જ આ જગત રૂપ **'કાર્ય'** છે, અને તેનું **'કારણ'** પણ છે. એટલે શ્રીહરિ પોતે જ પોતાનામાંથી જગત રૂપે પરિણમિત થાય છે. અર્થાત્ તેઓ જ જગતની ઉત્પત્તિ–**સ્થિતિ–લય**નું કારણ છે.

પરંતુ જગતની ઉત્પત્તિની પ્રકીર્ણ પ્રક્રિયા સમજવી કઠિન છે. કેવી વિચિત્ર વાત ! 'પરમ તત્ત્વ' બ્રહ્મ પોતે જ જગત રૂપ બનવામાં **'કારણ'** રૂપ અને **'કાર્ય'** રૂપ જગત પણ **'બ્રહ્મ'** જ ! બુદ્ધિમાં ઝટ ઉતરે તેવી હકિકત નથી.

તેથી શ્રી વલ્લભાચાર્યજી બ્રહ્મની ત્રણ કોટી (Category) સમજાવે છે.

૧. **'મૂળ કોટી'** અર્થાત્ 'બ્રહ્મ'નું **મૂળભૂત સ્વરૂપ**, **'પુરુષોત્તમ'** અથવા **'કૃષ્ણ'** ૨. **'કારણ કોટી'**, જે આ જગતની ઉત્પત્તિનું **'કારણ'** છે અને ૩. **'કાર્ય કોટી'**, જે આ દૃશ્યમાન **'જડ-જીવાત્મક જગત'** છે.

(35)

SriVallabhacharyaji has explicitly explained the phenomenon of evolution in his **'Nibandh'** granth describing three categories of the REALITY **(Prameya).**

1. **'Mul Svarup'** SHRIHARI he say, has three forms, viz., (i) represening **"Kriya shakti"**, as **"Yajna Svarup"**; (ii) representing **"Jnaan shakti"**, as **"Brahman"**; and (iii) unified **"Jnaan-Kriya Shakti"** SRIKRUSHN. As such the Principal form (Svarup) of the REALITY is "KRUSHN".

2. **'Kaaran Svarup'** - Srivallabhacharyaji has explained (corroborating with Bhagvat) that, by the instrumentality of **'Kaal'**, **'Prakruti'** interacts with **'Purush'**, which results into various basic elements chronologically. They are 'MAHAT' tattva, AHAMKAR etc. There are 28 Tattvas (elements) , which are instrumental or can be said as **"Karan-Brahm"**, or **"Kaaran Svarup).**

(૩૫)

શ્રી વલ્લભાચાર્યજીએ સૃષ્ટિની ઉત્પત્તિની પ્રક્રિયાચો ખુલાસો કરતાં **‘નિબંધ’** (સર્વનિર્ણય-પ્રકરણ) ગ્રંથમાં **‘પરમ તત્ત્વ’** (Reality)ની ત્રણ કોટી દ્વારા સમજાવી છે.

(૧) મૂલ કોટી – શ્રીહરિના ત્રણ રૂપ છે. ૧. ‘ક્રિયાશક્તિ’–જેનું વેદના **‘પૂર્વકાંડ’**માં **‘યજ્ઞ રૂપ’** બતાવેલું છે. ૨. **‘જ્ઞાનશક્તિ’**–જેનું વેદના **‘ઉત્તરકાંડ’**માં **‘બ્રહ્મ’** રૂપે વર્ણાવામાં આવ્યું છે. ૩. **‘ક્રિયા–જ્ઞાન ઉભય શક્તિ’**–જેનું નિરુપણ શ્રીમદ્ ભાગવતમાં **‘કૃષ્ણ’** સ્વરૂપથી કરવામાં આવ્યું છે. અર્થાત્ ‘પરમ તત્ત્વ’ની મૂલ કોટી તે **‘કૃષ્ણ સ્વરૂપ’**.

(૨) કારણ કોટી – શ્રી વલ્લભાચાર્યજી ભાગવતના તૃતીય સ્કંધમાં નિરુપિત **‘કપિલ–ગીતા’** (સાંખ્ય દર્શન)ને અનુમોદન આપતાં સમજાવે છે કે ભગવાનના રૂપાંતરિક થયેલ **‘કાલ’**ની ચેષ્ટાના પરિણામે **પુરુષ પ્રકૃતિ** સાથે સંયોજિત થાય છે, જેના કારણે સર્વ પ્રથમ **‘મહત્’** નામનું તત્ત્વ ઉત્પન્ન થાય છે. તેમાંથી **આધિદૈવિક, આધ્યાત્મિક** અને **આધિભૌતિક**, એમ ત્રણ પ્રકારના **‘અહંકાર’**ની ઉત્પત્તિ થાય છે અને તેમ ક્રમશઃ ૨૮ **‘તત્ત્વો’** પ્રકટ થાય છે, જે જગતની ઉત્પત્તિના કારણ રૂપ હોય છે. તેથી તેને **‘કારણ બ્રહ્મ’** કહે છે તે ‘પરમ તત્ત્વ’ની **‘કારણ કોટી’** છે.

(36)

Elaborating **"Kaaran Brahm"** SriVallabhacharyaji enumerates 28 'Tattvas' thus - 1. **Purush,** 2. **Prakruti,** 3. **Mahat,** 4. **Ahaamkar** (ego), 5 to 9.- **five Tamaatra,** viz., Shabd (speech), Sparsh (touch), Akruti (Rup - form), Ras (taste), Gandh (smell); 10 to 14 - **five 'Panch mahabhut'**, viz., Pruthvi (earth), Jal (water), Vaayu (air), Agni (fire), Aakash (sky); 15 to 19 - five **'Karmaendriya'** - vz., Hands, Feet, Mouth, Guda, Paayu; 20 to 24 - **five 'Jnanendriy** (sense organs) viz., Ears, Skin, Eyes, Toung, Nose; 25. Mind (man), 27 to 28 - **three Gunas** (attributes), viz. Satva, Rajas Tamas. These are **'Cause'** (Kaaran) which produces various animated and inanimated objects which we see in Jagat, as **'Effect'** (Karya).

In fact, **'Ahamkar'** is of three types, viz., **Adhidaivik, 'Adhyatmik'** and **'Adhibhautik',** out of which, **"mind", "ten organs" "Tanmatras** and **Panch mahabhut"** are produced respectively.

(૩૬)

‘પરમ તત્ત્વ’ની બીજી **‘કારણ કોટી’**માં **‘કાલ’**ના પ્રભાવના કારણે **પ્રકૃતિ** અને **પુરુષ**ના સંયોજનથી ઉત્તરોત્તર **‘મહત્ તત્ત્વ’, અહંકાર** ઈત્યાદિ ૨૮ તત્ત્વો ઉત્પન્ન થયા હોવાનું શ્રીવલ્લભાચાર્યજી ‘નિબંધ ગ્રંથ’ના સર્વનિર્ણય પ્રકરણમાં સમજાવે છે. તે તત્ત્વોમાંથી આ જડ-જીવાત્મક જગત ‘અસ્તિત્વ’માં આવ્યું છે.

અગાઉ જોયું તેમ ત્રણ પ્રકારના ‘અહંકાર’–આધિદૈવિકમાંથી **મન**, આધ્યાત્મિકમાંથી **પાંચ કર્મેન્દ્રિયો** તથા **પાંચ જ્ઞાનેન્દ્રિયો** અને આધિભૌતિકમાંથી **પાંચ તન્માત્રાઓ** તથા **‘પંચ મહાભૂત’** ઉત્પન્ન થયા છે. તદર્થે મૂલ તત્ત્વો – ૧. **પુરુષ**, ૨. **પ્રકૃતિ**, ૩. **મહત્**, ૪. **અહંકાર**, ૫. **મન**, ૬ થી ૧૦. **કર્મેન્દ્રિયો**–હાથ, પગ, મુખ, ગુદા, પાયુ. ૧૧ થી ૧૫. **પાંચ જ્ઞાનેન્દ્રિયો**–આંખ, કાન, નાક, જીભ, ત્વચા. ૧૬ થી ૨૦. **પાંચ તન્માત્રાઓ**–રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ. ૨૧ થી ૨૫. **પંચ મહાભૂત**–પૃથ્વી, જલ, વાયુ, તેજ, આકાશ તથા ૨૬ થી ૨૮. **ત્રણ ગુણો**–સત્વ, રજસ્, તમસે એમ મળી કુલ ૨૮ થાય.

આ મૂલભૂત તત્ત્વો છે જેને **‘કારણ બ્રહ્મ’** કહેવાય, જેના દ્વારા આ દશ્યમાન જગતરૂપી **‘કાર્ય’**ના સર્વે જડ-જીવાત્મક પદાર્થોની ઉત્પત્તિ થયેલી છે. આજ હકિકતનું નિરુપણ ભાગવતના તૃતીય સ્કંધમાં પ્રાપ્ત થાય છે.

(37)

The third category of REALITY is "Kaary Brahm", i.e. the visible World, **'Jagat'.** SriVallabhacharyaji explains that like the chronological evolutes of 'SAT' constituent of Brahman, from Prakruti onwards, the disintegration **(vyuchcharan)** of 'CHIT' and 'ANAND' constituents can not be termed as **'Cause'** or **'Element',** since, they form innumerable parts as **'Jivatmas'** and **'Antaryamis'** dwelling in animated objects **(Praani srushti)** in **Jagat.**

As such, the REALITY as **'Pramey'** can be identified, in Original Form (SVARUP) as SHRIKRUSHN ; in 'KAARAN' category as **28 'Elements'** (Tattvas), which are enumerated; but, in 'KAARYA' category, the 'Pramey' being innumerable, cannot be counted.

Thus, we can recognize or comprehand the REALITY in different 'Aspects', viz., **Adhidaivik, Aadhyatmik** and **Adhibhautik.**

(૩૭)

શ્રી વલ્લભાચાર્યજી આ દૃશ્યમાન જગતને 'પરમ તત્ત્વ'ની **'ત્રીજી કોટિ'** કહે છે, કારણ કે તે બ્રહ્મનું જ **'આધિભૌતિક સ્વરુપ'** છે. અગાઉ જોયું તેમ **'સચ્ચિદાનંદ'** બ્રહ્મના **'સદંશ'**, **'ચિદંશ'** અને **'આનંદાશ'** તેમનાંથી વ્યુચ્ચરિત (છુટા પડી) અનુક્રમે 'જડ પદાર્થો' અને અસંખ્ય 'જીવાત્મા' તથા 'અંતર્યામી' બન્યા છે. વાસ્તવમાં **'સત્'** અને **'ચિત્'** તત્ત્વો જ પ્રકૃતિ અને પુરુષ રુપે રુપાંતરિત થાય છે, જેમાંથી કારણ રુપ ૨૮ મૂલ તત્ત્વો ઉત્પન્ન થાય છે.

શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે ઉપરોક્ત બ્રહ્મના **'સદંશ'**માંથી રુપાંતરિત **'પ્રકૃતિ'**માંથી ઉત્પન્ન થતા 'કારણ રુપ' તત્ત્વોમાંથી 'કાર્યરુપે' અસંખ્ય જડ **પદાર્થો** ઉત્પન્ન થાય છે, તેમ બ્રહ્મના **'ચિદંશ'** અને 'આનંદાશ' સ્વયં **'કારણ'** બનતા નથી, કારણ કે **'ચિદંશ'** સ્વતઃ અસંખ્ય **'જીવાત્મા'** સ્વરુપે અસ્તિત્વમાં આવે છે અને **'આનંદાંશ'** સ્વતઃ અસંખ્ય **'અંતર્યામી'** રુપે પ્રકટ થઈ પ્રત્યેક જીવાત્મા સાથે સ્થિત રહે છે, જે **પરમાત્મા** રુપે સ્વયમ્ જ ફલરુપ છે.

આમ જગત રુપે 'કાર્ય' કોટિમાં અગણિત રુપ અને નામ સાથે પ્રકટ થતાં જડ–જીવાત્મક સ્વરુપોની 'કારણ કોટિ'ના તત્ત્વોની માફક ગણતરી થઈ શકતી નથી. આમ 'પરમ તત્ત્વ' (Reality)ને જુદી જુદી ત્રણ કોટિથી સમજી શકાય છે.

(38)

In respect of REALITY in the category as **'Kaarya - Brahm',** SriVallabhacharyaji has further clarified that because of the transformation of **'Prakruti'** as **'Jagat',** due to its three attributes (Gunas - **satva, rajas** and **tamas**), it has three aspects viz., **Adhidaivik, Adhyatmik** and **Adhibhautik.**

Accordingly, as **'Satchchidanand',** its **'Sat'** is Adhibhautik, **'Chit'** is Adhyatmik, and **'Anand'** is Adhidaivik aspects. Likewise, Body (Deh) is **Adhibhautik,** Soul (Jiva) is **Adhyatmik,** and God (Ish - Antaryami) is **Adhidaivik** aspects.

We now know the three aspects of REALITY thus - KRUSHNA , the **Principal,** AKSHARBRAHM, as **'Cause'** , and ANTARYAMI, the controller within, acting dually, as **"Samasti"** - universally, and as **"Vyashti"** - individually.

(૩૮)

‘પરમ તત્ત્વ’ની **‘કાર્ય કોટિ’** વિશે શ્રી વલ્લભાચાર્યજી વધુમાં ખુલાસો કરે છે કે પ્રકૃતિ **‘જગત’** રૂપે પરિણમિત થવાના કારણે તેના ત્રણ ગુણો–**સત્વ, રજસ્, તમસ્** તેમાં અનુભવાય છે. તે ત્રણેય ગુણો અનુક્રમે **આધિભૌતિક, આધ્યાત્મિક** અને **આધિદૈવિક** રૂપો છે.

તદનુસાર **‘સચ્ચિદાનંદ’** બ્રહ્મનું **‘સત્’** તત્ત્વ આધિભૌતિક **‘ચિત્’** આધ્યાત્મિક **‘આનંદ’** તત્ત્વ આધિદૈવિક છે. તેવી જ રીતે ‘સદંશ’માંથી ઉત્પન્ન થયેલો **‘દેહ’** આધિભૌતિક છે. **‘ચિદંશ’**માંથી ઉત્પન્ન **‘જીવાત્મા’** આધ્યાત્મિક છે અને ‘આનંદાંશ’માંથી ઉત્પન્ન થયેલા **‘અંતર્યામી’** આધિદૈવિક સ્વરૂપ છે.

શ્રી વલ્લભાચાર્યજીએ આપેલા ઉપરોક્ત સમગ્ર ખુલાસાથી હવે ‘પરમ તત્ત્વ’ (Reality)નું યથાર્થ સ્વરૂપ તેની ત્રણેય શ્રેણીને સમજવાથી જાણી શકાય છે. **‘પરમ તત્ત્વ’**નું મૂલ સ્વરૂપ **‘કૃષ્ણ’** જ છે. તે સ્પષ્ટ થાય છે. તે જ સ્વરૂપ પોતાના આધ્યાત્મિક સ્વરૂપ **‘અક્ષર બ્રહ્મ’** રૂપે પ્રકટ થઈ સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ બને છે. તેમાંથી પરિવર્તિત થઈ તે **‘પરમાત્મા’** રૂપે **‘સમષ્ટિ અંતર્યામી’** સ્વરૂપે સમસ્ત વિશ્વનું નિયમન કરે છે. જ્યારે, **‘વ્યષ્ટિ અંતર્યામી’** તરીકે તે વ્યક્તિગત **‘જીવાત્મા’**ના નિયામક બને છે.

(39)

Friends, starting our spiritual pilgrimage in the quest to indentify the "REALITY", whom commonly we denote as GOD or BHAGWAN, inquisitively, by our rational faculty, searching through the 'Verble Testimonies' like **Upanishad, Bhagvat** etc. and from teachings of great Guru **Shri Vallabhacharyaji**, on 39th day of our journey, we have reached to know the fact that, LORD SHRIKRUSHN is that "EKAMEVAADVITIUM" Entity, who ONLY exists to the exclusion of everything else, yet, playing in the universe acquiring innumerable forms and names.

I recollect the verse of **'Maglaacharan'** of 'Nibandh' granth of SriVallabhacharyaji, where, very beautifully, he has expressed the FACT and PHENOMENON thus -

"I bow down to 'ADBHUT KRUSHN' (Sachchidand), who is playing in the 'JAGAT' by disintegrating HIMSELF into various forms acquiring different names".

(૩૯)

‘પરમ તત્ત્વ’ને ઓળખવાની જિજ્ઞાસાને કારણે આપણે માનસિક રૂપે આધ્યાત્મિક યાત્રા શરૂ કરેલી. જેને આપણે સામાન્યતઃ **‘ભગવાન’** કહીએ છીએ, તે તત્ત્વ શું છે, તે જાણવા માટે આપણી વૈચારિક ક્ષમતાના કારણે આપણે **ઉપનિષદ, ગીતા, ભાગવત** ઈત્યાદિ શાસ્ત્રોના પ્રમાણો તેમજ શ્રી વલ્લભાચાર્યજી જેવા સમર્થ ગુરુના વચનો દ્વારા સમજી શક્યા કે ઉપનિષદ જેને **‘એક અને અદ્વિતિય તત્ત્વ’** કહે છે તે પરબ્રહ્મ પરમાત્મા **‘શ્રીકૃષ્ણ’** જ છે, જે બ્રહ્મ રૂપ જગતમાં અનેક રૂપ અને નામ ધારણ કરી વ્યાપી રહેલ છે.

હવે સમજાય છે શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના **‘તત્વાર્થ દીપ નિબંધ’** ગ્રંથના શાસ્ત્રાર્થ પ્રકરણની શરૂઆતમાં કરેલા મંગળાચરણનો મર્મ !

તેમણે કહેલું છે – **‘નમો તસ્મૈ ભગવતે કૃષ્ણાયાદ્ભુત કર્મણે, રૂપ નામ વિભેદેન જગત ક્રીડતી યો યતઃ’** અર્થાત્–અદ્ભુત કર્મ કરવાવાળા ભગવાન કૃષ્ણ, જેઓ વિભિન્ન રૂપ અને નામ ધારણ કરી આ જગતમાં ક્રીડા કરી રહેલ (રમી રહેલ) છે, તેમને હું નમન કરું છું. હું મુગ્ધ થઈ ગયો. કેટલું સચોટ વર્ણન ! કેટલી યથાર્થ ભૂમિકા !

મને લાગ્યું કે આ મંગલાચરણથી ચિંતક શ્રીવલ્લભાચાર્યજી પોતાની દાર્શનિક વિચારધારાનો સંકેત આપી રહ્યા છે. અદ્ભુત !

(40)

Ultimately, we could identify that exclusive REALITY, the **'Brahman'**, whom entire world knows as LORD SHRI KRUSHN. Therefore, it is said - "KRUSHNAM VANDE JAGAT GURUM", since, HE Himself has explained about the various aspects of the the REALITY, and the whole phenomena of the UNIVERSE in HIS **"Gita"**.

Having known the REALITY, it is essential as well, to know about our **'Individual identity'** and the **'cause of our existence'**, as I recollectd what the father of western philosophy, **'Socrates'** had posed a question - "KNOW THYSELF".

But how?. That is the big question !. Suddenly, it struck to my mind - 'Why should we not search through **'Gita'**, because, Bhagvan 'SHRI KRUSHN, definitely must have dealt with the identity of an **'Individual Being'** too !

(૪૦)

આપણી વૈચારિક કવાયતના અંતે તે **'પરમ તત્ત્વ'** બ્રહ્મને તો જાણી લીધા કે તેને જ સમગ્ર વિશ્વ **'ભગવાન શ્રીકૃષ્ણ'**ના નામથી ઓળખે છે. તેમને લોકો માત્ર **'પરમાત્મા'** જ નહીં પરંતુ **'વિશ્વ-ગુરુ'** રૂપે સ્વીકારતા કહે છે – **'કૃષ્ણં વંદે જગદ્ ગુરુમ્'**, કારણ કે, તેમણે વિશ્વ વિખ્યાત ગ્રંથ **'ગીતા'** દ્વારા તે **'પરમ તત્ત્વ'**ના સ્વરૂપ વિશે તેમજ **જીવ, જગત, માનવના કર્તવ્ય** ઈત્યાદિ અનેક વિષયો બાબત જ્ઞાન આપ્યું છે.

'પરમ તત્ત્વ' વિશે જાણ્યા પછી સ્વાભાવિક પ્રશ્ન મનમાં ઉદ્દ્ભવ્યો કે જો તે **'તત્ત્વ'** માત્ર જ સૃષ્ટિમાં અસ્તિત્વ ધરાવે છે તો પછી **'હું કોણ ?' મારી ઓળખાણ શું ?** મારા જેવા તો બીજા અનેક છે ! તે બધાનું વજુદ શું ? મન ફરી ચકડોળે ચઢ્યું. પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના પિતા ગણાતા સોક્રેટિસે પણ કહેલું – **'તમારી જાતને પિછાણો !'**

પરંતુ તે કેમ સમજાય, તે મોટો પ્રશ્ન છે !

અચાનક બુદ્ધિએ સહાય કરી, શા માટે તેનો ઉત્તર **'ગીતા'**માંથી જ ન ગોતવો ? ભગવાને જ્યારે વિસ્તારપૂર્વક **'બ્રહ્મવિદ્યા'** તેમાં ભણાવી છે તો વ્યક્તિગત **'જીવાત્મા'**ના સ્વરૂપને પણ સમજાવ્યું જ હોવું જોઈએ !

(41)

Absolutely true. 'Gita' is yet another 'Verble Testimony', accepted by almost all Acharyas of eminance, including, Srivallabhacharyaji, whose granths have immencely help us to identify the REALITY, and knowing it's true nature. He himself has accepted **'Gita'**, as one of the **'Pramans',** in **"Praman- Chatushtay"**, four sourcs of knowledge, based upon which, he has propounded his philosophical thoughts - his doctrine.

In my quest to search the statement of Lord SHRI KRUSHN in respect of an 'Individual Soul', while carefully turning the pages of **'Bhagvad Gita',** my eyes caught an apt narration in its 15 th chapter, which said - "MAMAIVAANSHO JIVIOKE JIVBHUT SANATAN" The Lord was saying that the **'Jivas'** are my **'Amsh'** (parts) only, in perpetuity ('Snatan). Amazing ! I exclaimed !

(૪૧)

ખરેખર ! ‘ભગવદ્ ગીતા’ને બધા આચાર્યોએ **‘જ્ઞાનના સાધન’** તરીકે શબ્દ પ્રમાણ રૂપ માન્યા છે. શ્રી વલ્લભાચાર્યજીએ તો તેને **‘મુખ્ય શાસ્ત્ર’** ગણી પોતાના **‘પ્રમાણ ચતુષ્ટય’**માં મહત્ત્વપૂર્ણ પ્રમાણ ગણ્યું છે. તેના આધારે જ તેમણે તેમના નિબંધ ગ્રંથનું **‘શાસ્ત્રાર્થ પ્રકરણ’** પ્રસ્તુત કરી **‘પરમ તત્ત્વ’** (Reality)ના યથાર્થ સ્વરૂપને સમજાવ્યું છે તથા પોતાના દાર્શનિક સિદ્ધાંતો રજૂ કર્યા છે. **ગીતા સ્વયં** ભગવાન શ્રીકૃષ્ણની પ્રત્યક્ષ વાણી હોઈ, તેનું પ્રમાણ તરીકે વિશેષ મહત્ત્વ છે. તે વિશ્વના આધ્યાત્મિક સાહિત્યનો અદ્ભુત ગ્રંથ ગણાય છે.

તદર્થ, પોતાની જાતની ઓળખવાના પ્રયાસ રૂપે **‘વ્યક્તિગત જીવાત્મા’**ના સ્વરૂપને જાણવા જ્યારે ગીતાના પાના ફેરવવા માંડ્યા, ત્યારે તેના પંદરમા અધ્યાયમાં આવી આંખો અટકી ગઈ. ત્યાં ભગવાન કહી રહ્યા છે – **‘મમૈવાંશો જીવ લોકે જીવભૂત સનાતન’**, અર્થાત્ આ જીવલોકમાં પ્રાણીમાત્રમાં રહેલ જીવાત્મા મારો જ અંશ છે. એટલું જ નહીં, તે સનાતન છે. અદ્ભુત !

મને લાગ્યું કે મારા પ્રશ્નનો જવાબ મને મળી ગયો. પ્રત્યેક જીવાત્મા **‘ભગવાન કૃષ્ણ’**નો અંશ છે. તેથી સ્વાભાવિક છે કે તે આદિકાલથી અસ્તિત્વ ધરાવનાર ‘બ્રહ્મ તત્ત્વ’ની જેમ **‘સનાતન’** હોય !

(42)

Yes, this corroborates with the 'Sruti' statement - **"As the sparks of burning coals emerge from it, in the same way, 'Jivas' are separated from 'Sachchidanand'**, the REALITY. We know that KRUSHN is none other than 'The Reality'.

As such, all **'Individual souls'** are the parts of **"Brahman'**, separated from HIM, while manifesting as the **Universe** (Jagat), as per HIS desire.

But my curious mind raised a doubt ! We know that Brahman is **'Sachchidanand'**, an embodiment of **Sat, Chit** and **Anand** elements. If the souls are eminated from HIM, they should naturally be **'Sachchidanand'**, they being HIS parts (Amsh).

But in reality, it is not so. We rather find the **'Individual beings'** in the world experiencing **'Aadhi-Vyadhi-Upadhi**, i.e., having miseries and sufferings. How to account this, is a big question !

(૪૨)

ભગવાને કહેલું **‘ગીતા’**નું વચન **‘શ્રુતિ-વાક્ય’**નું અનુમોદન કરે છે. ઉપનિષદમાં કહ્યું છે કે – **જેમ સળગતા અગ્નિમાંથી ચીનગારીઓ નીકળે છે, તેમ ‘સચ્ચિદાનંદ’ બ્રહ્મમાંથી તેના ત્રણેય તત્ત્વો સત્-ચિત્-આનંદના અંશો વ્યુચ્ચરિત થાય છે,** અર્થાત્ છુટા પડે છે. આપણે જાણીએ છીએ કે વાસ્તવમાં **‘કૃષ્ણ’** સ્વરૂપે **‘પરમ તત્ત્વ’** પરબ્રહ્મ જ છે. બ્રહ્મમાંથી જ્યારે તેની ઈચ્છાથી જગત ઉત્પન્ન થયું ત્યારે તેના **‘ચિદંશ’** તત્ત્વો જ સૃષ્ટિમાં **‘જીવાત્મા’** રૂપે પ્રકટ થયા છે. તેથી ગીતાનું વાક્ય કે **‘જીવ, કૃષ્ણનો જ અંશ છે’** તેની સાર્થકતા સમજી શકાય છે.

પરંતુ મારી બુદ્ધિએ દલીલ કરી કે બ્રહ્મ તો **‘સચ્ચિદાનંદ’** છે, જેમાં **‘સત્’** અને **‘ચિત્’** ઉપરાંત **‘આનંદ’** તત્ત્વ પણ રહેલું છે. જો જીવાત્મા બ્રહ્મનો જ અંશ હોય તો તે પણ આનંદ સ્વરુપ હોવો જોઈએ. છતાં હકિકત તેમ નથી. વાસ્તવિકતા વિપરિત દેખાય છે. આપણે જોઈએ છીએ કે જગતમાં મનુષ્યો **આધિ-વ્યાધિ-ઉપાધિથી** ઘેરાયેલા, દુઃખી હોય છે. તેમને અનેક પ્રકારની મુશ્કેલીઓ ઝેલવી પડતી હોય છે. ક્યારેક દુન્યવી આનંદ અનુભવતા હોય, પરંતુ તે **ક્ષણિક** હોય છે. દુઃખ એ માનવ જીવનની હકિકત છે. પ્રાણી માત્રની આવી સ્થિતિ છે.

આનો ખુલાસો શું ? મન ફરી ચકડોળે ચઢી ગયું.

(43)

'NIBANDH', I found, is an unique treatise of SriVallabhacharyaji, wherein, he has dealt with all philosophical subjects, based on four fundamental **'Verble Testimonies'**, viz., **Ved, Gita, Brahmsutras,** and **Bhagvat.** As such, I found, it is easier to search through **'Tattvarth deep nibandh'**, rather than going through the individual scriptures.

To solve my puzzle in respect of the state of **'Jivas'**, the **'Individual Beings'**, when I referred to the **'Shastrarth'** chapter of Nibandh, I found an explanation that **'Vidya'** and **'Avidya'** are two powers (Shaktis) of Brahman's main Power called MAYA, which plays a pivotal role in the **'Play'** of 'Brahman', for whom this **'Srushti'** (Jagat) is like a playground.

This may reveal the secret of distinction between Brahman and HIS 'Parts' (Amsh), my mind replied !

(૪૩)

શ્રીવલ્લભાચાર્યજીના ગ્રંથો ઉથલાવતાં સમજાયું કે તેમનો **'તત્ત્વાર્થ દીપ નિબંધ'** નામક ગ્રંથ અદ્‌ભુત અને અતિ મહત્ત્વપૂર્ણ છે. આ ગ્રંથમાં તેમણે **વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો** તથા **ભાગવત,** એ ચાર **'શબ્દ પ્રમાણો'** જેને સામૂહિક રૂપે તેઓ **'પ્રમાણ ચતુષ્ટય'** કહે છે, તેના આધારે તેમણે પોતાના દાર્શનિક સિદ્ધાંતો પ્રતિપાદિત કરી **બ્રહ્મ, જીવ, જગત** આદિ વિભિન્ન તાત્ત્વિક વિષયોને ખુલાસા પૂર્વક સમજાવ્યા છે.

મૈં વિચાર્યું કે જુદા જુદા શાસ્ત્રોમાંથી પ્રમાણ શોધવા કરતાં તેમના આ ગ્રંથ દ્વારા જ **'જીવાત્મા'**ના સ્વરૂપ વિશેનો ખુલાસો મેળવવો જોઈએ. તદર્થ મેં જ્યારે આ ગ્રંથના પ્રથમ **'શાસ્ત્રાર્થ પ્રકરણ'**ના પાના ફેરવ્યા ત્યારે તેમાં એક અગત્યનો મુદ્દો વાંચવા મળ્યો.

શ્રીવલ્લભાચાર્યજીએ સમજાવ્યું છે કે બ્રહ્મની **'માયાશક્તિ'**ના બે રૂપ **'વિદ્યા'** અને **'અવિદ્યા'** બ્રહ્મની 'સૃષ્ટિ–લીલા'માં અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેના દ્વારા જ બ્રહ્મની આ જગતમાં વિવિધ ક્રીડા ચાલી રહી છે.

આથી હું આસ્વસ્ત થયો કે **'સચ્ચિદાનંદ'** બ્રહ્મમાંથી અંશરૂપે છુટા પડેલા અસંખ્ય **'જીવાત્મા'**ઓમાં આનંદ તત્વની ઉણપ શા માટે હશે, તે બાબતનો ખુલાસો આ ગ્રંથમાંથી પ્રાપ્ત થવો જોઈએ.

(44)

'Jivas', the parts, when released from Brahman, are infact, in the original state of **'Sachchidanand'** only, and as such, they are **"Shuddh"** (pure). But on being separated from Brahman, they come in contact with HIS **'Avidya'** power. This results into harbouring wrong notions identiting themselves as their **body** (deh), **organs** (indriyas), **vital** (praan), **internal faculties** (antahkaran) and forget their real identity that, they are **'Brahman's Amsh'**, (Svarup vismruti). Thereby, jivas loose the divine attributes of Bhagwan viz., **'Aishvarya-Virya-Yash-Sree-Gyaan-Vairagya'**.

Due to absence of these **'Divine attributes'**, 'Jivas' become **poor** (din), **insignificant** (hin), **helpless** (ashaay), **ignorant** (agyaani), **miserable**, etc. As such they become **'Bonded'**, due to which, they are subjected to the cycle of births and deaths. This is their **"Baddha avastha"**, a bonded state.

(૪૪)

નિબંધ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે જીવ જ્યારે અંશરૂપે બ્રહ્મમાંથી છુટો પડે છે ત્યારે તે **'સચ્ચિદાનંદ'** રૂપ જ હોય છે. તે સમયે જીવની **'શુદ્ધ અવસ્થા'** કહેવાય છે. તેમાં **સત્–ચિત્–આનંદ** ત્રણેય તત્ત્વોના નિહિત હોય છે.

પરંતુ, જીવ ભગવાનથી છુટે પડતાં તે તેમની **'અવિદ્યા'** નામની શક્તિના સંસર્ગમાં આવે છે. તેના કારણે જીવને **'અધ્યાસ'** લાગે છે, અર્થાત્ મિથ્યા ભ્રાંતિ ઉત્પન્ન થાય છે. તે પોતાને **દેહ, ઈન્દ્રિયો, પ્રાણ** અને **અંતઃકરણ** માનવા લાગે છે, અને પોતાનું વાસ્તવિક સ્વરૂપ કે તે 'ભગવાનનો અંશ છે' તેની તેને **'વિસ્મૃતિ'** થઈ જાય છે.

તદુપરાંત ભગવાનથી અલગ થવાના કારણે જીવમાંથી ભગવાનના દિવ્ય **ષડ્ગુણો–ઐશ્વર્ય, વીર્ય, યશ શ્રી, જ્ઞાન** અને **વૈરાગ્ય**, લુપ્ત થઈ જાય છે.

ઉપરોક્ત ધર્મો જીવમાંથી તિરોહિત થતાં, તે દીન–હીન–પરાધીન બને છે, અનેક દુઃખો અને આપત્તિઓ તેને સહન કરવી પડે છે. જ્ઞાનના અભાવથી તેનામાં અહંકાર અને વિપરીત જ્ઞાન ઉત્પન્ન થાય છે તથા 'વૈરાગ્ય' ન રહેતા તે વિષયાસક્તિમાં ડૂબી જાય છે.

પરિણામે તે **'બંધન'**માં આવી જઈ, જન્મ–મરણના ચકરાવામાં ફસાય છે. જીવની આ અવસ્થાને **'બદ્ધ અવસ્થા'** કહેવાય છે.

(45)

Thus, we have a convincing explanation by Sri Vallabhacharyaji that, though **'Jivas'** are the **'Amsh'** (parts) of **'Amshi - Sachchidanand Brahman'**, they suffer from pains and miseries etc. because of their **'Bonded state'** due to **'Avidya'**. We know that 'ANAND' constituent of Brahman is **'Tirohit'** (concealed) and 'SAT' and 'CHIT' only are **'Avirbhut'** (manifested) in animated objects (praani srushti) in the Universe.

Shri Vallabhacharyaji has further clarified that **'Avidya'** is five folded (panch parva), viz., **"Antahkaranadhyas-Praanadhyas-Indriyadhyas-Dehadhyas** and **Svaup-vismruti"** ('Adhyas' means illusion). This creates a wrong understanding of **'I-ness'** (Ahamta) and **'My-ness'** (Mamata) in the 'Jivas'.

(૪૫)

આમ શ્રી વલ્લભાચાર્યજીએ કરેલા ખુલાસાથી સમજી શકાય છે કે અંશી **‘સચ્ચિદાનંદ’** બ્રહ્મનો અંશ હોવા છતાં, **‘જીવાત્મા’** તેમનાથી છુટો પડતાં તેમની **‘અવિદ્યા’** શક્તિના સંસર્ગમાં આવવાના કારણે **‘બંધન’**માં આવી જવાથી જગતમાં દુઃખ અનુભવે છે, અને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરે છે.

જગતની સમસ્ત **‘પ્રાણી સૃષ્ટિ’**ના જીવાત્મામાં **‘સચ્ચિદાનંદ’** બ્રહ્મના **‘સત્’** અને **‘ચિત્’** તત્ત્વો તો પ્રકટ હોય છે, પરંતુ **‘આનંદ’** તત્ત્વ ‘તિરોહિત’ થઈ જાય છે, અર્થાત્ છુપાઈ જાય છે. તેથી તે આનંદનો અનુભવ કરી શકતો નથી.

શ્રી વલ્લભાચાર્યજી વધુમાં ખુલાસો કરે છે કે ભગવાનની **‘અવિદ્યા શક્તિ’**ના પાંચ પર્વો છે – **અંતઃકરણાધ્યાસ, પ્રાણાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, દેહાધ્યાસ** અને **સ્વરુપ વિસ્મૃતિ. ‘અધ્યાસ’**નો અર્થ છે ‘ભ્રાંતિ’ અથવા ખોટી સમજ.

જીવાત્મા પોતે વાસ્તવમાં ભગવાનનો **‘અંશ’** હોવા છતાં તેનું તેને વિસ્મરણ થઈ જાય છે અને તે પોતાને **દેહ, ઈન્દ્રિય, પ્રાણ** અને **અંતઃકરણ** હોવાનું માની બેસે છે.

આવી ભ્રમણાને કારણે, તેનામાં **‘અહંતા’** અને **‘મમતા’**નો, એટલે કે **‘હું પણા’** અને **‘મારા પણા’**નો મિથ્યા ભાવ જાગે છે. **‘અમુક મેં કર્યું, આ મારું છે’** ઈત્યાદિ તેનામાં ખોટી સમજ પેદા થાય છે.

(46)

We often hear the word "SAMSAAR". Generally, in practice, it is used as synonymous of 'JAGAT'. But, it is not so. The word **'Jagat'**, as we know now, denote the **'Adhibhautik'** aspect of REALITY !

But, ShriVallabhacharyaji has clarified the distinction between the two. He says that our false understanding of 'I-NESS' (ego - Ahanta) and 'MY-NESS' (Mamata), due to **'Avidya'** (Maya) is called **'Samsaar'**. It is created in our mind, which is imaginary, and as such, it is **'Unreal'**, whereas, **'Jagat'** is **'Real'** for the obvious reasons.

ShriVallabhacharyaji further explains that like **'Avidya'**, there is another power of Brahman, called "VIDYA". It is also 'Panch parva (five fold), viz., **Samkhya, Yoga, Tapah, Vairagy** and **Bhakti**. If Jivatma, By God's Grace, acquires **'Vidya'**, his **'Samsaar'** can vanish.

(૪૬)

આપણે **'સંસાર'** શબ્દ અવારનવાર સાંભળીએ છીએ. સામાન્યતઃ લોકો **'જગત'**ના પર્યાય વાંચી શબ્દ રૂપે 'સંસાર' કહેતાં હોય છે. પરંતુ **'જગત'** અને **'સંસાર'** બંને એક નથી. આપણે અગાઉ જોયું કે જગત બ્રહ્મનું બીજું **'આધિભૌતિક'** સ્વરૂપ છે. તેથી તે બ્રહ્મ જેટલું જ **'સત્ય'** (Real) છે.

શ્રીવલ્લભાચાર્યજીએ 'જગત' અને 'સંસાર' વચ્ચે ભેદ સમજાવ્યો છે. તેઓ કહે છે કે જીવને અવિદ્યા–માયાના કારણે જ **'અહંતા'** અને **'મમતા'**ની ખોટી ભ્રાંતિ સમજ અર્થાત્ ખોટી ઉત્પન્ન થાય છે. તેનું નામ જ **'સંસાર'** છે. તે કાલ્પનિક હોવાથી મિથ્યા છે. પરંતુ આ દૃશ્યમાન જગત તો બ્રહ્મનું જ **'કાર્ય'** હોવાથી વાસ્તવિક છે, સાચું છે.

વધુમાં શ્રીવલ્લભાચાર્યજીએ સમજાવ્યું છે કે **'અવિદ્યા'**ની માફક ભગવાનની બીજી શક્તિ **'વિદ્યા'** પણ છે, જે પંચપર્વા છે, તે છે – ૧. **સાંખ્ય**–નિત્ય/અનિત્ય પદાર્થોના ભેદની પરખ, ૨. **યોગ**–ચિત્તને પરમાત્મા સાથે જોડવું. ૩. **તપ**–જીવનમાં ઉદ્ભવતા દુઃખ, દ્વન્દ્વ સહન કરવા. ૪. **વૈરાગ્ય**–ધન/સંપત્તિ, સાંસારિક વિષયોમાં અભાવ અને ૫. **ભક્તિ**–ભગવાનનું પ્રેમપૂર્વક ભજન–સેવન કરવું

જો ભગવદ્ કૃપા એવમ સંત–સમાગમથી આ **'પંચપર્વા વિદ્યા'** સંપાદિત થઈ જાય, તો **'પંચપર્વા અવિદ્યા'**ના અદ્યાસ નિવૃત્ત થતાં **'મુક્તિ'** પ્રાપ્ત થાય.

(47)

Both **'Vidya'** and **'Avidya'**, the creation of MAYA power of Brahman, play the pivotal role in the state of **Jivatma**. Five aspects of **'Vidya'** signify discrimination of parmanant and temporary objects, detachment from the worldly objects, to concentrate and craving for 'Krushna', and to serve HIM unconditionally for sheer love with utter devotion. i.e. **Bhakti.**

When, by **'Vidya'**, 'Avidya' gets destroyed, Jiva's **'Adhyas'** (wrong notions) in respect of his **body, organs, vital** and **internal faculties** (antahkaran) vanishes, he realizes his **'true identity'**. Thereby his **'Samsaar'** or illusory notions no more exists. Jivatma is said to be **'liberated'** now. It is his **"Muktaavastha".**

It should be noted that, by 'Vidya', the physical body remains, yet it's identity gets dissolved. It is called **'Jivan Mukti'**

(૪૭)

શ્રીવલ્લભાચાર્યજી સમજાવે છે કે **‘વિદ્યા’** અને **‘અવિદ્યા’** બંને ભગવાનની **‘માયા’** શક્તિથી ઉત્પન્ન થયેલી છે, જે જીવાત્માની વિભિન્ન અવસ્થાઓ માટે મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. તેજ તેના સુખ–દુઃખનું તેમજ **‘બંધન’** તથા **‘મોક્ષ’**નું કારણ બને છે. અવિદ્યાથી સંસાર ઉત્પન્ન થવાના કારણે જીવાત્માને **‘બંધન’** થાય છે અને તેથી તે **જન્મ–મરણ**ના ચક્કરમાં ફસાય છે. પરંતુ ‘વિદ્યા’ શક્તિ દ્વારા અંતમાં તેને **ભક્તિ** પ્રાપ્ત થાય છે, જે તેને બંધનમાંથી મુક્ત કરે છે.

આમ **‘વિદ્યા’** દ્વારા **‘અવિદ્યા’**નો નાશ થતાં જીવાત્માના **‘અધ્યાસ’** દૂર થાય છે, તેથી તેને પોતાના સાચા સ્વરુપનું ભાન થાય છે કે તે **‘પરમાત્માનો અંશ’** છે. તેના કારણે તેનો પોતે કલ્પી લીધેલ **‘હું’** અને **‘મારા પણા’**નો ભાવ દૂર થાય છે.. અર્થાત્ તેની **‘સંસારાશક્તિ’** છુટી જાય છે. તે તેની **‘મુક્તાવસ્થા’** છે.

શ્રીવલ્લભાચાર્યજી વધુમાં ખુલાસો કરતાં કહે છે કે જો **જગત** અને **સંસાર**માં ભેદ ન હોત તો જ્યારે **‘અવિદ્યા’** નિવૃત્ત થઈ જાય ત્યારે **સંસાર** સાથે દેહની પણ નિવૃત્તિ થવી જોઈએ. પરંતુ તેમ થતું નથી. જેનો દેહાદિનો અધ્યાસ દૂર થાય છે, તેને પોતાના દેહાદિનું ભાન રહેતું નથી. પરંતુ અન્ય તેને જાણી શકે છે, અર્થાત્ તેનું જીવન ટકી રહે છે. આને **‘જીવન મુક્તિ’** કહે છે.

(48)

Wonderful convincing explanation of the existence of 'Individual Beings', **Jivatmas**, given by ShriVallabhacharyaji, based on aupaishadik verble testimony. Innumerable **parts** (amsh) emerging out of **Sachchidanand Brahman'**, concealing HIS **'Anand'** element, and on being influenced by **'Avidya'** and **'Vidya'** aspects of **'Maya'**, the principal power of Brahman, exist in **'Bonded state'** or **'Liberated state'** respectively.

But, my curious mind again posed a question ! All individual beings are not alike. Some are pious, others are cruels. Some are devotees who worship God, others are engrossed in worldly pleasure, who feel happy in material gains only. I could not understand the different nature of Jivas though all are parts of **'Sachchidanand Brahman'** !

(૪૮)

ઔપનિષદિક પ્રમાણોના આધારે શ્રીવલ્લભાચાર્યજીએ **‘જીવાત્મા’**ની ઉત્પત્તિ અને તેના સ્વરૂપ વિશે અદ્‌ભુત ખુલાસો કર્યો. હવે સમજાયું કે **‘સચ્ચિદાનંદ’** બ્રહ્મમાંથી અસંખ્ય જીવાત્મા અંશ રૂપે છુટા પડ્યા છે. જે તેમાંથી અલગ પડતાં ભગવાનની **‘અવિદ્યા’** નામની ‘માયા–શક્તિ’ના સંસર્ગમાં આવવાથી તે પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જઈ દેહાદિને પોતે હોવાનું માની લે છે. તેમજ ભગવાનના દિવ્ય ગુણો તેમનામાંથી તિરોહિત થવાના કારણે તે દીન–હીન બની અનેક પ્રકારના દુઃખોનો અનુભવ કરે છે. ભગવાનની **‘અવિદ્યા’** અને **‘વિદ્યા’** શક્તિ જીવાત્માના **‘બંધન’** અને **‘મુક્તિ’** માટે કારણભૂત હોય છે.

પરંતુ પુનઃ મારી જિજ્ઞાસુ બુદ્ધિએ પ્રશ્ન કર્યો કે જો બધા જીવાત્મા ભગવાનમાંથી છુટા પડ્યા હોય તો તેમના સ્વભાવ સરખા હોવા જોઈએ. પરંતુ વાસ્તવમાં તેમ નથી હોતું. આપણે જોઈએ છીએ કે કેટલાંક જીવાત્મા સદાચારી–પવિત્ર હોય છે, જ્યારે કેટલાક દુરાચારી અને પાપી–ક્રુર હોય છે. કેટલાક આધ્યાત્મિક વિચારવાળા હોઈ ભગવાનને ભજે છે, જ્યારે બીજા સાંસારિક સુખમાં રચ્યાપચ્યા રહે છે, જેઓ દુન્યવી ઉપલબ્ધીમાં સુખ શોધતા હોય છે.

સર્વે જીવાત્મા **‘સચ્ચિદાનંદ બ્રહ્મ’**ના જ અંશ હોય તો આવી વિષમતા શાથી ?

(49)

I recollected to have read some thing like the creation of **'Daivi'** and **'Aasuri'** srushtis in **Gita.** Bhagvan Srikrushna has said in 16th chapter that Jivas of **'Daivi Srushti'** have 'Sad-vasanaa' who desire for emancipation (moksh), and as such, they have **self contol, truthfulness, firm commitment, sense of detachment, patience, serenity, piousness,** etc. and such other virtues which enable them to attain sublimation of life. By adopting various scriptural means they can come out of the cycle of births and deaths.

Contrary to this, Jivas of **'Aasuri Srushti'**, are **self centered, ignorant, proudy, arrogant, furious, stubborn, hypocrite** etc.and full of vices, which lead them to suffer in hell. They are bound to revolve in the cycle of births and deaths until the entire creation is dissolved.

(૪૯)

વિભિન્ન જીવાત્માના સ્વભાવની વિષમતા વિશે મનમાં ચિંતન ચાલી રહ્યું હતું ત્યાં મેં ગીતામાં વાંચેલા વચનની સ્મૃતિ થઈ. સોળમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે બે પ્રકારની સૃષ્ટિ બતાવેલી છે – ૧. **દેવી સૃષ્ટિ**, ૨. **આસુરી સૃષ્ટિ**. જીવોના આ બે મુખ્ય પ્રકાર છે.

'દૈવી જીવો'માં ભગવાને સૂક્ષ્મ સદ્વાસના સ્થાપિત કરેલી હોય છે. તેથી તેમનામાં આત્મોદ્ધાર માટે રુચિ અને યોગ્યતા હોય છે. તેઓ **નિર્ભય, આત્મજ્ઞાનનો વિકાસ કરનારા, તેમજ આત્મસંયમ, તપ, સત્યનિષ્ઠા, અક્રોધ, ત્યાગ, શાંતિ, દયા, અલોભ, મૃદુતા, ક્ષમા, ધૈર્ય, પવિત્રતા** ઈત્યાદિ સદ્ગુણોને ધારણ કરનારા હોય છે. તેઓ શાસ્ત્રોક્ત આજ્ઞાઓનું અનુસરણ કરી **મોક્ષ/ભક્તિ** પ્રાપ્ત કરે છે.

આનાથી વિપરીત **'આસુરી જીવો' દંભી, પાખંડી, ઘમંડી, અહંકારી, ક્રોધી, કઠોર** અને **અજ્ઞાની** હોય છે. તેઓ **સ્વેચ્છાચારી, વિવેક-શૂન્ય**, ભગવાન અને તેમના ભક્તોના વિરોધી હોય છે. તેથી તેમને નરકના અધિકારી કહ્યા છે. તેમની ગતિ સૃષ્ટિનો અંત આવે ત્યાં સુધી ચોરાશી લાખ યોનિમાં ભટકતા રહેવાની હોય છે. તેઓ જન્મ-મરણના ચકરાવામાં ફસાયેલા રહે છે. તેથી તેમની મુક્તિ થતી નથી.

(50)

ShriVallabhacharyaji has also explained various categories of Jivas in one of his granthas. He says that, based on **'Sarg bhed'** (difference of creations), as well as the difference of instrumentality, ultimate reward, and the mean or path adopted by them to achieve that, viz., **'Pushti marg', 'Maryada marg'** and **'Pravah marg',** the nature of different Jivas are distict. They are **Pusti, Maryada** and **Pravah Jivas.**

Accordingly, ShriVallabhacharyaji considers two varieties of **'Daivi Jivas',** viz., **'Pushti Jivas'** and **'Maryada Jivas',** while he designates **'Aasuri'** category as **'Pravahi Jivas'**, whom he further classifies in two types, viz., **'Agya'** and **'Durgya'**, depending on the degree of their adverse attitude. There can be a mixed category too, wherein the extent of virtues of different categories may vary.

(૫૦)

શ્રીવલ્લભાચાર્યજી આ બાબત કેવી રીતે સમજાવે છે તે જાણવા તેમના **'ષોડશ ગ્રંથો'**ના પાના ફેરવતાં **'પુષ્ટિપ્રવાહમર્યાદા ભેદ'** ગ્રંથ પર નજર પડી. આ ગ્રંથમાં તેમણે વિવિધ પ્રકારના જીવો તેમની ઉત્પત્તિ, રૂચિ ઈત્યાદિની ચર્ચા કરી છે. તેથી વિશેષ ખુલાસો પ્રાપ્ત થયો.

તેઓ સમજાવે છે કે જીવોનો 'સર્ગ ભેદ' (ઉત્પત્તિનો પ્રકાર) તેમની **'રૂચિ'** તેમના **'માર્ગો'** અને **'અંતિમ ફલ'** ભિન્ન ભિન્ન હોય છે. તદનુસાર ત્રણ માર્ગ પ્રકટ થયેલા છે. ૧. **પુષ્ટિમાર્ગ**, ૨. **મર્યાદા માર્ગ** અને ૩. **પ્રવાહ માર્ગ.**

શ્રીવલ્લભાચાર્યજી દૈવી જીવોના બે મુખ્ય પ્રભેદ બતાવે છે. ૧. **પુષ્ટિ જીવ** અને ૨. **મર્યાદા જીવ.** તેઓ અનુક્રમે **'પુષ્ટિમાર્ગ'** અને **'મર્યાદામાર્ગ'**નું અનુસરણ કરે છે અને તદનુસાર તેમને ફલ પ્રાપ્તિ થાય છે. તેવી જ રીતે તેઓ **'આસુરી જીવ'**ને **'પ્રવાહી સૃષ્ટિ'** કહે છે. તેમના મતે તેના પણ બે ભેદ છે. ૧. **દુર્જ્ઞ** અને ૨. **અજ્ઞ.**

શ્રીવલ્લભાચાર્યજી સમજાવે છે કે જ્યારે જીવરૂપે 'ભગવાનનો અંશ' છુટે પડે છે, ત્યારે તેઓ તેને કયા પ્રકારનું **'ફલ'** આપવા માંગે છે, તદનુસાર તેમનું વરણ જુદા જુદા વર્ગમાં કરે છે. તેમાં અનેક પ્રકારની **'મિશ્ર સૃષ્ટિ'** પણ હોય છે જેમાં **પુષ્ટિ, પ્રવાહ** કે **મર્યાદા**ના મિશ્ર ગુણ હોય છે.

(51)

Thus, according to ShriVallabhacharyaji, with different criteria, Jivas are broadly classified into main four categories viz., **Pushti, Maryada** and **Pravahi,** as well as the the combinations of these types with the natures thereof in varied degree.

Explaining the **'Sarg bhed'**, i.e. difference in the basis of their creation, ShriVallabhacharyaji says that Jivas of **'Pravah srushti'** are emerged from mental aspect of God, whose nature, behaviour etc and the reward depends on the 'Will' of Brahman. Those in **'Maryada' category**, are born out of **'speech'** (vaani) of God. Their behavioral bearing is on scriptural statements. While those designated as **'Pushti Jivas'** have emerged from the **body** of God, who are blessed and controlled by the adhidaivik aspect of Brahman, **'SriKrushna'** .

(૫૧)

શ્રીવલ્લભાચાર્યજીએ વિભિન્ન પહેલુઓથી જીવાત્માનું ચાર મુખ્ય પ્રકારોમાં વર્ગીકરણ કર્યું છે તે છે ૧. **પુષ્ટિ જીવ**, ૨. **મર્યાદા જીવ**, ૩. **પ્રવાહી જીવ** અને ૪. **મિશ્ર જીવ**, જેમાં તે ત્રણેય પ્રકારના ગુણ ઓછે વત્તે અંશે રહેલા હોય છે.

'સર્ગ ભેદ' અર્થાત્ સર્જનની પ્રક્રિયાને સમજાવતાં શ્રીવલ્લભાચાર્યજી પોતાના 'પુષ્ટિપ્રવાહમર્યાદા ભેદ' ગ્રંથમાં ખુલાસો કરતાં કહે છે કે **'પ્રવાહ સૃષ્ટિ'** ભગવાનના **'મન'** દ્વારા પ્રકટ થઈ છે, જેમનો સ્વભાવ, રુચિ અને ફલ પ્રાપ્તિ ભગવાનની ઈચ્છા પર નિર્ભર કરે છે.

'મર્યાદા સૃષ્ટિ' ભગવાનની વેદ રૂપ **'વાણી'** દ્વારા પ્રકટ થઈ છે. આ સૃષ્ટિના જીવોને શાસ્ત્રના વચનમાં આસ્થા હોય છે. તેઓ તદનુસાર જપ તપ આદિ સાધનોનું અનુષ્ઠાન કરવામાં વિશ્વાસ ધરાવતાં હોય છે અને અંતે મોક્ષની પ્રાપ્તિ કરે છે.

'પુષ્ટિ સૃષ્ટિ'ના જીવોને ભગવાને પોતાના **'શ્રીઅંગ'** (શરીર)માંથી ઉત્પન્ન કર્યા છે. તેમની ઉત્પત્તિ ભગવાન શ્રીકૃષ્ણની સેવા માટે થયેલ છે. તેથી તેમને ભગવદ્ સેવામાં રુચિ હોય છે અને અંતમાં તેઓને ભગવાનની નિત્ય લીલામાં પ્રવેશ પ્રાપ્ત થાય છે. તેથી તેઓ ભગવાનના સ્વરૂપનો આનંદ અનુભવે છે.

(52)

There is a statement in Gita, where Bhagwan Krishna says - **"I throw the devilish (aasuri) souls in inauspicious forms of life (Ashubh yoni)**. (16/19). That is the fate of **'Aasuri'** (pravahi) jivas. Likewise there are distinct rewards for **'Maryada'** as well as **'Pushti'** jivas too, who are evebtually liberated from the cycle of births and deaths, and are delivered.

ShriVallabhacharyaji explains that **'Maryada'** jivas are emancipated on the basis of their **'Prusharth'** (diligence) prescribed in Scriptures. However, **'Pushti'** jivas enjoy 'Bhajanaanad' (Bliss) by the **'Svarup'** (form) of SriKrushna by His grace.

ShriVallabhacharyaji further classifies 'Pushti' jivas into four sub-catagories, viz., **'Shuddh pushti', 'Pushti-pushti', 'Maryada-pushti',** and **'Pravah-pushti',** depending on their specific nature and conviction.

(૫૨)

વિભિન્ન પ્રકારના જીવોની ગતિ વિશે ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે **'આસુરી જીવોને હું અશુભ યોનિમાં નાંખું છે, જેમણે નરકની યાતના ભોગવવી પડે છે. તેવી જ રીતે મર્યાદા જીવો તેમજ પુષ્ટિ જીવોના ફલ પણ જુદા જુદા હોય છે, જેઓ અંતમાં જન્મ-મરણના ચકરાવામાંથી મુક્તિ પામે છે.'**

શ્રીવલ્લભાચાર્યજી સમજાવે છે કે 'મર્યાદા જીવો' શાસ્ત્રના વિધાન મુજબ ચતુર્વિધ **પુરુષાર્થો ધર્મ-અર્થ-કામ** પછી અંતિમ પુરુષાર્થ 'મોક્ષ'ની પ્રાપ્તિ કરે છે. પરંતુ **'પુષ્ટિ જીવો'**ને પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણની કૃપાથી તેમના **'સ્વરુપાનંદ'**-ભજનાનંદની પ્રાપ્તિ થાય છે.

વધુમાં શ્રીવલ્લભાચાર્યજીએ પોતાના 'પુષ્ટિપ્રવાહમર્યાદા ભેદ' ગ્રંથમાં **'પુષ્ટિ-સૃષ્ટિ'**ના ચાર પ્રકાર બતાવ્યા છે - ૧. **શુદ્ધ-પુષ્ટિ**, જેમના ભગવાન પ્રત્યે અખુટ પ્રેમ હોવાના કારણે તેઓ સ્વયં તેમની સામે પ્રકટ થાય છે. તેઓ દુર્લભ હોય છે. ૨. **પુષ્ટિ-પુષ્ટિ**, જેઓ ભગવાના માહાત્મ્યને જાણી તેમનામાં સુદ્રઢ સર્વતોધિક સ્નેહ ધરાવે છે. ૩. **મર્યાદા-પુષ્ટિ**, જેમને ભગવાનની લીલાઓની કથા દ્વારા તેમના ગુણોના ચિંતનમાં રુચિ હોય છે અને ૪. **પ્રવાહી-પુષ્ટિ** સૃષ્ટિ તેમને કૃષ્ણ ભજનના ક્રિયાત્મક બાહ્ય રૂપમાં રુચિ અને તત્પરતા હોય છે.

(53)

Yes, it is now quite clear that, though all the **'Jivatmas'** are separated from **'Sachchidanand Brahman' (Aksharbrahm**, His adhyatmik aspect), wherein HIS **'Sadamsh'** as well as **'Chidamsh'** remain manifested, (aavirbhut) and **'Anandamsh'** is concealed (tirohit). This holds good for all Individuals Beings. Yet, all are not identical, but their nature and ultimate destinations etc. are essentially different as per **Brahman's 'WILL'.**

True. But, how am I to know that which category do I belong to ?, my inquisitive mind asked !. How should a Jivatma identify oneself as to, whether one is **Pravahi, Maryada** or **Pushti** ? Again, all pushti jivas are not alike ! There are sub classification too. That is again a big question !

(૫૩)

ગીતામાં ભગવાન કૃષ્ણના વચન અને શ્રીવલ્લભાચાર્યજીના ખુલાસાથી હવે સ્પષ્ટ રીતે સમજાય છે કે બધા જીવાત્મા **‘સચ્ચિદાનંદ બ્રહ્મ’**ના આધ્યાત્મિક સ્વરુપ **‘અક્ષરબ્રહ્મ’**માંથી છુટા પડ્યા છે. જેમાં બ્રહ્મના **સત્ અંશ** તેમજ **‘ચિત્ અંશ’** આવિર્ભૂત અર્થાત્ પ્રકટ હોય છે, પરંતુ તેમનો **‘આનંદ અંશ’** તિરોહિત થઈ (છુપાઈ) ગયેલો હોવાથી માનવી જગતમાં આવીને આનંદનો અનુભવ કરતો નથી.

જગતમાં બધા જ જીવાત્માની આ હકિકત હોવા છતાં તે સર્વે એક સરખા ન હોવાનું કારણ સ્વયં **‘ભગવાનની ઈચ્છા’** જ છે. તેમણે તેમની ઉત્પત્તિ જુદા જુદા પ્રકારે કરી તેમના **માર્ગો**, તેમની **રુચિ** અને તેમને પ્રાપ્ત થતાં **ફલ** અર્થાત્ તેમની અંતિમ ગતિ ભિન્ન ભિન્ન નક્કી કરેલ હોય છે.

આટલું સારી રીતે સમજ્યા છતાં મારાં જિજ્ઞાસુ મનમાં એક **પ્રશ્ન** ઉદ્ભવ્યો કે કયો **જીવાત્મા** કયા **વર્ગ**નો છે, તેની સમજ શી રીતે પડે ?

જીવાત્મા અર્થાત્ કોઈ વ્યક્તિ કેવી રીતે જાણી કે તે **‘પુષ્ટિજીવ’** છે, **મર્યાદા જીવ** છે, કે **પ્રવાહી જીવ** ? વળી **‘પુષ્ટિજીવો’** પણ બધા સરખા નથી હોતા, તેમાં પણ વિવિધ પ્રકાર છે.

મન ફરી મુંઝાયું.

(54)

ShriVallabhacharyaji has elaborated the differences amongst various types of **'Jivas'** in his **"Pushti pravesh Maryada bhed"** granth.

The characteristics of **'Pravahi jivas'** are those narrated for **'Asuri jivas'** described earlier. Their aim in the life is worldly enjoyment only.

'Maryada jivas' have inclination to follow scriptural means aiming at deliverance (moksh).

'Pushti jivas' have attachment with Parmatma and as such, they are interested in devotion (bhakti).

Out of them, **'Pushti-pushti'** jiv has undeterred utmost love for God with full knowledge of His greatness; **'Maryada-pushti'** jiv is interested more in 'Naam-seva'; **'Pravah-pushti'** jiv likes mainly external **'seva'**; while **'Shuddh-pushti'** jiv, who are rare, have total attachment, **'Svarupasakti'.**

(૫૪)

જગતમાં મનુષ્યોની વિવિધતા અને વિષમતાનું કારણ હવે સ્પષ્ટ રૂપે સમજમાં આવ્યું. શ્રી વલ્લભાચાર્યજીએ કરેલા ખુલાસા તર્કબદ્ધ અને વાસ્તવિક છે, જેનો અનુભવ આપણે પ્રત્યક્ષ કરીએ છીએ.

જે જીવોને તેઓ **‘પ્રવાહી’** કહે છે, તેને જ ગીતામાં ભગવાને **‘આસુરી સૃષ્ટિ’** નામ આપ્યું છે. તેમની રૂચિ સંસારમાં રચ્યા-પચ્યા રહી મોજ માણવાની હોય છે. તેઓ પ્રલય કાલ પર્યંત અનેક યોનિમાં ભટક્યા કરે છે. **‘મર્યાદા જીવો’** **‘દૈવી સૃષ્ટિ’**નો જ વિભાગ છે, જેઓ શાસ્ત્રોમાં સૂચવેલા જપ, તપ, દાન, પુણ્ય ઈત્યાદિ સાધનોમાં શ્રદ્ધા ધરાવતાં હોય છે, જેમનું લક્ષ મોક્ષ પ્રાપ્તિનું હોય છે.

‘દૈવી સૃષ્ટિ’નો બીજો પ્રકાર તે **‘પુષ્ટિ સૃષ્ટિ’** છે. તેમની આસક્તિ પરમાત્મા સાથે જોડાયેલ હોય છે. તેઓ ભગવાનની વિશુદ્ધ ભક્તિમાં રુચિ ધરાવતાં હોય છે.

આ પ્રકારના જીવોમાં પણ ઓછે વત્તે અંશે **‘મર્યાદા’** કે **‘પ્રવાહી’**ના લક્ષણ જોવા મળતા હોય છે, જેના કારણે શ્રીવલ્લભાચાર્યજીએ તેમને ચાર વિભાગોમાં તેમની વિશેષ રૂચિ અનુસાર વિભાજિત કર્યા છે. **‘પુષ્ટિ-પુષ્ટિ’** જીવોને સુદૃઢ ભગવદ્ પ્રેમ હોવાના કારણે તેમની સેવામાં રત રહેતા હોય છે. જ્યારે **‘મર્યાદા-પુષ્ટિ’** જીવોને ભગવાનની ‘નામ-સેવા’માં રસ વધુ પડે છે. પરંતુ **‘પ્રવાહી-પુષ્ટિ’** જીવોને મહદ્અંશે બાહ્ય સેવા ગમતી હોય છે. **‘શુદ્ધ-પુષ્ટિ’**નો પ્રકાર તો જવલેજ હોય છે.

(55)

We had begun our spiritual journey in the quest to identify and understand / comprehend the REALITY -**"Param Tattva"** as well as to know the significance of INDIVIDUAL BEINGS, **'Jivatmas'**.

During the process, we could realize that there is a systematic transformation or evolution of **"Sachchidanand Brahman"** into the phenomenal world, which we know as JAGAT.

All this wounderful knowledge, we could acquire, by our anylatical mind, with great mental exercise, and offcourse, with the help of various **'Verble Testimonies'** viz., **Ved-Upanishads, Gita, Bhagvat** etc. as well as precious guidance of the Great Guru **Shri Vallabhacharyaji**, through his various literary works. Amazing !

But, what purpose does this knowledge serve ? Can it liberate me ?. I asked myself !

(૫૫)

આપણે **‘પરમ તત્ત્વ’** (Reality)ના અસ્તિત્વ તેમજ **‘વ્યક્તિગત જીવાત્મા’**ના સ્વરૂપ તથા તેની ઉત્પત્તિના કારણ જાણવા–સમજવા માટે આ વૈચારિક/આધ્યાત્મિક યાત્રા શરૂ કરી હતી.

તદ્વિષયક વિશ્લેષણ દરમ્યાન આપણે જાણ્યું કે જે મૂલભૂત ‘પરમ તત્ત્વ’ **‘સચ્ચિદાનંદ બ્રહ્મ’** છે. જેને આપણે **‘કૃષ્ણ’** કહીએ છીએ. તે જ આ દશ્યમાન વિશ્વ રૂપે પરિણમિત થઈ વિકાસ પામે છે. જેને આપણે **‘જગત’** નામથી ઓળખીએ છીએ.

આપણી આ માનસિક યાત્રા ભગવાને મનુષ્યને આપેલી અણમોલ વિચાર શક્તિ તેમજ વિશ્લેષણ કરવાના/સમજવાના બૌદ્ધિક સામર્થ્યને આભારી છે.

જો કે તે જ્ઞાનનો મૂલભૂત આધાર વેદોપનિષદ, ગીતા, **ભાગવત** ઈત્યાદિ આપણા પ્રાચીન ભગવદ્ શાસ્ત્રોના **‘શબ્દ પ્રમાણ’** છે. તદુપરાંત મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી જેવા સમર્થ ગુરુનું માર્ગદર્શન તેમજ તેમના અદ્ભુત ગ્રંથોના પ્રમાણ પણ તે બાબતમાં અતિશય ઉપયોગી નીવડ્યા. તેમણે કરેલા વિવિધ ખુલાસા વિના આવી સમજણ કેળવાવી સંભવ ન હોત !

પરંતુ, ફરી બુદ્ધિએ દલીલ કરી કે એ **‘પરમ તત્ત્વ’** શું છે, આપણામાં અસ્તિત્વ ધરાવતો જીવાત્મા તેનો અંશ છે, ઈત્યાદિ જ્ઞાન શું આપણને **‘મુક્તિ’** અપાવી શકે ?

(56)

We all are in **'Bonded state'**. As such, we are SAD for many reasons. There is heavy loss in our business, we become sad. Next of our kin died, we mourn. We are down with some disease, we are unhappy. Turn around you and you will find some one complaining. There are hundreds of reasons to feel sorrow, in some respects or other.

The fact of the matter is - no body wants to be in misery. Everybody wants to be happy. Many people try one way or the another. Human beings have discovered and devised many alternatives. **'Eat drink and be merry'**, they think, is the solution. People seek pleasure in wordly means. But that prove illusionary. Such happiness does not last long. It vanishes in no time. Because it is not ANAND in true sense.

(૫૬)

બધા જ સંસારી જીવો **'બંધન'**માં છે. તેથી સૌ કોઈ એક અથવા બીજા કારણે દુઃખી હોય છે. આપણા ધંધામાં નુકસાન થયું, તો આપણે નિરાશ થઈ જઈએ છીએ. આપણા કોઈ સગાં–સંબંધીનું મૃત્યુ થાય, ત્યારે આપણે શોકાતુર થઈએ છીએ. આપણે બીમાર પડીએ ત્યારે ગમગીન થઈ જતાં હોઈએ છીએ. આપણી ચારે તરફ નજર ફેરવીએ તો ઘણા લોકો કોઈક કારણસર ફરિયાદ કરતાં જણાશે. સૌને કશીક તકલીફ તો હોય જ છે.

મનુષ્ય જીવનની એ વાસ્તવિકતા છે કે કોઈ દુઃખ ચાહતું નથી હોતું. સૌ સુખી થવા ઈચ્છા છે. બધાને ખુશી આનંદ મેળવવાની ખેવના હોય છે. સૌ કોઈ પોત–પોતાની સમજ પ્રમાણે તે માટે પ્રયત્ન કરે છે. માણસે સુખ શોધવાના–આનંદ પ્રાપ્ત કરવાના અનેક ઉપાયો શોધી કાઢ્યા છે. મોટા ભાગના લોકો માનતા હોય છે કે ખાવું પીવું અને મોજ કરવી તેમાં જ સુખ સમાયેલું છે.

લોકો ભૌતિક ઉપલબ્ધિઓમાં, વિષયો ભોગવવામાં આનંદ મેળવવા પ્રયાસ કરે છે, પરંતુ તે સુખ શાશ્વત હોતું નથી. ક્ષણિક હોય છે. તેમની અવધારણા ઠગારી નીવડે છે. કારણ કે દુન્યવી સંબંધ સ્વાર્થ પરત હોય છે. તેથી અંતમાં દુઃખી જ થવું પડે છે. કારણ કે તે સાચો આનંદ હોતો નથી ! **તો સમાધાન શું ?**

(57)

My inquisitive mind was at work. My thought process had set in. It put forth a simple logic. You remove the cause of **'bondage'** and you are **'liberated'**. Simple. We now know that the root cause is our wrong notions due to ignorance. Our ego and sense of belonging are detrimental.

Scriptures including Gita, have shown three main paths of liberation, namely, 1. **Path of Action** (Karm marg), 2. **Path of Knowledge** (Jnaan marg), and 3. **Path of Devotion** (Bhakti marg). Each has its merits and limitations.

'KARM MARG' suggests various rituals advised in **'Purva kand'** of Veda. 'JNAAN MARG' indicates to acquire the knowledge of **'Brahman'** elucidated in **'Jnaan kand'** of Veda. and 'BHAKTI MARG' advocates to please GOD by various means so that HE bestows HIS Grace.

(૫૭)

સાંસારિક દુઃખમાંથી છુટવાનો ઉપાય શું ? મન કામે લાગી ગયું. અનેક વિચારો આવવા માંડ્યા. બુદ્ધિએ તર્ક કર્યો કે દુઃખનું કારણ **‘બંધન’** છે. બંધનમાંથી મુક્ત થવાય તો દુઃખ દૂર થાય ! તો પછી બંધનનું કારણ દૂર કરવાથી સ્વાભાવિક રીતે મુક્ત થઈ જવાય ! એ તો સાદુ ગણિત કહેવાય, મારા મન અને બુદ્ધિ બન્નેએ સ્વીકાર્યું.

મારી સ્મૃતિએ મદદ કરી. અગાઉ વાંચેલુ યાદ આવ્યું. જીવને **‘અવિદ્યા’** કારણે **‘અહંતા’** અને **‘મમતા’**નો ભાવ જાગે છે, જે ખોટી ભ્રાંતિ છે. તેજ તે જીવને **‘બંધન કર્તા’** છે.

ગીતામાં વાંચેલું સ્મરણ થયું કે તેમાં મુક્તિના મુખ્યત્વે ત્રણ માર્ગો ભગવાને સૂચવેલા છે- ૧. **કર્મમાર્ગ**, ૨. **જ્ઞાનમાર્ગ**, ૩. **ભક્તિમાર્ગ**. વેદાદિ શાસ્ત્રોમાં પણ તેનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રત્યેક માર્ગની વિશેષતા છે અને મર્યાદા છે.

‘કર્મમાર્ગ’નું નિરુપણ વેદના **‘પૂર્વકાંડ’**માં કરવામાં આવ્યું છે. તેમાં અનેક **‘યજ્ઞ-યજ્ઞાદિ’** કર્મોના વિધાન સમજાવ્યા છે. **‘જ્ઞાનમાર્ગ’**નું નિરુપણ વેદના **‘ઉત્તરકાંડ’**માં મળે છે. તદનુસાર જો **‘બ્રહ્મ વિદ્યા’** પ્રાપ્ત થાય તો **‘જીવ બ્રહ્મપણા’**ને પામી જન્મ-મરણના બંધનમાંથી મુક્ત થાય. **‘ભક્તિમાર્ગ’** ભગવાનને **‘ભક્તિ’** દ્વારા પ્રસન્ન કરવાનો માર્ગ છે. તેનું ભાગવતમાં વિસ્તારપૂર્વક વર્ણન મળે છે.

(58)

When one reaches at cross-roads in the life, it is quiet difficult to take decision- 'which way to go?'. Here is the junction of three paths, viz., that of **Action, Knowledge** and **Devotion**. How to decide - which one is **'The Best'** ?. Real problem ! Whom should I consult ?, I asked myself.

My mind advised me - **'Guru' is a guide'**. And I remembered ShriVallabhacharyaji, and his advice to one of his disciples, who had asked, **"Maharaj, which one is greater, 'Karm marg' or 'Jnaanmarg'?** And Guru had promptly replied- **"Whichever one likes or is comfortable with, but, according to me, 'Bhaktimarg' is best, since, it makes one 'Krutarth',** meaning, it culminates into reward soon, which is not so with other two".And, I found solution !

(૫૮)

હું ફરી મુંઝાયો ! કારણ કે ત્રિભેટે આવીને ઉભો. જ્યારે ઘણા વિકલ્પ હોય ત્યારે સ્વાભાવિક રીતે માણસ ગુંચવાઈ જાય. ત્રણ માર્ગના વિકલ્પ સામે આવ્યા, તો કયો માર્ગ પકડવો જોઈએ, તે કેમ નક્કી કરવું ? આ ત્રણ માર્ગોની વિશેષ જાણકારી તો નથી, તો તેમાંથી ઉત્તમ કયો, તે કેમ સમજાય ? ખરી સમસ્યા !

આવા સમયે માર્ગદર્શક પાસેથી સલાહ મળે, તો કોને પૂછવું ? મારા મને જ જવાબ આપ્યો કે **‘ગુરુ’ માર્ગદર્શક કહેવાય.** તો શ્રીવલ્લભાચાર્યજીથી સારા માર્ગદર્શક કોણ હોઈ શકે ?

તેમના ષોડશ ગ્રંથોમાં એક **‘ભક્તિ વર્ધિની’** નામક ગ્રંથ **‘ભક્તિ’** વિશે છે, તે યાદ આવ્યું. તેમાં વાંચેલું કે તેમના એક શિષ્યે પૂછેલું : **“મહારાજ, કર્મમાર્ગ મોટો કે જ્ઞાનમાર્ગ ?”** શ્રીવલ્લભાચાર્યજીએ ખુલાસો કરેલો કે **“જેના મનમાં જે માર્ગ દૃઢ થાય, જે માર્ગમાં જેનો વિશ્વાસ હોય, તેને ગમતો એવો તે માર્ગ જ મોટો, પરંતુ મોટો તો ભક્તિમાર્ગ છે. કારણ કે તેમાં જીવ કૃતાર્થ થાય છે. કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગમાં કઠીનાઈથી કૃતાર્થ થવાય છે. તે બંને કષ્ટસાધ્ય છે.”**

મને થયું કે મારો જવાબ મળી ગયો. આટલો સ્પષ્ટ ખુલાસો મળ્યા પછી કોને પુછવાનું હોય ?

(59)

My inquisitive mind didn't yet lay at rest ! It raised another question - "Am I really eligible for **'Bhaktimarg'**?. Oh !.Then I must understand first - 'what is the significance of **'Bhakti'** and **'Bhakti- marg ?'** Yes, when I am thinking of my liberation, I must know fundamentals.

I knew that concept of BHAKTI is vividly dealt in many scriptures viz., **Upanishads, Gita, Narad panch ratra** etc. Bhagwat is basically **'Bhakti shashta'.**

BHAKTI denotes emotional love for GOD who reciprocates by bestowing His Grace on devotee. Krushna says in Gita-**"He can be realized by devotion alone"**. Similar quotes, we find, in **Upanishads** and **Bhagwat** too. Naradji has explained Bhakti explicitly.

(૫૯)

શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે **'ભક્તિમાર્ગ'** શ્રેષ્ઠ છે. પરંતુ હજી હું ગુંચવાયેલો છું. મારા વિચારશીલ મને ફરી પ્રશ્ન કર્યો કે, શું હું **'ભક્તિમાર્ગ' પર ચાલવા માટે લાયક છું ?** મને તો 'ભક્તિ' એટલે શું, તે જ ખબર નથી ! પછી મારે 'ભક્તિમાર્ગ' અપનાવવો કઈ રીતે ?

પહેલા મારે જાણવું જોઈએ કે **'ભક્તિ'** શબ્દનું તેમજ **'ભક્તિમાર્ગ'**નું તાત્પર્ય શું છે ? જ્યારે હું બંધનમાંથી મુક્ત થવા કોઈપણ માર્ગ અપનાવવા ઈચ્છતો હોવું તો તે માર્ગ પર ચાલતાં પહેલાં તેના વિશે મૂલભૂત બાબતો તો જાણવી જોઈએ.

મારી આ વૈચારિક યાત્રા દરમ્યાન અવારનવાર કેટલાક શાસ્ત્રોના પાના ઉથલાવ્યા હતા, જેમાં **'ભક્તિ'**નો અનેક સ્થાને ઉલ્લેખ મળેલો. ઉપનિષદ, ગીતા, નારદભક્તિ સૂત્રોમાં ભક્તિની મીમાંસા જોવા મળે છે. ભાગવતને તો **'ભક્તિ-શાસ્ત્ર'** જ કહેવાય છે.

ભગવાન પ્રત્યેના નિસ્વાર્થ પ્રેમને **'ભક્તિ'**ની સંજ્ઞા આપવામાં આવી છે. જેના પ્રતિસાદ રૂપે ભગવાનની કૃપાનો અનુભવ જીવાત્માને થાય છે. ભગવાન કૃષ્ણ સ્વયં ગીતામાં કહે છે કે **'તેમને માત્ર ભક્તિ દ્વારા જ પામી શકાય છે.'** આવા જ અનેક વચનો ભાગવત આદિ અન્ય શાસ્ત્રોમાં પ્રાપ્ત થાય છે.

(60)

My research work revealed that various acharyas too, have emphasized the concept of **'Bhakti'** in unequivocal terms. Madhusudan Sarasvati, a staunch follower of Shankaracharyaji, who mainly advocats 'Jnaan' for realizing God, has defined **'Bhakti'** as **'mental condition** of a person involved in the 'name, lila, virtues, of God'.

Ramanujacharyaji was rather crusader of his time to introduce **'Bhakti'** in preference to **'Jnaan'** as the means of deliverance.

AND ShriVallabhacharyaji took **'Bhakti'** at the zenith. He has taken **'Bhakti'** at sublime level called "PREM LAKSHANAA BHAKTI", and defined it as **"Undittered supreme LOVE for** God, **fully knowing His Greatness and Glory** (mahaatmya).

(૬૦)

'ભક્તિ' વિશેની મારી શોધ દ્વારા જાણવા મળ્યું કે અનેક આચાર્યોએ 'ભક્તિ'નો મહિમા ગાયો છે. ઘણા વિદ્વાનોએ તેને **'કર્મ'** તથા **'જ્ઞાન'**થી ઉત્તમ બતાવી છે. મધુસૂદન સરસ્વતી જે ઈશ્વર સાક્ષાત્કાર માટે જ્ઞાનમાર્ગના પ્રવર્તક શ્રી શંકરાચાર્યના કટ્ટર શિષ્ય ગણાતા, તેમણે 'ભક્તિ'ને ભગવાનના નામ, લીલા અને ગુણમાં ઓતપ્રોત કરનાર ભક્તની મનોદશા બતાવી છે.

શ્રી શંકરાચાર્યના પછી થનાર શ્રી રામાનુજાચાર્યએ, ભગવદ્-સાક્ષાત્કાર માટે **'મુક્તિ'**ના સાધન તરીકે **'જ્ઞાન'** કરતાં **'ભક્તિ'**ને શ્રેષ્ઠ બતાવી તેનો બહોળો પ્રચાર કર્યો હતો. તેમના પછીના બે આચાર્યો–શ્રીમદવાચાર્ય તથા શ્રી નિમ્બાર્કાચાર્યે પણ ભક્તિની વિશેષતા સમજાવી તેનું પ્રવર્તન કર્યું હતું.

અને પંદરમી શતાબ્દીમાં પ્રાદુર્ભૂત થયેલા શ્રીવલ્લભાચાર્યજીએ તો 'ભક્તિ'ના વિશિષ્ટ સ્વરુપ **'પ્રેમલક્ષણા ભક્તિ'**ને શિખર પર પહોંચાડી દીધી હતી. તેથી તેઓ **'ભક્તિમાર્ગ'**ના પ્રમુખ આચાર્ય મનાય છે.

શ્રીવલ્લભાચાર્યજીએ 'ભક્તિ'ની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે **'ભગવાનના મહાત્મ્ય જ્ઞાનપૂર્વક, તેમનામાં સુદૃઢ અને સર્વતોધિક સ્નેહ હોવો તેને ભક્તિ કહેવાય.'** નારદજીએ પણ ભક્તિની આવી જ વ્યાખ્યા કરી છે.

(61)

The path leading to liberation where **'Devotion'** - 'Bhakti' is an instrument, is called 'BHAKTI MARG'. Various scriptures have described rituals to follow **'Bhaktimarg'** where pleasing God, by adopting some means is main criteria. Such is called MARYADA BHAKTIMARG.

Bhagwat has prescribed **'Navdha-Bhakti'** (nine fold bhakti) viz., **Sravan-Kirtan-Smaran-Archan- Vndan-Padsevan-Daasya-Sakhya-Atmanivedan.** Various devotees are emancipated by adopting any of these types to realize GOD who has, being pleased, appeared before the devotee and granted their desire and liberated them.

They were **'Maryada Jivas'** who had inclination to follow scriptural advice, which shows their eligibility as per their classification, that we have seen earlier.

(૬૧)

સાંસારિક બંધનમાંથી મુક્ત થવાના જે માર્ગમાં **'ભક્તિ'**ને સાધન બનાવવામાં આવે તે માર્ગ **'ભક્તિમાર્ગ'** કહેવાય છે. ભગવાનની ઉપાસનાના, તેમને પ્રસન્ન કરવા માટેના આ માર્ગમાં શાસ્ત્રોમાં બતાવેલી વિભિન્ન ક્રિયાઓ, જેવી કે **પૂજન, અર્ચન, નૈવેદ્ય** તેમજ **જપ, તપ** ઈત્યાદિ ઉપાયો પ્રયોજિત કરવામાં આવે છે. આમ વિવિધ સાધનો પર અવલંબિત આ પ્રકારની ભક્તિને **'મર્યાદા ભક્તિ'** કહેવાય છે અને તે માર્ગ **'મર્યાદા ભક્તિમાર્ગ'** તરીકે ઓળખાય છે.

ભાગવત-મહાપુરાણમાં **'નવધા ભક્તિ'** તરીકે ઓળખાતી નવ પ્રકારની ભક્તિ વર્ણવામાં આવી છે તે છે – ૧. **શ્રવણ**, ૨. **કીર્તન**, ૩. **સ્મરણ**, ૪. **અર્ચન**, ૫. **વંદન**, ૬. **પાદસેવન**, ૭. **દાસ્ય**, ૮. **સખ્ય** અને ૯. **આત્મ-નિવેદન.**

ઉપરોક્ત પ્રકારની કોઈ એક ભક્તિના માધ્યમથી ભગવાનને પ્રસન્ન કરી તેમના સાક્ષાત્કાર થયાના અને મુક્તિ પામવાના અનેક ભક્તોના ચરિત્રોનું વર્ણન પુરાણોમાં મળે છે.

અગાઉ આપણે જીવોના વિભિન્ન પ્રકારોમાં **'મર્યાદા'** જીવોની ચર્ચા કરેલી તે પ્રકારના જીવોને આવી **'મર્યાદા ભક્તિ'**માં રૂચી હોય છે. તેથી તેઓ આ માર્ગને અપનાવી મોક્ષની પ્રાપ્તિ કરે છે.

(62)

Upanishad says -**"One whom** HE **chooses, attains** HIM". This is a significant statement which reveals that Brahman, being independent, can be realized by HIS own **'Grace'**. Bhagwat too states - "Poshanam tad Anugrah" i.e. **"To nurish is to bestow Grace".**

Based on such **'Pramans'**, ShriVallabhacharyaji has conceptualized **'Pushti Bhakti'** extending the last step of **'Navdha-Bhakti'** viz., 'Atmnivedan', and called it **'Prem lakshanaa Bhakti'**, where utter LOVE for God is the crux thereof.

'Gopijans', narrated in Bhagwat, had attained 'SriKrushna' by their pure unadulterated LOVE for Him. ShriVallabhacharyaji has, picking clue from these, propounded "PUSHTI BHAKTI MARG", or "PUSHTIMARG" to realize KRUSHNA, by HIS own Grace, and not by any scriptural means.

(૬૨)

વિચાર કરતાં ઉપનિષદમાં વાંચેલું વાક્ય મને યાદ આવ્યું. તેમાં કહેલું છે કે **'ઈશ્વર પ્રવચનથી કે કથાઓ સાંભળવાથી નથી મળતો, કે નથી બુદ્ધિ દ્વારા તેને મેળવી શકાતો. પરંતુ તે જેનું વરણ કરે અર્થાત્ જેને પસંદ કરે, જેના પર કૃપા કરે, તેને તે મળે.'** આવું જ કાંઈક ભાગવતમાં પણ વાંચેલું– **'પોષણં તદ્ અનુગ્રહ'** એટલે કે ભગવાન દ્વારા જીવનું પોષણ થાય, તેને ભગવાનનો અનુગ્રહ અથવા કૃપા કહેવાય.

શ્રીવલ્લભાચાર્યજીએ આવા શાસ્ત્ર-વચનોના આધારે પુષ્ટિ-ભક્તિની સંકલ્પના ઘડી છે. તદનુસાર તેમણે **'નવધા ભક્તિ'**ના અંતિમ સોપાન **'આત્મ-નિવેદન'** પછીનું પગથીયું **'પ્રેમલક્ષણા ભક્તિ'**નું બતાવ્યું છે, જેમાં ભગવાન પ્રત્યેનો અક્ષુણ્ણ પ્રેમ મહત્ત્વનું અંગ છે.

ભાગવતમાં જેનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે, તે વ્રજના ગોપીજનો એ ભગવાન શ્રીકૃષ્ણને નિશ્છલ પ્રેમથી પ્રસન્ન કર્યા/મેળવ્યા હતા. આ તથ્યને આધાર બનાવી શ્રી વલ્લભાચાર્યજીએ **'પુષ્ટિ ભક્તિમાર્ગ'** જે સામાન્યતઃ **'પુષ્ટિમાર્ગ'**ના નામથી પ્રચલિત છે, તેનું પ્રવર્તન કર્યું છે. તે ભગવાન શ્રીકૃષ્ણને કોઈ સાધન દ્વારા નહીં, પરંતુ તેમની સ્વયંની કૃપા થાય પ્રાપ્ત કરવાનો માર્ગ છે.

(63)

The Path of Divine Grace, called PUSHTIMARG propounded by ShriVallabhacharyaji, is an unique path where a devotee expresses his unadulterated and pure selfless emotional LOVE denoted as BHAKTI, for KRUSHNA, the manifested form of the REALITY, surrendering everything, hitherto belonging to self, unto HIM, and unconditionally seeking HIS refuge, and serves HIM with utmost care and diligence, accepting HIM as HIS **master**, considering himself as HIS helpless (nissaadhan) **servant** (daas).

The motive of such **'Bhakti'** is nothing but mere a humble duty as a **'Daas',** devoid of any ego of adopting some means, advocated by scriptures, which is instrumental in **'Maryada Bhakti'.**

(૬૩)

વધુ વિચારતા સમજાયું કે શ્રીવલ્લભાચાર્યજીએ પ્રતિપાદિત/પ્રવર્તિત કરેલો **‘પુષ્ટિભક્તિમાર્ગ’** અથવા **‘પુષ્ટિમાર્ગ’** ખરેખર ભગવાનને પ્રાપ્ત કરવાનો એક અદ્‌ભુત અનોખો માર્ગ છે. તેમાં **‘પરમ તત્ત્વ’** બ્રહ્મના સાકાર સ્વરૂપ **‘શ્રીકૃષ્ણ’**ને ભક્ત પોતાનું સર્વસ્વ સમર્પણ કરી, નિઃસાધન ભાવથી તેમની બિનશર્તી **‘શરણાગતિ’** સ્વીકારે છે. તેમને પોતાના સ્વામીના રૂપમાં, અને પોતે તેનો **‘દાસ’** હોવાની નિષ્કપટ ભાવથી કબુલાત કરે છે. તદર્થે પોતાનું સહજ કર્તવ્ય સમજી, અહર્નિશ નિષ્કામ પ્રેમથી તેમની સેવા કરે છે.

આ અદ્વિતિય માર્ગના મૂળમાં ભક્તનો પોતાના **‘સર્વાત્મ ભાવ’**થી વ્યક્ત થતો હૃદયપૂર્વકનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો સર્વાધિક સ્નેહ હોય છે, જે કોઈ પણ સ્થિતિમાં ડગતો નથી. ભક્તની આવી ઉત્કટ લાગણીને જ **‘ભક્તિ’** કહેવાય છે. તેની અભિવ્યક્તિને જ શ્રીવલ્લભાચાર્યજી **‘સેવા’** કહે છે.

‘પુષ્ટિ ભક્તિમાર્ગ’ની વિશેષતા એ છે કે તેમાં **‘મર્યાદા ભક્તિમાર્ગ’**ની માફક શાસ્ત્રોક્ત સાધનોના અવલંબનની આવશ્યકતા હોતી નથી કરતું ભગવાનમાં અપૂર્વ પ્રેમ અને દાસભાવથી તેમની નિસ્પૃહ **‘સેવા’**ની મુખ્યતા છે.

શ્રીવલ્લભાચાર્યજીએ પુષ્ટિજીવોના ઉદ્ધાર માટે **‘પુષ્ટિમાર્ગ’** પ્રકટ કર્યો છે.

(64)

Having understood the concept of **'Pushti- marg'**, my curiosity was to find out as to how one should know if one is **'Pushti jiva'** eligible to adopt **'Pushti marg'** for one's deliverance ?

We learnt earlier that the **'Jivas'** of different categories have different inclinations which decides their eligibility for the particular path to be followed. Their interest reveals the fact as to which path one should adopt for achieving ultimate goal.

"Bhagwan ev Falam", i.e. 'To Realize God' is the only motive, said SriVallabhacharyaji, for **'Pushti jiva'**, who could be identified by his orientation towards adopting norms and rituals of Pushtimarg, and his interest in performing **'Naam-seva'** as well as **'Svarup seva'.**

(૬૪)

‘ભક્તિ’ તથા **‘પુષ્ટિ ભક્તિમાર્ગ’**ના તાત્પર્યને સમજ્યા પછી મનમાં સવાલ એ ઉઠ્યો કે કોઈ પણ વ્યક્તિ કેવી રીતે જાણી શકે કે પોતે **‘પુષ્ટિ જીવ’** છે, અને પોતાના ઉદ્ધાર માટે તેની **‘પુષ્ટિ માર્ગ’**ને અનુસરવાની યોગ્યતા છે?

શ્રી વલ્લભાચાર્યજીએ અગાઉ ખુલાસો કરેલો તેમ વિભિન્ન પ્રકારના જીવોની રુચિ અલગ અલગ હોય છે, જેના કારણે પ્રત્યેક જીવાત્મા જુદા જદા માર્ગે ચાલવા પ્રેરાય છે. તેમના વર્ગીકરણથી પ્રત્યેક જીવને અંતિમ ફળ (મોક્ષ ઈત્યાદિ)ની પ્રાપ્તિ માટે કયો માર્ગ યોગ્ય છે તે સમજાવ્યું છે.

શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિજીવો માટે પોતાના **‘પુષ્ટિપ્રવાહમર્યાદા ભેદ’** નામક ગ્રંથમાં **‘ભગવાનેવ ફલમ્’** કહ્યું છે અર્થાત્ ‘ભગવાન’ને મેળવવા તે જ ફલ છે. કોઈ **‘પુષ્ટિ જીવ’** છે કે કેમ તેનો નિર્ણય પુષ્ટિમાર્ગના ધારા-ધોરણ, તેને લગતી ક્રિયાઓ-શ્રીવલ્લભાચાર્યજીના ગ્રંથો સમજવાની ઉત્કંઠા, માલા-તિલક ધારણ કરવામાં તેમજ ભગવાનની નામ-સેવા કે સ્વરુપ-સેવામાં રૂચિ, ઈત્યાદિથી સ્પષ્ટ થાય છે. અર્થાત્ સમજી શકાય છે કે પ્રત્યેક વ્યક્તિને માટે **‘પુષ્ટિ માર્ગ’**નું અનુસરણ કરવું શક્ય ન હોય. તેથી જ શ્રી વલ્લભાચાર્યજીએ ખુલાસો કર્યો કે **‘જેને જે માર્ગ રુચે તે તેને માટે યોગ્ય સમજવો જોઈએ.’**

(65)

'But why should a pushti jiva have inclination for **"Bhagwad seva"** in first place?', my inquisitive mind questioned ! On going through the **'Shodash granths'**, I found a term **"Bij-bhav"**. It is explained that God has implemented a **'Seed of Bhakti'**, while choosing one as **'Pushti jiva'**. However, that seed develops only when it gets nourishment. I recollected saying **"Poshanam tad Anugrah"**. I was ashtonished - 'How logical the system works !'

ShriVallabhacharyaji has showed means to strengthen **'Bij-bhav'** in his **'Bhaktivardhini'** granth. Until one has conducive environment of **'Satsang' 'Guru-krupa'** etc. **'seed of bhakti'** remains dormant. It is in this context that **'Guru'** says-**"Gruhe sthitva sva-dharmatah"** i.e. One must perform **'Krushn-seva'** staying at one's home.

(૬૫)

'પુષ્ટિજીવ'ને ભગવાનની સેવા-કથામાં રુચિ હોય છે. એ વાતને હું વાગોળી રહ્યો હતો અને મારા મને પ્રશ્ન કર્યો – 'શા માટે ?' **પુષ્ટિજીવને જ આવી રુચી કેમ થાય ?** બુદ્ધિએ ગ્રંથ જોવાનું સૂચન કર્યું. જવાબ શ્રીવલ્લભાચાર્યજીના **'ભક્તિવર્ધિની'** ગ્રંથમાં મળી આવ્યો.

આ ગ્રંથમાં **'બીજભાવ'** દૃઢ કરવાના ઉપાય બતાવવામાં આવ્યા છે. ભગવાનમાંથી જીવ જ્યારે છુટો પડે ત્યારે તેઓ પોતાની ઈચ્છા મુજબ તેની વિભિન્ન વર્ગમાં વરણી કરે છે. જો ભગવાન તેને **'પુષ્ટિજીવ'** તરીકે જગતમાં મોકલવા ઈચ્છતા હોય તો તેમાં **'ભક્તિ'**નું બીજ રોપે છે. તેને **'બીજભાવ'** કહે છે. તેના કારણે જ તો તેને **'પુષ્ટિજીવ'** કહે છે. તેના લીધે જ તેને સેવાદિ ક્રિયામાં રુચિ ઉત્પન્ન થતી હોય છે.

પરંતુ તે ભક્તિનું બીજ ખીલે છે ત્યારે, જ્યારે તેને યોગ્ય પોષણ મળે. હવે સમજાયું કે ભાગવત **'પોષણં તદ્ અનુગ્રહ'** કેમ કહે છે ? કેટલી તર્કબદ્ધ વ્યવસ્થા છે !

શ્રીવલ્લભાચાર્યજીએ આ ગ્રંથમાં ભક્તિના બીજની વૃદ્ધિ કેમ થાય તે સમજાવ્યું છે. જ્યાં સુધી યોગ્ય પોષણ ન મળે ત્યાં સુધી તે બીજ સુષુપ્તાવસ્થામાં જ રહે છે. જ્યારે પુષ્ટિજીવને ભગવદ્ અનુગ્રહથી ગુરુ-કૃપા, સત્પુરુષનો સંગ વગેરે પ્રાપ્ત થાય ત્યારે તેમાં રહેલું **'ભક્તિનું બીજ'** ખીલવા માંડે છે. તેના ભગવદ્-ભાવની ધીરે ધીરે વૃદ્ધિ થાય છે.

(66)

The effect of the selection as 'Pushti Jiva' made by Parmatma,remains in him as **'Bij-bhav'** permanenly which culminates as 'Bhakti' in him eventually on receiving nourishments. When it gets strengthened, it implants in the form of **'Bhagvat-prem'** (love for God), and eventually grows as **'Bhagvad-asakti'** (attachment with God) and ultimately result into **'Bhagvad-vyasan'**, addiction for God. It is a state when a devotee can not remain without God. A step further culminates into what is known as **'Sarvatm-bhav'** an ultimate destination of a **'Pushti jiva'**

It is a stage of **'Liberation'**, called **'Jivan-mukti'** which a Jivatma experiences during his life itself. It is termed as **'Pushtimargiya Moksh'**.

(૬૬)

શ્રીવલ્લભાચાર્યજી **'ભક્તિ-વર્ધિની'** ગ્રંથમાં સમજાવે છે કે જ્યારે પુષ્ટિજીવના ભક્તિના બીજભાવને ભગવદ્ અનુગ્રહથી સત્સંગ-સ્વાધ્યાયનું પોષણ પ્રાપ્ત થાય છે ત્યારે તે તેના હૃદયમાં સ્થિર થઈ અંકુરિત થવા માંડે છે. ભક્તિની તે અવસ્થાને **'ભગવદ્ પ્રેમ'** કહે છે.

ધીરે ધીરે તે પ્રેમ નવ-પલ્લવિત થઈ **'ભગવદ્-આસક્તિ'**માં પ્રવર્તિત થાય છે. આ 'ભક્તિ'ની બીજી અવસ્થા છે. જેમાં તે ભગવાનને વારંવાર યાદ કરે છે. ભક્તિને ત્યારે ભગવાન સિવાય ચેન પડતું નથી હોતું.

ઉત્તરોત્તર ભક્તના પ્રેમની સ્થિતિ જ્યારે ચરમ સીમા પર પહોંચે છે, ત્યારે તેને માટે ભગવાન સિવાય એક પલ પણ રહેવું મુશ્કેલ લાગે છે. ભક્તિની આ અવસ્થાને **'વ્યસન દશા'** કહેવાય છે. તે પુષ્ટિમાર્ગીય જીવની પરમોચ્ચ અવસ્થા છે. આ અવસ્થા **'ફલરુપ'** કહેવાય છે.

આવી સ્થિતિ એ પહોંચતાં પુષ્ટિજીવમાં **'સર્વાત્મ ભાવ'** ઉત્પન્ન થાય છે. પુષ્ટિજીવની આ **'મુક્તાવસ્થા'** હોય છે. તેને **'જીવન-મુક્તિ'** કહેવાય છે, કારણ કે આવી સ્થિતિ તેને જીવન દરમ્યાન જ પ્રાપ્ત થતી હોય છે. શ્રીવલ્લભાચાર્યજી તેને જ **'પુષ્ટિમાર્ગીય મોક્ષ'**ની સંજ્ઞા આપે છે.

(67)

Love-attachment-addiction, **(Prem - Aasakti -Vyasan)** are explained in **'BhaktiVardhini-Garnth'** as the stages how 'Bhakti' grows. Then, what is the role of **'Seva'** in 'Pustimarg', my curious mind asked !

True. ShriVallabhacharyaji has emphasized the concept of **'Krushn-seva'** in his another granth, where he proclaims that **"Krushna seva sada kaarya"** i.e. to worship Krushna everytime is the prime duty of every pushti-jiva. That, he says, is his main principle, ("Sva-Siddhant")

What is more important ?, **'Bhakti'** or **'Seva'** ? Again I got puzzled ! When I tried to differentiate between the two, I learnt that **'Bhakti'** literary means **'Seva'** with emotional orientation. **'Bhakti'** means undittered - utmost love for Parmatma and 'Seva' is the expression of that Love i.e. Bhakti. As such it is necessary to have Love for Krushna first.

(૬૭)

આમ ભક્તિની ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં **પ્રેમ–આસક્તિ–વ્યસન** દશાને પ્રાપ્ત કરે છે. પરંતુ સાંભળવા મળે છે તેમ પુષ્ટિમાર્ગમાં તો **‘સેવા’**નું મહત્ત્વ છે ! તેનું તાત્પર્ય શું ? મારા વિચારશીલ મને પ્રશ્ન કર્યો. હું ફરી ગુંચવાયો !

મને યાદ આવ્યું કે શ્રીવલ્લભાચાર્યજી પોતાના બીજા એક ગ્રંથમાં કહે છે – **‘કૃષ્ણ સેવા સદા કાર્યા’**, એ મારો ‘સિદ્ધાંત’ છે. હંમેશાં–નિરંતર કૃષ્ણની સેવા કરવી જોઈએ. જો ગુરુનો તે સિદ્ધાંત હોય તો શિષ્યનું તે સ્વાભાવિક કર્તવ્ય બને છે. અર્થાત્ પ્રત્યેક પુષ્ટિજીવે **‘કૃષ્ણ સેવા’** કરવી અનિવાર્ય છે.

‘મન’ પુનઃ વિચારવા માંડ્યું – **‘ભક્તિ’** કે **‘સેવા’** ? બંનેમાંથી શું મહત્વનું ? બંને એક જ કે જુદા જુદા ? તે બેમાં તફાવત શું ? અનેક પ્રશ્નો મારા મને પૂછી નાંખ્યા.

સંશોધન કરતાં સમજાયું કે સંસ્કૃતમાં **‘ભજ’** ધાતુ પરથી **‘ભક્તિ’** શબ્દ બન્યો છે. તે સેવાના અર્થમાં જ છે. **‘ભક્તિ’** એટલે **‘ભગવાન પ્રત્યે લાગણી પૂર્વકનો અત્યધિક પ્રેમ’** હૃદયપૂર્વકના પ્રેમની અભિવ્યક્તિ **‘સેવા’** દ્વારા થાય. તદર્થ પ્રભુ પ્રત્યે પ્રેમ હોવો તે પ્રથમ જરૂરી ગણાય. જો સેવા પ્રેમપૂર્વિકા ન હોય તો તેને માત્ર **ક્રિયા** જ કહેવાય. સાચા અર્થમાં તે ‘સેવા’ ન કહેવાય. તેથી મુખ્યતા **‘સેવા’**થી વિશેષ **‘ભક્તિ’**ની છે. **‘ભક્ત્યાર્થ સેવા’** છે, **‘સેવાર્થ ભક્તિ’** નથી, એ બરાબર સમજાયું!

(68)

It is crystal clear now that what is important is the **'Love'** for **Krushna,** i.e. **'Bhakti'**, which can be expressed by performing HIS selfless **'Seva'**, with full awareness of HIS **greatness** (mahaatmya).

I recollected the episode of Lord Jagannathji who had answered four fundamental questions, one of which was regarding essential duty of a human being. HE had said - **"Karmapyekam tasya devasya seva"**, i.e. **'Krushn-seva'** is prime duty. It corroborates the main principle propounded by ShriVallabhacharyaji.

By adding word **'Sadaa'**, i.e. **always,** he emphasized that one can be said to have supreme Bhakti for Krushna, if HE (Krushna) occupies the centre stage of all the activities of a devotee. Superb, I screamed !

(૬૮)

મારા 'મન'ને હવે સંતોષ થયો. **'સેવા'** અને **'ભક્તિ'** વચ્ચે ભેદ સમજાઈ ગયો. 'કૃષ્ણ'ના માહાત્મ્યને સારી રીતે જાણી, તેમના પ્રત્યે સુદૃઢ, સર્વતોધિક સ્નેહ, તે ભક્તિ ભક્તના હૃદયમાં રહેલી તે ભક્તિ, તેમની **'સેવા'** દ્વારા પ્રકટ થાય.

મને સ્મૃતિ થઈ શ્રીવલ્લભાચાર્યજીના જીવન ચરિત્રમાં વાંચેલા પ્રસંગની. એક ચર્ચા દરમ્યાન વિવાદાસ્પદ ચાર પ્રશ્નોના ઉત્તરમાં સ્વયં ભગવાન શ્રી જગન્નાથજી એ ખુલાસો કરેલો – **'કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા'**, અર્થાત્ **'શ્રીકૃષ્ણની સેવા'** એ પ્રત્યેક જીવનું કર્તવ્ય છે. શ્રી વલ્લભાચાર્યજીની **'સેવા'** વિશેની આજ્ઞાનું મહત્ત્વ આથી સ્પષ્ટ થઈ ગયું. તેમના સિદ્ધાંત **'કૃષ્ણ સેવા સદા કાર્યા'**નું રહસ્ય હવે સમજાઈ ગયું.

છતાં મન વિચારતું રહ્યું કે શ્રી લ્લભાચાર્યજીએ અહીં 'સદા' શબ્દ શા માટે કહ્યો હશે ? શું તે સંભવ છે ? કોઈ હરસમય સેવા કેવી રીતે કરી શકે ? **'સદા'** શબ્દનું તાત્પર્ય શું હશે !

'સિદ્ધાંત મુક્તાવલિ' ગ્રંથનું વિશ્લેષણ વાંચતા ખુલાસો મળ્યો. **'ભક્તિ'** અર્થાત્ ભગવદ્ પ્રેમની પરાકાષ્ઠા ત્યારે કહેવાય જ્યારે ભક્તની પ્રત્યેક ક્રિયા **'કૃષ્ણ'**ને અનુલક્ષીને હોય. તેના સર્વ કાર્યનું કેન્દ્રબિંદુ **'કૃષ્ણ'** હોય. તેના મનમાં હંમેશાં પોતાના પ્રભુને સુખ આપવાના વિચાર ચાલતા હોય. **'સદા'** શબ્દનો મર્મ હવે સમજાઈ ગયો !

(69)

The importance of **'Bhakti'** and significance of **'sadda'** (i.e. always) is highlighted by ShriVallabhacharyaji in his yet another grantha, where he says - **"Sarvdaa sarva bhaven bhajaniyo Vrajadhipah"**, meaning Krushna must be worshipped all the while with all your sentiments. This corroborates his advice of **"Krushna-seva sadaa kaarya"**. I confessed.

The crux of these advices is that **'Krushna'** should occupy your mind all the time ! Yes ,24x7. He shoula be the central stage of all your activities.

But, we think all the time for **'I'** and **'Mine**: That is called **'Ahantaa'** and **'Mamataa'**. So long as you have such notions, We can understand that it can not be possible to concentrate on **'Krushna'** round the clock!

ShriVallabhacharyaji has a solution. He advises to perform **"Tanu-vittaja Seva"**, meaning 'Seva'- with **'our body'** and **'our belongings'**.

(૬૯)

શ્રી વલ્લભાચાર્યજીએ **'ભક્તિ'** તથા **'સદા'**નું મહત્વ તેમના એક અન્ય ગ્રંથ **'ચતુઃશ્લોકી'**માં પણ સમજાવતાં કહ્યું છે – **'સર્વદા સર્વ ભાવે ભજનીયો વ્રજાધિપઃ'** અર્થાત્ વ્રજના અધિપ (રાજા) ભગવાન શ્રીકૃષ્ણની હંમેશાં સર્વ ભાવથી સેવા કરવી જોઈએ. તેમનું આ વચન તેમના સિદ્ધાંત–**'કૃષ્ણ સેવા સદા કાર્યા'**નું અનુમોદન કરે છે. તેઓ ભગવદ્–સેવાને પુષ્ટિજીવનો **'ધર્મ પુરુષાર્થ'** બતાવે છે.

આમ સ્પષ્ટપણે સમજી શકાય છે કે પુષ્ટિજીવના જીવનમાં **૨૪×૭** સમય માટે **'કૃષ્ણ'** કેન્દ્ર સ્થાને હોવા જરૂરી છે, કારણ કે કૃષ્ણ જ તેમના જીવનનું એક માત્ર **'લક્ષ'** હોય છે.

પરંતુ, હકિકત એ છે કે આપણે **'કૃષ્ણ'** સિવાય અન્ય પદાર્થોમાં વધુ મમત્વ ધરાવતાં હોઈએ છીએ. હંમેશાં **'હું'** અને **'મારું'** તેવા વિચારોમાં રાચતા હોઈએ છીએ. તેને **'અહંતા'** અને **'મમતા'** કહેવાય છે. જ્યાં સુધી આપણામાં એ **'અહંતા–મમતા'** રહેલી હોય ત્યાં સુધી આપણે કેવી રીતે ચોવીસ કલાક **'કૃષ્ણ'**માં આપણું ચિત્ત પરોવી શકીએ ? તેના ઉપાય તરીકે શ્રી વલ્લભાચાર્યજીએ **'તનુ–વિત્તજા સેવા'** અર્થાત્ પોતાના તનથી અને પોતાના ધનથી સેવા કરવાનો નિર્દેશ કર્યો છે.

(70)

ShriVallabhacharyaji has advocated to perform **'Tanu-Vittaja"** seva to do away with one's ego in **"Self"** and "One's possessions".By serving Krushna with one's **'own body'**, his **'Ahantaa'** vanishes, and utilizing one's everything that he has acquired, or possesses viz., **family, wealth** etc, **his ego therein,** gets dissolved, his **'Mamataa'** disappears.

This makes it possible for a devotee to concentrate all his attention, to please his **'Master Krushna'**, in every respect, all the time, considering himself as HIS humble obedient servant **(Daas).**

This reflects **'True Love'** for Krushna, all the while, thinking for HIM, HIS well-being **(Tat-sukh)**. That is the concept of PUSHTI-BHAKTI according to ShriVallabhacharyaji. Wonderful philosophy, my mind conceded ! I bow down to his lotusfeet.

(૭૦)

હું વિચારવા લાગ્યો કે શ્રીવલ્લભાચાર્યજીએ **'તનુ-વિત્તજા સેવા'** કરવી જોઈએ તેમ કહેવાનું તાત્પર્ય શું હશે ? પરંતુ ગ્રંથ વાંચતા સમજાયું કે પોતાના શરીરથી સેવા કરવાથી આપણામાં રહેલો અહં, **'હું પણા'**નો ભાવ નષ્ટ થઈ જાય અને આપણા ધન-સંપત્તિ ઈત્યાદિ, જેમાં આપણી **મમતા- 'મારા પણા'**નો ભાવ રહેલો હોય છે, તે ઓગળી જાય. આપણી સમગ્ર પ્રવૃત્તિ 'કૃષ્ણ' માટે જ હોય.

કેટલો સુંદર વિચાર, આપણી **'અહંતા-મમતા'**ના ભાવને નષ્ટ કરવાનો, તે બંનેની નિવૃત્તિ થાય ત્યારે જ આપણે આપણા સ્વામી શ્રીકૃષ્ણમાં ચિત્ત પરોવી, તેમના દાસ બની, તેમની ભાવપૂર્વક સેવા કરી શકીએ.

સામાન્યતઃ આપણા અહંકારને અને આપણી ઉપલબ્ધિ અર્થાત્ પ્રાપ્તિમાં રહેલા મમત્વને ત્યજી દેવા સરલ નથી હોતા. તેથી શ્રીવલ્લભાચાર્યજીએ તેને છોડવાને બદલે તેનો **'કૃષ્ણ'**માં વિનિયોગ કરવાનો સરલ રસ્તો સૂચવ્યો છે.

'ભગવાન કૃષ્ણ' પ્રત્યે, તેમના સુખ માટે અહર્નિશ વિચારવાનો, આપણા હૃદયના ભાવોને અભિવ્યક્ત કરવાનો, આનાથી સુંદર માર્ગ કયો હોઈ શકે !

કેવી અદ્ભુત **'પુષ્ટિ-ભક્તિ'**ની સંકલ્પના શ્રીવલ્લભાચાર્યજીએ સમજાવી છે ! હું તેમના ચરણારવિંદમાં નત મસ્તક થયો.

(71)

The beauty of the concept of **"Tanu-vittaja"** seva is that -initially when a devotee performs it, it acts merely as **'Means'** (saadhan). Eventually, it culminates into **'Love for Krushna'**. It becomes his passion, first as attachment and then as Addiction. Devotee's mind gets engrossed all the while in **Krushn**. He remains concerned and conscious for HIM. There is total mental involvement of devotee with **'Krushna'**.

ShriVallabhacharyaji denotes such state as "MANASI SEVA". It is rather reward **(Fal)** of Seva. In a way, 'Seva as Means' ('saadhan rup seva') transforms into the 'Reward' ('fal rup seva') automatically- A psycological phenomenon !

It is , therefore said that, in Pushtimarg, **'Krushna-seva'** is both, Means, i.e. 'Saadhan', as well as Reward, i.e. 'Fal'.It is very significant concept in Pushtimarg for the obvious reason. wonderful !

(૭૧)

‘તનુ-વિત્તજા’ શબ્દ મારા વિચારોમાં ફર્યા કરતો હતો. તેની ખુબી મને એ જણાઈ કે જ્યારે આપણે આપણા **તન** અને **ધન**નો ઉપયોગ કરીએ ત્યારે તે માત્ર આપણી સેવાના સાધન હોય છે, પરંતુ તેમ ક્રિયાવત્ **‘સાધન રૂપ સેવા’** કરતાં કરતાં ધીરે ધીરે આપણું **‘ચિત્ત’** સેવામાં ઓતપ્રોત થવા માંડે છે. તેથી આપણા મનમાં આપણા **‘સ્વામી શ્રીકૃષ્ણ’** પ્રત્યે પ્રેમ જાગવા લાગે છે. જે ઉત્તરોત્તર **‘આસક્તિ’**નું રૂપ લે છે, અને સેવા આપણું **‘વ્યસન’** બની જાય છે.

પહેલા માત્ર ક્રિયા રૂપે કરાતી સેવા આપણી આદત બની જાય છે. તે અંતમાં જ્યારે **‘વ્યસન’**નું રૂપ ધારણ કરે છે, ત્યારે આપણું ચિત્ત **‘કૃષ્ણ’**માં પરોવાઈ જાય છે.

તેથી શ્રીવલ્લભાચાર્યજી કહે છે – **‘ચેતસ્તત્ પ્રવણં સેવા’**. આ સ્થિતિને તેઓ **‘માનસી સેવા’** કહે છે. પુષ્ટિમાર્ગમાં આવી અવસ્થાને જ **‘પરમ ફલ’** કહ્યું છે.

કેટલી સરસ યોજના ! પ્રારંભમાં કરવામાં આવતી **‘સાધન રૂપ સેવા’** અંતમાં વિના વિશેષ પ્રયત્ન કરે, **‘ફલરુપ’ ‘માનસી સેવા’**માં પરિવર્તિત થઈ જાય છે. કેટલી મનોવૈજ્ઞાનિક યોજના !

મેં વાંચેલું કે પુષ્ટિમાર્ગમાં **‘સાધન’** અને **‘ફલ’** બંને સેવા છે. પરંતુ ત્યારે આ વાક્યનો મર્મ સમજાયો ન હતો. હવે સમજાય છે કે શરૂઆતમાં માત્ર **‘સાધન રૂપ’** કરવામાં આવતી ‘તનુ-વિત્તજા’ ‘કૃષ્ણસેવા’ તેનું વ્યસન થઈ જતાં તે જ **‘ફલરુપ માનસી સેવા’** બની જાય છે. અદ્દભુત !

(72)

How that can be ?, quipped my mind?. Very difficult to digest ! What is **'Sadhan' is 'Fal'** too ! Surprising ! But, my mind could not accept. On going through granth, I found amazing explanation.

The mystery lies the in words - **"Krushna-seva sada kaarya"**. It is explained that- **"Krushna is svatah purusharth"**, meaning, **"Krushna"** is **'Means'** ('saadhan') and **'Reward'**, i.e. (fat) both. Our goal is to relish **'Krushn'** by doing HIS seva. For that 'HIS SEVA' itself is instrumental. Normally, we have to adopt some different means to obtain some reward. But Here, both are same. Exellent !

How to achieve this?, bothered my mind. Here is what our GURU Shri Vallabhacharyaji has advised - **"Gruhe sthitvaa sva-dharmatah"**. Perform **'Krushna-seva'** staying at your home, as your prime duty. While fulfilling your domestic duties. **Duty ? Why duty ?**, Mind boggled !

(૭૨)

હજી મનનું પૂરું સમાધાન થયું ન હતું. વિચારો ચાલુ રહ્યા. 'સાધન' જ **'ફલ'** કેવી રીતે બને ? બુદ્ધિ પૂછ્યા કરે. તેના ગળે વાત ઉતરતી ન હતી.

પરંતુ જ્યારે **'સિદ્ધાંત મુક્તાવલિ ગ્રંથ'**ની ટિકા વાંચી તો ખુલાસો થઈ ગયો. તેમાં સમજાવ્યું છે કે રહસ્ય **'કૃષ્ણ સેવા સદા કાર્યા'** વાક્યમાં જ છે. શ્રીવલ્લભાચાર્યજીએ **'કૃષ્ણ'**ની સેવાનો ઉપદેશ આપ્યો છે. તેનું કારણ છે કે 'કૃષ્ણ' **'સ્વતઃ પુરુષાર્થ'** છે, અર્થાત્ 'કૃષ્ણ' **'સાધન'** તેમજ **'ફલ'** બંને છે. સામાન્યતઃ કોઈક ફલ મેળવવા માટે કશાક અન્ય સાધનનો ઉપયોગ કરવો પડે છે.

આપણું લક્ષ છે કે આપણને **'કૃષ્ણ'**ને માણવા મળે. જ્યારે આપણે 'કૃષ્ણ'ની પ્રેમાત્મિકા સેવા કરીએ ત્યારે સ્વતઃ કૃષ્ણનો આનંદ પ્રાપ્ત થાય છે. અર્થાત્ **'કૃષ્ણની સેવા'** જ **'કૃષ્ણના આનંદ'** આપનારી બને છે. **અદ્‌ભુત !** મન બોલી ઉઠ્યું.

પુનઃ ચંચળ મને પ્રશ્ન કર્યો – **'કૃષ્ણ સેવા કરવી જોઈએ'**, તે સમજાણું, પણ ક્યાં કરવી ? શું કોઈ કૃષ્ણના મંદિરે જઈ કરવી ? ત્યાં કેવી રીતે થાય ?

વિચાર કરતાં **'ભક્તિવર્ધિની'** ગ્રંથમાં વાંચેલું સ્ફુરિત થયું. શ્રીવલ્લભાચાર્યજી કહે છે – **'ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ'**. પુષ્ટિજીવે પોતાના ઘરમાં રહી પોતાના પરિવાર સાથે **'સ્વધર્મ'**નું પાલન કરતાં કૃષ્ણ સેવા કરવી જોઈએ.

(73)

I searched through my own memory, which revealed that I am a **part** (amsh) of that, whole ('amshi') **Sachchidanand.** I therefore, owe an obligation to cooperate with HIM for HIS playful Sport (Lila), i.e. I must serve HIM. True, it is my prime duty ! Now I could understand the significance of the advice of SriVallabhacharyaji - **"Krushna seva sada karyaa".**

Really, I had forgotten my identity and the true nature of my 'Being'. I don't know, since how long, I have been wondering in the cycle of births and deaths. Probably since thousands of years !

I realized that I am fortunate in this birth, Since I am a human being, who has been gifted with a rational power, that can THINK and decide what is best in my own interest ! Really, it would not have been possible, but for the guidance of that Great Guru **ShriVallabhacharyaji !.**

(૭૩)

મારી વિચાર–શક્તિને કારણે મને શાસ્ત્રોમાં શોધતાં સમજાયું કે હું ‘પરમ તત્ત્વ’ **‘સચ્ચિદાનંદ બ્રહ્મ’**નો એક **‘અંશ’** છું. તે **‘અંશી’** છે. જેમ શરીરના પ્રત્યેક અંગે શરીરના સંચાલનમાં સહયોગ આપવો જરૂરી છે. તેમ જગતમાં ચાલી રહેલી પરમ પિતા પરમાત્માની અદ્‌ભુત લીલામાં મારે સહયોગ કરવો જોઈએ. તેની **(અંશી–પરબ્રહ્મ)**ની ‘સેવા’ કરવી તે મારું **(તેના અંશ તરીકે)** સહજ કર્તવ્ય છે.

હવે બરાબર સમજાય છે – સદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્યજીના ઉપદેશ – **‘કૃષ્ણ સેવા સદા કાર્યા’**નો સાચો મર્મ, તેનો ઉદ્દેશ્ય ! ‘સેવા’ જીવાત્માનો **‘સહજ ધર્મ’** છે.

સાચે જ હું ભૂલી ગયો હતો મારા વાસ્તવિક સ્વરૂપને, મારી સાચી ઓળખને. મને યાદ નથી કે કેટલા (કદાચ હજારો) વર્ષોથી હું જન્મ–મરણના ચકરાવામાં વિભિન્ન યોનિઓમાં ભટકી રહ્યો હતો.

મારા એ સદ્‌ભાગ્ય છે, કે આ જન્મ ભગવાને મને **‘મનુષ્ય’** બનાવ્યો છે. તેથી મને વિચાર કરવાની વિશેષ શક્તિ પ્રાપ્ત થઈ છે જે, અન્ય યોનિઓના જીવોને ઉપલબ્ધ નથી હોતી. તેના કારણે હું મારું હિત શેમાં છે, તે સમજીને યોગ્ય નિર્ણય લઈ શકું છું. તેથી પણ વિશેષ ભાગ્યશાળી મારી જાતને એટલા માટે માનું છું કે મને યોગ્ય માર્ગદર્શન આપનારા મહાન ગુરુ **‘શ્રી વલ્લભાચાર્યજી’** મળ્યા !

(74)

It is said that the Lord Himself had sent Shri Vallabhacharyaji on the earth for the deliverance of **'Daivi jivas'.** However, he noticed that daivi jivas have forgotten their real identify are **corrupted** (dosh-yukt) due to ignorance, and as such, how could it be possible for them to re-unite with pure (nirgun) **Brahman?**, he thought.

Once, when ShriVallabhacharyaji was seized of this problem in his mind, Lord Shri Krushna appeared before him at midnight and told him to initiate the jivas with a **hymn,** given by HIM, so that the jivas shall be absolved from the ill-effects of the faults (doshas) due to which they are corrupted.

The process is called **"Brahmsambandh mantra Diksha"**. The system is in vouge in **Pushtimarg** as an essential pre-requisite for those interested to perform 'Krushna-seva', and for that, they become entifled.

(૭૪)

‘ગુરુ’ શ્રીવલ્લભાચાર્યજીના જીવન વિશે વાંચતાં, જાણવા મળ્યું કે, તેઓ એક **‘સાધારણ મનુષ્ય’** ન હતા, પરંતુ સ્વયં **‘ભગવાનનો અવતાર’** હતાં. તેમણે ભૂતલ પર **દૈવી જીવો**, જેઓ ભગવાનથી વિખુટા પડી હજારો વર્ષોથી ભટકી રહ્યા હતા, તેમના ઉદ્ધાર માટે, તેમણે મનુષ્ય દેહ ધારણ કર્યો હતો.

જ્યારે તેમણે જાણ્યું કે તે **‘જીવો’** તો પોતાના **‘મૂલ સ્વરૂપ’**ને ભૂલી સંસારના અનેક દોષ યુક્ત બનેલા છે, તેથી તેમનો પુનઃ સંબંધ નિર્દોષ–નિર્ગુણ ભગવાન સાથે કેવી રીતે સંભવ બને ?

કહેવાય છે કે એક સમયે શ્રીવલ્લભાચાર્યજી આ પ્રકારના ચિંતનમાં મગ્ન ગોકુલ (વ્રજ)માં બિરાજતા હતા ત્યારે મધ્યરાત્રીએ સ્વયં ભગવાને તેમની સમક્ષ પ્રકટ થઈ, તેમને એક **‘ગૂઢ મંત્ર’** આવીને આજ્ઞા કરી કે **‘જે જીવોને તે મંત્ર દ્વારા દીક્ષિત કરવામાં આવશે. તેમના બધા દોષો નિવૃત્ત થઈ જશે અને તેઓ (ભગવાન) તેમનો અંગીકાર કરશે.’**

તે દીક્ષાની પ્રક્રિયાને **‘બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા’** કહેવાય છે. પુષ્ટિમાર્ગમાં આ એક **મહત્વપૂર્ણ દીક્ષા** છે, જે લેવાથી પુષ્ટિજીવને **‘કૃષ્ણ સેવા’**ની યોગ્યતા અને અધિકાર પ્રાપ્ત થાય છે.

(75)

'Brahmsambandh Mantra' is quite significant. It is a commitment of **'Self-surrender'** (Atma-nivedan) done by a devotee, to **'Krushna'**, accepting HIM as, His **Master** and declaring himself as HIS **'Daas'** - a humble servant. It is called 'SAMARPAN'.

A devotee, through Guru ShriVallabhacharyaji, (presently represented by his direct descendants), expresses unequivocally, to **Bhagwan Krushna**, that whatever hitherto, being understood as owned by him, viz, **his family, house, wealth**, etc, including **his own soul**, i.e., wherein his **"I-ness"** and **"My-ness"** are attached, were never 'his', and as such, he admits infact, that they belong to **'Krushna'** only. Thus, he surrenders to HIM in totality. He further concedes that he himself belongs to Krushna.

(૭૫)

‘બ્રહ્મસંબંધ’ મંત્ર એક પવિત્ર અને ગૂઢ, અર્થ સભર મંત્ર છે. કારણ કે તે સ્વયં ભગવાને શ્રી વલ્લભાચાર્યજીને હેતુસર આપેલો છે. તેના શબ્દો સાર ગર્ભિત છે. તેમાં જીવને પોતાની ઓળખ તેમજ તેની દશા, કે તે **‘હજારો વર્ષોથી ભગવાનથી છુટો પડેલો છે.’** બતાવી છે તે ભગવાન **‘કૃષ્ણ’**ને પોતાના આત્મા સહિત સર્વસ્વનું સમર્પણ કરવાનું નિવેદન કરે છે, અને તેમને પોતાના **‘સ્વામી’** રૂપે સ્વીકારી પોતે તેમનો **‘દાસ’** હોવાની કબુલાત કરે છે.

આ દીક્ષાની પ્રક્રિયા દ્વારા **‘પુષ્ટિજીવ’** ભગવાન કૃષ્ણને સંબોધીને કહે છે કે **‘જે પદાર્થોમાં પોતાની ‘મમતા’ જોડાયેલી છે તેવા સ્ત્રી, ઘરબાર, સંતાન આદિ પરિવાર, ધન-સંપત્તિ, આલોક તેમજ પરલોક તથા પોતાના ‘અહં’ સહિત તે તેમને સમર્પણ કરે છે અને પોતે પણ ‘કૃષ્ણ’નો છે, એમ કબુલે છે.**

આ **‘નિવેદન’** જીવ પોતાના ગુરુ શ્રી વલ્લભાચાર્યજીના માધ્યમથી હાથમાં **તુલસી દલ** લઈ શુભ સંકલ્પપૂર્વક કરે છે. તેથી તેની ગંભીરતા સમજી શકાય છે.

વર્તમાનમાં પણ **‘બ્રહ્મસંબંધ’**ની દીક્ષા શ્રી વલ્લભાચાર્યજી જ પુષ્ટિજીવને પરોક્ષમાં પોતાના વંશજ દ્વારા જેઓ ‘ગુરુદ્વાર’ રૂપ છે, આપે છે. તેથી તેની ઉપયુક્તતા તેમજ ફલદાયિતા યથાવત્ છે.

(76)

Really wonderful concept ! When one unconditionally surrenders to the omnipotent REALITY, one becomes worry-free. But, my mind questioned ! If everything, a devotee admitted as belonging to God, then, what about his own livelihood ?. How can one maintain his family ?

ShriVallabhacharyaji has given a solution. He says that, as normally, a servant lives on the things which are once consumed by the master, same formula is applicable here too. He advised that first offer everything to **Krushna**, and then as his **'prasad'**, (i.e as a Grace) one can use them, simply because one has accepted Him his **Master** and himself as HIS devoted **'Daas'.**

It is a beautiful concept of **'Samarpan'** were one does not transfer the ownership, but concedes to share the belongings between the **Master** and the **Servant.** Excellent philosophy !

(૭૬)

અત્યંત અદ્‌ભુત દાર્શનિક વિચાર છે **'બ્રહ્મસંબંધ'** દીક્ષાનો ! સર્વસામાર્થ્યવાન 'પરમ તત્ત્વ' ભગવાન શ્રીકૃષ્ણને ચરણે પોતાના સર્વસ્વનું સમર્પણ કરી તેમની બિનશર્તી શરણાગતિ સ્વીકારી **પુષ્ટિજીવ** નિશ્ચિંત બની જાય છે.

પરંતુ મારી ક્ષુદ્ર બુદ્ધિ એ પ્રશ્ન કર્યો કે, આપણે કબૂલી લઈએ કે આજ સુધી જે મારું હતું તે હવે પ્રભુનું છે, **તો પછી આપણા પોતાના નિર્વાહનું શું ?**, આપણું જીવન કેમ ચાલે !

વાત તો સાચી છે ! પણ ગુરુ શ્રી વલ્લભાચાર્યજીએ ખૂબ સરસ ખુલાસો કર્યો છે. એક તો આ લોક-પ્રસિદ્ધ **દાન**ની પ્રક્રિયા નથી, જેમાં તે લેનારની સત્તા સ્થાપિત થાય છે. આ દાનની નહીં, **'સમર્પણ'**ની પ્રક્રિયા છે. જેનું આપણે સમર્પણ કરીએ છીએ તે હકિકતમાં આપણી હતી જ નહીં, પરંતુ અજ્ઞાનવશ આપણે તેમ માની બેઠા હતા. તેથી જ તેને **'દાન'** ન કહેતાં **'સમર્પણ'** કહ્યું છે.

બીજી વાત શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે બ્રહ્મસંબંધ દીક્ષા દ્વારા આપણે ભગવાન સાથે **'સ્વામી-સેવક'**નો સંબંધ બાંધીએ છીએ.તેથી જે રીતે લોકમાં સ્વામીના ઉપયોગ/ઉપભોગ કર્યા પછી તે પદાર્થોથી સેવક પોતાના નિર્વાહ કરે છે, તેમ સમર્પિત કરેલા તમામ પદાર્થોનો **વિનિયોગ** (ઉપયોગ) ભગવાન માટે કરી તેમના પ્રસાદરૂપે આપણે કરી શકીએ છીએ. વાહ ! ખૂબ સરસ !

'દાન' અને **'સમર્પણ'**ના ભેદનો યથાર્થ સૈદ્ધાંતિક ખુલાસો !

(77)

There is yet another purpose of this great phenomenon of **'Brahmsambandh'**. We know that ShriVallabhacharyaji was concerned about the faults (doshas) of jivas, as obstacles for their re-uniting with God, as well as their deliverance.

'Brahmsambandh' absolves jivas from the ill- effect of five types of dosha which are obstruction in performing **"Krushn - seva"**, Thus one becomes entitled to perform devotional seva of **'Krushna'** as ordained by ShriVallabhacharyaji, after one is initiated with Brahmsambandh diksha.

Before this diksha, one is initiated with **"Naam Diksha"** of **'Ashtakshar Mantra"** -SHRI KRUSHNA SHARANAM MAMA", meaning one accepts the refuge - **'Sharanaagati'** of **'Shri Krushna'**, which is yet another pre-requisite to follow Pushtimarg. Vallabh-kul Achary gives this diksha to a devotee.

(૭૭)

શ્રીવલ્લભાચાર્યજીએ **'બ્રહ્મસંબંધ'** દીક્ષાનું એક અન્ય તાત્પર્ય પણ સમજાવ્યું છે. અગાઉ જોયું તેમ તેમના ભૂતલ પર પ્રાદુર્ભૂત થવાનો મૂલભૂત ઉદ્દેશ્ય **'દૈવી જીવોનો ઉદ્ધાર કરવાનો, પુનઃ તેમને ભગવાન સાથે જોડવાનો'** હતો. પરંતુ સાંસારિક માયાના કારણે તેઓ અનેક પ્રકારના દોષોથી ગ્રસ્ત થવાથી, તેમનો ભગવાન સાથે સંબંધ થવો સંભવિત ન હતું. તેમના ઉદ્ધારમાં તે દોષો બાધારૂપ હતા.

ભગવાનના વચન મુજબ **'બ્રહ્મસંબંધ'**ની દીક્ષા ગ્રહણ કરનાર ને, જે પાંચ પ્રકારના દોષો શાસ્ત્રમાં બતાવ્યા છે – **સહજ, દેશ** (સ્થળ)ના કારણે, **કાલ**ના પ્રભાવથી ઉદ્ભવતા, **સંયોગથી** તેમજ **સ્પર્શ**દોષથી ઉત્પન્ન થતાં, તે સર્વની નિવૃત્તિ થઈ જતાં, તે **'કૃષ્ણ સેવા'** કરવામાં બાધા બનતા નથી. **'બ્રહ્મસંબંધની આ ફલશ્રુતિ છે.'**

બ્રહ્મસંબંધ–દીક્ષાને **'સમર્પણ–દીક્ષા'** પણ કહેવાય છે. પરંતુ તેની પૂર્વે, **પુષ્ટિજીવે** **'શરણાગતિ'**ની દીક્ષા અર્થાત્ **'નામ–દીક્ષા'**, અષ્ટાક્ષર મંત્ર **'શ્રીકૃષ્ણઃ શરણં મમ્'** નામની લેવી જરૂરી હોય છે. કારણ કે **'શરણાગતિ'** વિના **'સમર્પણ'** સિદ્ધ થાય નહીં. આ દીક્ષા **'દીક્ષા–દાતા'** ગુરુ (વલ્લભકુળ) પાસેથી લેવામાં આવે છે. તેના દ્વારા દીક્ષા ગ્રહણ કરનાર, **શ્રીકૃષ્ણની શરણાગતિ** સ્વીકારવાનું કબૂલે છે.

(78)

The concept of **'Brahmsambandh'** is well conceived and very convincing to lead towards ultimate goal of realizing **'Krushna'**, the REALITY. But, why is it that it is obligatory for one to do **'Krushna-seva'** after taking **'Brahmsambandh'** diksha? My inquisitive mind asked !

But Shri Vallabhacharyaji has explained. Brahmsambandh is like matrimonial relationship. You tie knote with Krushna with certain vows, through a Guru, accepting HIM as your **'Swaami'**, as you say, **"I am yours"**. ('Krushn tavaasmi'). You concead to be His humble servant.

It is a sacred relationship. You establish a spiritual **'grahsthasram'**, very much similar to a **'husband-wife relation'** in mundane life.

Perfectly correct, I admitted. It is then the boundened duty of a devotee to serve **Krushna** with **Love** and **Devotion**. Amazing !

(૭૮)

‘બ્રહ્મસંબંધ’ની દાર્શનિક પૃષ્ઠભૂમિ અદ્‌ભુત અને અલૌકિક છે. તેમાં રહેલ **‘સમર્પણનો સિદ્ધાંત’** અજોડ કહી શકાય, જે આદર્શ પુષ્ટિમાર્ગીય જીવન જીવવા માટે તેમજ **‘પરમ તત્ત્વ’** ‘કૃષ્ણ’ને પ્રાપ્ત કરવાના અંતિમ ધ્યેયમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે.

આમ છતાં એમ કહેવામાં આવે છે કે બ્રહ્મસંબંધ કરનારે **‘કૃષ્ણ-સેવા’** કરવી અનિવાર્ય છે, અન્યથા આ દીક્ષા લેવાનું પ્રયોજન નથી. આનું કારણ શું હોઈ શકે ? મન વિચારવા લાગ્યું !

‘સમર્પણનો સિદ્ધાંત’ વિસ્તારથી વાંચતા સમજાયું કે **‘બ્રહ્મસંબંધ’** લૌકિકમાં જેમ પતિ-પત્ની અગ્નિની સાક્ષીએ લગ્ન સંબંધ બાંધે છે, તેમ દીક્ષા લેતી વખતે આપણે અગ્નિરૂપ **‘વૈશ્વાનર સ્વરુપ ગુરુ’**ની સમક્ષ ભગવાન સાથે સંબંધ જોડવાનો સંકલ્પ કરીએ છીએ. તેનાથી પુષ્ટિજીવનો કૃષ્ણ સાથે અલૌકિક **‘ગૃહસ્થાશ્રમ’** શરૂ થાય છે. જીવ ત્યારે કહે છે – **‘કૃષ્ણ હું તમારો છું.’** અર્થાત્ **‘કૃષ્ણ’**ને પોતાના અલૌકિક સ્વામીના રૂપમાં તે સ્વીકાર કરે છે, અને પોતે તેમનો દાસ હોવાનું કબૂલે છે.

તેથી સ્વાભાવિક છે કે જેમ લોકમાં લગ્ન ગ્રંથીથી બંધાયા પછી કન્યા માટે પતિની સેવા અનિવાર્ય કર્તવ્ય બને છે. તેમ, ‘બ્રહ્મસંબંધ’ કર્યા પછી પુષ્ટિ જીવે પ્રેમ અને ભક્તિપૂર્વક **‘કૃષ્ણ સેવા’** કરવી અનિવાર્ય ગણાય.

(79)

Such a wonderful example ! In an ordinary human life too, **'Devotion'** plays an important role, particularly in mutual relations.

I recollected the definition of BHAKTI given by Naradji, and adopted by ShriVallabhacharyaji.

It has two essential ingredients, viz., **'Mahatmya-gyan'** (awareness of greatness) of God, and **utter 'Love' for HIM.** The former prompts a devotee to seek HIS **refuge** (SHARANAGATI) and the later incites him to offer (SAMARPAN) his **everything unto God.** This eventually culminates into HIS devotional 'SEVA', explained earlier.

Thus, ShriVallabhacharyaji has built an edifice of "PUSHTIMARG" on the four closely integrated pillars of BHAKTI-SHARANAAGATI-SAMARPAN-SEVA. All are interdependent.

(૭૯)

ખૂબ સરસ ઉદાહરણ લૌકિક લગ્ન જીવનનું, જેમાં પણ આપસી સંબંધમાં **‘ભક્તિ’** (પ્રેમ) આવશ્યક હોય છે. ભગવાન સાથે ભક્તનો અલૌકિક નાતો જોડવાની અદ્‌ભુત પ્રક્રિયા !

નારદજીએ ભક્તિસૂત્રઓમાં આપેલી **‘ભક્તિ’**ની વ્યાખ્યાનું મને સ્મરણ થયું. જેનો શ્રી વલ્લભાચાર્યજીએ પણ સ્વીકાર કરી પોતાના **‘તત્વાર્થ દીપનિબંધ’** નામના ગ્રંથમાં ઉલ્લેખ કરેલો છે.

તેમાં **‘ભક્તિ’**ના બે આવશ્યક અંગ બતાવ્યા છે–એક, **‘ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન’** અને બીજું **‘તેમનામાં કદી ન ડગે તેવો સર્વાધિક સ્નેહ.’** માહાત્મ્ય–જ્ઞાન હોવાથી ભગવાનમાં **‘શરણાગતિ’** સિદ્ધ થાય અને અપૂર્વ સ્નેહના કારણે આપણે આપણું સર્વસ્વ તેમને **‘સમર્પણ’** કરી દઈએ.

લોકમાં પણ આપણે તેનો આશ્રય કરીએ જે સમર્થ હોય, અને જેમના પ્રત્યે આપણને અભૂતપૂર્વ પ્રેમ હોય તેના માટે આપણું બધું જ ન્યોચ્છાવર કરી દઈએ. તે જ વાત અહીં સમજાવી છે. ભગવાન પ્રત્યેની **‘ભક્તિ’** તેમની **‘સ્નેહાત્મિકા સેવા’**માં પરિણમે છે.

આમ શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગની ભવ્ય ઈમારત **‘ભક્તિ–શરણાગતિ–સમર્પણ–સેવા’** એ ચાર આધાર સ્થંભો પર ઉભી કરી છે.

(80)

My curious mind tried to dig into my memory to correlate the significance of and relationship of **Bhakti-Sharnagati-Samarpan-Seva.**

I remembered the concept of **'Avidya'** which adversely affect both the mental and physical well-being of a person, by false understanding of **'I-ness'** and **'My-ness'.**

ShriVallabhacharyaji has very aptly identitied the REALITY as **'Krushna'**, who is **omnipotent** and **omniscient**, yet available to any individual who unconditionally **loves** and **worships** HIM, and seek HIS **refuge** by surrendering his **'Ahantaa'** and **'Mamataa'**, HE being **'Extra-Gracious'.**

One can understand that 'SHARANAAGATI' plays very significant role to relinquish all the worries, as ShriKrushna advised Arjun in Gita.

(૮૦)

અદ્‌ભુત વિશ્લેષણ ! મેં અત્યાર સુધી જાણેલી સર્વે બાબતોને યાદ કરી. **'પરમ તત્ત્વ'**, **જીવાત્મા**, ભગવાનની **'માયાશક્તિ'** ઈત્યાદિને પુષ્ટિમાર્ગના **ભક્તિ, શરણાગતિ, સમર્પણ** અને **સેવા**ના સિદ્ધાંતના સંદર્ભમાં સમજવા બુદ્ધિએ પ્રત્યન કર્યો.

મને સ્મરણ થયું કે શ્રી વલ્લભાચાર્યજીએ સમજાવેલો **'અવિદ્યા'** અને **'વિદ્યા'**નો દૃષ્ટિકોણ કેવી રીતે **'અહંતા'** અને **'મમતા'**ના ભ્રાંતિ યુક્ત ભાવ ઉત્પન્ન કરી મનુષ્યના શારિરીક તેમજ માનસિક સ્વાસ્થ્યને અસર કરે છે ! તેની યોગ્ય ચિકિત્સા **ભક્તિ, શરણાગતિ, સમર્પણ** અને **સેવા** દ્વારા સહજ સંભવ બની શકે છે.

શ્રીવલ્લભાચાર્યજીએ ખૂબ સરસ રીતે **'પરમ તત્ત્વ'** (Reality)ના સ્વરુપને **'કૃષ્ણ'** સ્વરુપે સમજાવ્યું કે તે **'સર્વ સમર્થ,' 'સર્વજ્ઞ'** અને **'સર્વ વ્યાપ્ત'** હોવા છતાં, જે ભક્ત પોતાની **અહંતા** અને **મમતા**નું સમર્પણ કરી તેમની બિનશર્તી **શરણાગતિ** સ્વીકારી, **અનન્ય પ્રેમ–ભક્તિ** ભાવપૂર્વક તેમને ભજે છે, અહર્નિશ તેની **સેવા** કરે છે, તેને તે કૃપાળુ હોવાના કારણે પ્રાપ્ત થાય છે.

ભગવદ્ શરણાગતિ મનુષ્યને ચિંતામુક્ત બનાવે છે, તે ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આપેલા અંતિમ ઉપદેશથી સમજી શકાય છે.

(81)

I bow down to Great Guru ShriVallabhacharyaji for his acumen and deep insight to evolve a solution not only to mitigate the sufferings of a devotee but to show him a workable path which can lead him to realize the REALITY, even if he is devoid of, or unable to follow the prescribed norms or rituals and adopt means as prescribed in scriptural texts.

One is only required to consider **'ShriKrushna'** as all his **'Prusharths'**, viz., **Dharm, Arth, Kaam** and **Moksh,** and extend it further to 'HIS BHAKTI'.

Amazing !. ShriVallabhacharyaji has picked up the shruti sentence - "YAME VAISH VRUNUTE TEN LABHYA". Meaning, 'Krushna can be realized by HIS OWN GRACE'. If Krushna is pleased, HE can bestow HIS Grace on devotee. What is needed on the devotee's part, is HIS selfless 'SEVA', with 'Devotion'. Wonderful philosophy.

(૮૧)

હું ભાવ વિભોર થઈ, પુષ્ટિમાર્ગના વિચક્ષણ મહાન ગુરુ **શ્રી વલ્લભાચાર્યજી**ના ચરણાર્વિંદમાં નતમસ્તક બન્યો. તેમણે આંતરસ્ફુરણાથી ન કેવલ માનવ જીવનને ત્રિવિધ દુઃખોમાંથી મુક્ત કરવાનો આધ્યાત્મિક ઉપાય બતાવ્યો છે, પરંતુ જેઓ શાસ્ત્રોમાં વર્ણિત સાધનોથી વંચિત છે, તેવા **નિઃસાધન પુષ્ટિજીવો**ને 'પરમ ફલ' રુપ ભગવદ્ પ્રાપ્તિ કરવા માટેનો સરલત્તમ માર્ગ તેમણે પ્રવર્તિત કર્યો છે.

તદર્થ શ્રી વલ્લભાચાર્યજીએ પરમાત્મા શ્રીકૃષ્ણને મનુષ્યના જીવનના શાસ્ત્રોક્ત ચાર **પુરુષાર્થો : ધર્મ-અર્થ-કામ-મોક્ષ** રુપ બતાવ્યા છે અને તેમની નિષ્ઠામાં ભક્તિને પંચમ પુરુષાર્થ ગણાવ્યો છે.

કઠોપનિષદમાં કહ્યું છે – **''યમે વૈશ વૃણુતે તેમ લભ્ય''** અર્થાત્ **'ઈશ્વર પ્રવચન કરવાથી નથી મલતા, ન બુદ્ધિ દ્વારા તેને પ્રાપ્ત કરી શકાય છે, કે ન તો માત્ર કથાઓ સાંભળવાથી તે મળે, પરંતુ તે સ્વયં જેનું વરણ કરે, અર્થાત્ જેના પર કૃપા કરે તેને તેઓ પ્રાપ્ત થાય છે.'**

આ 'શાસ્ત્ર-વચન' છે શ્રીવલ્લભાચાર્યજીના પુષ્ટિમાર્ગના પાયામાં કૃષ્ણને મેળવી શકાય-કેવળ તેમના અનુગ્રહથી. જીવનું કર્તવ્ય છે-નિસ્વાર્થ ભાવથી તેમની ભક્તિ. **કૃષ્ણની કૃપા દ્વારા કૃષ્ણને પ્રાપ્ત કરવાનો માર્ગ – 'પુષ્ટિમાર્ગ'**. અદ્ભુત તત્વદર્શન !

(82)

That is how 'Path of Divine Grace', i.e. **"Pushti-Bhaktimarg"** or "PUSHTI MARG" as is commonly designated, came into being. It is a path that leads one to realize 'KRUSHNA' through HIS GRACE..

Infact, Pushtimarg is not merely **a sampradaay** or a **religion,** but ShriVallabhacharyaji has advocated a **'unique way of life'** which a **devotee** lives in association of **Krushna** having **inter-dependance** of **each** other, focusing **'Krushna'** at the center stage of all the activities of his life.

The beauty of this 'PATH' is that the devotee has his **'grahsthasram'** intact, he leads his normal life, for **learning, earning, marrying,** and **following all other pursuits.** yet his ultimate aim thereof, is to please KRUSHNA. He rather relishes the happenings as HIS **'Lila'**. His aim is HIS well-being **(Tat-sukh).** Though he may be involved in any work whatsoever, he has **'Krushna'** in his rememberance (Smaran). That is the crux of ShriVallabhacharyaji's advice **"Krushna seva sada kaarya".**

(૮૨)

આમ શ્રી વલ્લભાચાર્યજીએ શાસ્ત્રોના સાધનો પર અવલંબિત **‘મર્યાદા ભક્તિમાર્ગ’**થી વિલક્ષણ સ્વયં ભગવાનની કૃપાથી તેમના સાક્ષાત્કારનો સરલ માર્ગ **‘પુષ્ટિ ભક્તિમાર્ગ’** પ્રકટ કર્યો છે. જે **‘પુષ્ટિ-સંપ્રદાય’**ના નામે ઓળખાય છે.

વાસ્તવમાં, **‘પુષ્ટિમાર્ગ’**ને એક **‘સંપ્રદાય’** અથવા **‘ધર્મ’** ન કહેતાં તે તેના સ્થાપક શ્રી વલ્લભાચાર્યજીએ આપેલી **‘ભગવાન શ્રીકૃષ્ણ સાથે જીવવાની એક વિશિષ્ટ ‘જીવન-શૈલી’ કહી શકાય’**, તેમાં પરસ્પરની નિર્ભરતા રહેલી છે, અને તેના કેન્દ્રસ્થાને ‘કૃષ્ણ’ રહેલા છે. તેનો હેતુ છે- **‘કૃષ્ણ’નું સુખ અને તેમની પ્રસન્નતા.**

પુષ્ટિમાર્ગની ખુબસુરતી એ છે કે ભક્ત પોતાના **‘ગૃહસ્થ ધર્મ’**નું પાલન કરવાની સાથે એ જીવન પ્રણાલીને જીવી, જીવનનો આનંદ લઈ શકે છે. તેમાં **ભણવું, પરણવું, સંસાર ભોગવાવવો, અર્થોપાર્જન કરવું. શોખ કેળવવા**, સર્વ કાંઈ કરી શકાય છે, કશું છોડવાની વાત નથી. **શરત માત્ર** એટલી જ કે તે **‘સર્વેનું પ્રયોજન માત્ર શ્રીકૃષ્ણ, સતત્ તત્ સુખનો વિચાર.’**

જીવનમાં ઘટતી તમામ ઘટનાઓને શ્રીકૃષ્ણની **‘લીલા’** માની તેનો આનંદ લેવાનો અભિગમ અપનાવવો. સર્વ કાંઈ તેની ઈચ્છાથી જ થાય છે તેમ માની ઉદ્વેગ નહીં કરવાનો **‘કૃષ્ણ સેવા સદા કાર્યા’**નું આ છે તાત્પર્ય !

(83)

What a unique philosophical ideology Shri Vallabhacharyaji has gifted to the devotional human beings ! Irrespective of their **cast, creed** or **religion**, to realize the REALITY, bothways, within them as **'Parmatma'** and externally, as **'Bhagwan'**, as HE adopts **'Sakaar'** svarup as sweet KRUSHNA, who interacts with the devotee, by totally depending on him, for all HIS needs, may it be, to get-up in morning, to get prepared in magnificent attire, for breakfast, lunch, dinner,or to go to sleep and whatever.

Yes, that is the state of **"Maanasi seva"**, when the devotee is fully engrossed mentally in **Krushn.** That is termed as **'Nirodh'**, described in Bhagwat. And all that, without any motive ! Simply out of sheer LOVE. That is it. That is the ultimate goal of human endeavors.

(૮૩)

કેટલી અનોખી **‘દાર્શનિક વિચારધારા’** શ્રી વલ્લભાચાર્યજીએ **‘પુષ્ટિ ભક્તો’**ના કલ્યાણ માટે પ્રતિપાદિત કરી છે ! એમ કહી શકાય કે સમગ્ર માનવ જાતિના હિતમાં તેમનું આ આગવું યોગદાન છે. તેનું કારણ છે કે આ સંપ્રદાયને કોઈ પણ **વ્યક્તિ, જાતિ, વર્ણ, ધર્મ, રંગભેદ** વિના, બિના રોકટોક અપનાવી શકે છે. તેના દ્વારા સ્થાપિત પ્રણાલી મુજબ જીવન જીવી પ્રત્યેક વ્યક્તિ, પોતાની ભીતર પરમાત્મા રૂપે અને બહાર સાકાર સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણનો પ્રત્યક્ષ અનુભવ કરી શકે છે.

પોતાના સેવ્ય સ્વરૂપે **કૃષ્ણ** તેમની બધી આવશ્યકતાઓ માટે ભક્ત પર અવલંબિત રહે છે. સવારમાં જાગવું, કલેવું કરવું. વસ્ત્ર–શ્રૃંગાર ધારણ કરવાથી માંડી રાત્રી–શયન પ્રર્યંતની બધી ક્રિયાઓમાં તે ભક્તને આધીન રહે છે !

ભક્તનું ચિત્ત પણ આ સર્વે દૈનિક ક્રિયાઓ કરતાં કરતાં, ધીરે ધીરે પોતાના કૃષ્ણમાં પરોવાઈ જાય છે, જેને શ્રી વલ્લભાચાર્યજી **‘માનસી સેવા’** કહે છે. તે પછી તેનું ચિત્ત જગતના પદાર્થોમાં રમતું અટકી જાય છે.

ભક્તની આવી અવસ્થાને જ ભાગવતમાં **‘નિરોધ’** કહ્યો છે. આજ મનુષ્ય યોનિનું અંતિમ ધ્યેય શાસ્ત્રમાં બતાવ્યું છે.

(84)

AND it is not a myth, but a stunning reality, a naked truth, a proven fact. No body can explain the Divine BLISS. **One has to experience it, to believe it.** Some says - the REALITY is abstract, 'nirgun-niraakar'. But no, not at all. HE can reciprocate the devotee's wishes. He can acquire attributes. HE can bear form. HE can interact. HE can relish. HE can mould HIMSELF as per devotee's desire, Says Shri Vallabhacharyaji.

My mind is relaxed now. No more query. No more doubt. I am fully satisfied. I feel, I can realize HIM too, as many others, whose life events are part of documented history. They are 84/252 vaishnavs. The prime conditions are - **purity of heart, selfless love, determined mind,** and **total surrendering to KRUSHNA unconditionally.**

HE is just within us. Give a call relinquishing ego, AND HE will appear before us. **It was a delightful mental pilgrimage.**

MY THOUGHTS ENDED HERE.

(૮૪)

આ કોઈ ભ્રમણા કે કલ્પના નથી, એ નરી સચ્ચાઈ, વાસ્તવિક હકિકત છે. અનેક ભક્તોએ અનુભવેલું સત્ય છે. જેમ કોઈ ચાખ્યા વિના ગોળનું ગળપણ ન સમજાવી શકે, તેમ ભગવદ્ પ્રાપ્તિના દિવ્ય આનંદનું કોઈ અન્ય વર્ણન ન કરી શકે. **તેને સમજવા માટે તેનો જાતે અનુભવ કરવો પડે !**

કેટલાક દાર્શનિકનો મત છે કે પરમાત્મા **નિર્ગુણ-નિરાકાર** છે, તેનું માત્ર ધ્યાન ધરી શકાય, તેનો અનુભવ કરી ન શકાય. પરંતુ શ્રીવલ્લભાચાર્યજી કહે છે કે તે સાચું નથી.

ભગવાન ભક્તોની ભાવના પ્રમાણે પ્રતિસાદ આપે છે. તદનુસાર ભગવાન રુપ ધારણ કરી ભક્તની સમક્ષ ઉપસ્થિત થાય છે, તેને દર્શન આપે છે, તેની ઈચ્છા મુજબ પોતાને ઢાળે છે. ભાગવતમાં તેના પ્રમાણ પ્રાપ્ત થાય છે. મારા મુખ પર સંતોષની લાગણી છવાઈ ગઈ. હવે મન શાંત થયું. કોઈ પ્રશ્ન બાકી નથી રહ્યા. મને સમજાયું કે **હું પણ ‘કૃષ્ણ’ને પામી શકું છું**, માણી શકું છું, જેવી રીતે અનેક ભગવદ્ ભક્તોએ મેળવ્યા છે. ૮૪-૨૫૨ ભગદીયોના ચરિત્ર સાક્ષી છે. તદર્થ આવશ્યકતા છે - **અંતઃકરણની શુદ્ધિ, હૃદયની પવિત્રતા, નિશ્છલ પ્રેમ, અંતરની આતુરતા અને સંપૂર્ણ શરણાગતિ !** ભક્તોએ ગાયું છે-**‘કૃષ્ણ તમારી પાછળ પાછળ દોડશે.’**

તે અન્ય ક્યાયં નથી, તમારી ભીતર છે, અહંને ઓગાળી તેને સાદ પાડો, તમારી સમક્ષ પ્રકટ થશે ! **મારી વૈચારિક યાત્રા અહીં સમાપ્ત થાય છે.**

Dr. Jayendra R. Soni

AMIE, M.A., AD.Dip.Vallbhavedant, Ph.D.

Consulting Engineer-Architect-by profession; obtained post graduation degree in philosophy from Mumbai university; Gold Medalist in Vallabh Vedant, Ph.D in 'Path of Divine Grace-Philosophy and Practice', from OIUAM, and 'Comparative study of Metaphysics of Shri Vallabhacharyaji and Shri Aurobindo from Mumbai University.

અન્ય પ્રકાશનો

* પુષ્ટિ પરિચાયિકા
* પુષ્ટિ બોલપોથી (ભાગ-૧ થી ૫)
* શુદ્ધાદ્વૈત વેદાંત (ભાગ-૧ થી ૪)
* વ્રજ મોહે બિસરત નાહિ
* પુષ્ટિ ચિંતન
* પુષ્ટિ ભાવવર્ધિની
* પુષ્ટિ-વિમર્ષ
* વાલ્લભ વિચારધારા
* વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન અને ધર્મદર્શન
* શ્રી વલ્લભ પ્રતિ પાછા વળીયે

આગામી પ્રકાશનો

* ભાગવત ચિંતન
(નિબંધ એવમ્ સુબોધિનીજીના આધારે)
* વેદાંત વિચાર – વાલ્લભ દૃષ્ટિકોણ
* વલ્લભ ચિંતનીકા
* પુષ્ટિ રત્નકણિકા
* ભાગવત ચિંતનીકા
* શ્રી વલ્લભાચાર્યજી અને મહર્ષિ અરવિંદ
દાર્શનિક વિચારોની સમાનતા

KHUSHI MULTI PRINTS
A'bad. Ph. 09227504555